# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-315 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

29 SEPTEMBER-2026 TUESDAY





પેજ-08

કશ્મીરાએ કહ્યું- 'કો-સ્ટારને અંગત વાતોની ખબર કેવી રીતે પડી? હું મામી સાથે....



પેજ-09

સારા નિર્ણયો ભૂલાવી દેવાશે એક ભૂલ યાદ રહેશે....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 24.00 |
| વડોદરા | 34.00 | 24.00 |
| સુરત | 33.00 | 24.00 |


પેજ 5 — PVRમાં ફિલ્મ મોડી શરૂ થતા ₹75 હજારનો દંડ....



મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે નેતન્યાહૂ અબુ ધાબીમાં.... — પેજ 10




.....સુવિચાર.....

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!

## સેન્સેક્સ ૭૩,૦૦૦ પોઈન્ટથી નીચે સરકીને 30 માર્ચ બાદના સૌથી નીચલા સ્તરે

# શેરબજારમાં ૬ મહિનામાં સૌથી મોટો કડાકો

(એજન્સી) મુંબઈ । તા. 28

સેન્સેક્સમાં લગભગ 6 મહિનામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 73,000 પોઈન્ટથી નીચે બંધ થયો, જે 30 માર્ચ પછીનો સૌથી નીચો સ્તર છે. આ ઘટાડાને કારણે રોકાણકારોને 8 લાખ કરોડનું નુકસાન થયું છે. સોમવારે ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વધતા તણાવને કારણે તેલના ભાવ અને બોન્ડ યીલ્ડમાં વધારો થયો, જેના કારણે રોકાણકારો ગભરાઈ ગયા, જેના કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં 1.6%નો ઘટાડો થયો. આ ઘટાડાને કારણે 30 માર્ચ પછી પહેલી વાર સેન્સેક્સ 72,000 પોઈન્ટ સુધી પહોંચ્યો. આ લગભગ 6 મહિનામાં શેરબજારમાં સૌથી મોટો ઘટાડો દર્શાવે છે. શેરબજારના ડેટા અનુસાર,

**માત્ર ૬ કલાકમાં રોકાણકારોના ₹૮ લાખ કરોડ ડૂબ્યા**

સેન્સેક્સ 1,124 પોઈન્ટ ઘટીને 72,800 ની નીચે બંધ થયો, જ્યારે નિફ્ટી 50 360 પોઈન્ટથી વધુ ઘટીને 22,800 ની નજીક બંધ થયો. આ વેચાણને કારણે, BSE પર લિસ્ટેડ કંપનીઓનું કુલ બજાર મૂડીકરણ લગભગ 8




લાખ કરોડ રૂપિયા ઘટીને લગભગ 474 લાખ કરોડ રૂપિયા થઈ ગયું. સેન્સેક્સમાં 30 માંથી 29 કંપનીઓના શેર નુકસાન સાથે બંધ થયા. બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો L&T અને પાવર ગ્રીડના શેરમાં જોવા મળ્યો, જે લગભગ 3% ઘટ્યો. અદાણી પોર્ટ, HDFC બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને SBIના શેરમાં 2% થી વધુ ઘટાડો થયો. આ વલણથી વિપરીત, ઈન્ફોસિસ એકમાત્ર એવો શેર હતો જે વધારા સાથે બંધ થયો. બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી, જેમાં નિફ્ટી સ્મોલકેપ 100 અને નિફ્ટી મિડકેપ 100 સૂચકાંકો લગભગ 2% ઘટ્યા. બજારની અસ્થિરતાનું માપદંડ ગણાતો ઈન્ડિયા VIX લગભગ 12% વધીને 14 પર બંધ થયો. બધા ક્ષેત્રીય સૂચકાંકો નીચા સ્તરે બંધ થયા, જેમાં નિફ્ટી પીએસયુ બેંક 3% થી વધુ અને નિફ્ટી રિયલ્ટી 2% થી વધુ ઘટ્યા. નિફ્ટી ઓટો, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસીસ, નિફ્ટી એફએમસીજી, નિફ્ટી મેટલ, નિફ્ટી પ્રાઈવેટ બેંક અને નિફ્ટી રિયલ્ટી 1-2% ઘટ્યા. એકંદર બજાર સેન્ટિમેન્ટ મોટાભાગે નકારાત્મક રહ્યું. એનએસઈ પર, 2,716 શેર ઘટ્યા, જ્યારે 869 શેર વધ્યા, જ્યારે 91 શેર યથાવત રહ્યા.

# દિલ્હીમાં મહિલા સુરક્ષા સામે સવાલ

## ૨૦ દિવસમાં ૧૩ બળાત્કારના કેસ નોંધાયા
## દિલ્હી-એનસીઆર પોલીસ સામે સુપ્રીમ કોર્ટે સખ્ત

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

સપ્ટેમ્બરથી, દિલ્હી-એનસીઆરમાં બળાત્કાર અને જાતીય હુમલાના ૧૩ કેસ નોંધાયા છે, જેમાં સગીરોનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે સ્વતઃ નોંધ લીધી અને સુરક્ષા, સીસીટીવી, પેટ્રોલિંગ અને જવાબદારી પર ભાર મૂક્યો. સપ્ટેમ્બરની શરૂઆતથી દિલ્હી-એનસીઆરમાં બળાત્કાર અને જાતીય હુમલાના ઓછામાં ઓછા ૧૩ કેસ નોંધાયા છે, અને આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. આ કેસોમાં મહિલાઓ અને સગીરો બંનેનો સમાવેશ થાય છે. આસ્થા કુંજ પાર્કમાં ૧૭ વર્ષની છોકરી પર કથિત ગેંગરેપ અને ચાલતી સ્લીપર બસમાં સગીર પર કથિત જાતીય હુમલા જેવા તાજેતરના કેસોએ સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા કર્યા છે.આ ઘટનાઓ વચ્ચે, સુપ્રીમ કોર્ટે સોમવારે સ્વતઃ નોંધ લીધી અને સ્વતઃ કેસ



નોંધવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે જણાવ્યું હતું કે નબળી લાઈટિંગ, દેખરેખનો અભાવ અથવા પેટ્રોલિંગના અભાવને કારણે જાહેર સ્થળોને મહિલાઓ અને બાળકો માટે જોખમી બનવાની મંજૂરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે આ ઘટનાઓને ફક્ત અલગ અલગ ગુનાઓ તરીકે ગણવાને બદલે જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા સાથે સંબંધિત મોટા મુદ્દાઓ તરીકે જોયા.


### નિર્ભયાના 14 વર્ષ પછી પણ સુરક્ષા અંગેના પ્રશ્નો ચાલુ છે

કોર્ટે જણાવ્યું હતું કે ઘટનાઓ પછી માત્ર ચિંતા વ્યક્ત કરવી પૂરતું નથી; જવાબદારી નક્કી કરવા અને ગુના અટકાવવા માટે નક્કર પગલાં લેવા જરૂરી છે. કોર્ટે 2012 ના નિર્ભયા કેસનો પણ ઉલ્લેખ કર્યો. જસ્ટિસ પારડીવાલાએ કહ્યું, '2012 ના નિર્ભયા કેસ સાથે પીડાદાયક સરખામણી કર્યા વિના કોઈ રહી શકે નહીં, જે પ્રશ્ન ઉઠાવે છે કે ત્યારથી દાયકામાં કાયદા અમલીકરણ પ્રણાલીમાં કોઈ અર્થપૂર્ણ પ્રગતિ થઈ છે કે કેમ.'

## ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલને સુપ્રીમ કોર્ટમાં બઢતી



અમદાવાદ | 28 સપ્ટેમ્બર, 2026 ના રોજ યોજાયેલી સુપ્રીમ કોર્ટ કોલેજિયમની બેઠકમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલને ભારતની સર્વોચ્ચ અદાલત ના જસ્ટિસ તરીકે પદોન્નત કરવાની ભલામણ કરવામાં આવી છે. મૂળ અલ્હાબાદ હાઈકોર્ટના જજ જસ્ટિસ સુનિતા અગ્રવાલે જુલાઈ 2023 માં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા હતા. તેઓ ગુજરાત હાઈકોર્ટના ઈતિહાસમાં ચીફ જસ્ટિસ પદ સંભાળનારા બીજા મહિલા જજ બન્યા હતા. 1989 માં અવધ યુનિવર્સિટીમાંથી લો ની ડિગ્રી મેળવ્યા બાદ, તેમણે 1990 માં એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી અને અલાહાબાદ હાઈકોર્ટમાં સિવિલ તથા બંધારણીય ક્ષેત્રે દીર્ઘ સમય સુધી વ્યાપક પ્રેક્ટિસ કરી હતી.



## આગ્રામાં ચૂંટણી કમિશનરના ઘર બહાર વિરોધ



(એજન્સી) આગ્રા । તા. 28

આગ્રામાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના પૈતૃક ઘરની બહાર વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં પોલીસે બે લોકોની ધરપકડ કરી છે. આરોપીઓ, અનિલ યાદવ અને મુકેશ ધંગર, દિલ્હી ભાગી રહ્યા હતા. પોલીસે તેમનો પીછો કરીને ધરપકડ કરી હતી. આગ્રામાં મુખ્ય ચૂંટણી કમિશનરના પૈતૃક નિવાસસ્થાને થયેલી અશાંતિના સંદર્ભમાં, પોલીસે હરિપર્વત પોલીસ સ્ટેશનમાં બીએનએસ એક્ટ હેઠળ કેસ નોંધ્યો હતો અને દિલ્હી ભાગી રહેલા અનિલ યાદવ અને મુકેશ ધંગરની ધરપકડ કરી હતી. પોલીસ ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે, અને આગ્રા પોલીસે ચેતવણી આપી છે કે વિરોધ કરવો એ અધિકાર છે, પરંતુ રહેણાંક વિસ્તારમાં અરાજકતા સામે કાયદેસરની કાર્યવાહી થશે.સોમવારે આગ્રામાં કોંગ્રેસના કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું, તેમના વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને મુખ્ય દ્વાર અને દિવાલને સ્પ્રે પેઈન્ટથી બગાડી હતી. કોંગ્રેસ અને સંલગ્ન સંગઠનો સહિત વિરોધીઓ સવારે મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને કુમારના વિજય નગર નિવાસસ્થાનની બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમણે ઘરની બહાર સ્ટીકરો અને પેમ્ફલેટ પણ ચોંટાડ્યા હતા.




### ગાંધીનગર મનપા ચૂંટણીમાં લોકતંત્રની હત્યા: ડૉ.કરન બારોટ, પ્રદેશ મુખ્ય પ્રવક્તા AAP

# AAP ના વોર્ડ નંબર 5 ના ઉમેદવાર જીતેન્દ્રભાઈ ચૌહાણનું ફોર્મ ખોટી રીતે રદ કરવામાં આવ્યું: ડૉ.કરન બારોટ AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટે એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે અમે ગાંધીનગર ખાતે સ્ક્રુટિની માટે ઉમેદવારોની સાથે કલેક્ટર કચેરી આવ્યા હતા. તો અહીંયા આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર 5 ના ઉમેદવાર જીતેન્દ્રભાઈ ચૌહાણનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. આ ફક્ત રાજકીય કારણોના લીધે ફોર્મ રદ કરવામાં આવી રહ્યું છે. જે દિવસે જીતેન્દ્રભાઈએ ફોર્મ ભર્યું એ દિવસે તમામ ડોક્યુમેન્ટ હતા અને અમે તમામ ડોક્યુમેન્ટ સાથે ફોર્મ ભર્યું છે એની રસીદ લઈને નીકળ્યા હતા. જો કોઈ પણ વસ્તુની ઉણપ હોય કે કમી હોય તો ખાતરી ફોર્મમાં એ લોકો જણાવતા હોય છે કે અથવા તો એ કોઈ નોટિસ આપવી પડતી હોય છે. એ સમયે તેમણે મેન્ડેટ વિશે કોઈ વાત કરી ન હતી અને આજે કહી રહ્યા છે કે ફોર્મ ભર્યું એ સમયે મેન્ડેટ હતું નહીં અને જીતેન્દ્રભાઈનું ફોર્મ રદ થશે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, જો તમને લાગતું હતું તો તમે અત્યારે પણ નોટિસ આપી શકતા હતા પરંતુ તમે એવું ન કર્યું કારણ કે તમામ કોશિશો થઈ રહી છે કે આમ આદમી પાર્ટીના ઉમેદવારો ચૂંટણી લડે જ નહીં કારણ કે કોંગ્રેસના ઉમેદવારો જો લડશે અને જીતશે તો એ તો ભાજપમાં જતા રહેશે, એવું સેટિંગ છે પરંતુ આમ આદમી પાર્ટીવાળા આવું સેટિંગ કરતા નથી. અને આ કારણોસર અમારા એક ઉમેદવારનું ફોર્મ રદ કર્યું છે અને બીજા એક ઈન્ડિપેન્ડન્ટ ઉમેદવારનું ફોર્મ પણ રદ કર્યું છે. જો ભાજપે આ જ રીતે ચૂંટણી જીતવી હોય તો અમે કહી રહ્યા છીએ કે ચૂંટણી જ રદ કરી નાખો અને ભાજપના બધા ઉમેદવારોને વિજેતા જાહેર કરી દો. આ રીતે ચૂંટણી થશે તો એ લોકતંત્રની હત્યા છે એવું અમારું માનવું છે. ભાજપ પાસે ઈડી છે, સીબીઆઈ છે અને હવે ઈલેક્શન કમિશન પણ શંકાના દાયરામાં છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારોને યોગ્ય તક આપવામાં નથી આવતી. જે લોકો સામાન્ય અને ગરીબ પરિવારમાંથી આવે છે અને જીતેન્દ્રભાઈ જેવા પ્રજાની સેવા કરવાવાળા લોકોના જો ફોર્મ રદ થતા હોય તો મને લાગે છે.

# ૧૮% અછતે મહારાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર થઈ શકે તો ગુજરાત સરકાર ચૂપ કેમ? : મનોજ સોરઠીયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ગઈકાલે મહારાષ્ટ્રની અંદર માત્ર ૧૮ ટકા જેટલી વરસાદની અછત હોવા છતાં, ૨૦૦થી વધારે તાલુકાઓની અંદર મહારાષ્ટ્રની સરકારે દુષ્કાળ જાહેર કર્યો. જ્યારે ગુજરાતની અંદર ગઈકાલે મુખ્યમંત્રી (CM)ની પ્રેસ કોન્ફરન્સ હતી, ત્યારે આખા ગુજરાતને, ખાસ કરીને સૌરાષ્ટ્રના ઘણા બધા જિલ્લાઓના ખેડૂતોને રાહ હતી કે મુખ્યમંત્રી આજે પ્રેસ કોન્ફરન્સ કરે છે તો ગુજરાતમાં દુષ્કાળની જાહેરાત થશે.

હવે તો ચોમાસું પણ પૂરું થઈ ગયું છે અને ચોમાસા પછી ઘણા બધા વિસ્તારોના ખેડૂતો સરકારી સર્વેની રાહ જોઈને બેઠા છે. એવા સમયે જો મહારાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર થઈ શકતો હોય, તો ગુજરાત સરકાર નિર્ણય કેમ અટકાવીને બેઠી છે? ગુજરાત સરકાર ખેડૂતોને આત્મહત્યા કરવા તરફ ધકેલી રહી છે. ગુજરાત સરકારને એવું લાગે છે કે ખેડૂતોને સહાય નહીં આપીએ તો ચાલશે, પરંતુ ખેડૂતોનું જીવન નરક બનાવવાની કોશિશ ભારતીય જનતા પાર્ટી કરી રહી છે.


મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ફરીથી આમ આદમી પાર્ટી સરકારને વિનંતી કરે છે અને સતત સરકારનું ધ્યાન દોરતી આવી છે. આ મુદ્દે આંદોલનો કર્યા, સત્યાગ્રહ કર્યો અને ગામેગામ જઈને ફોર્મ પણ ભરાવ્યા છે.

આગામી બીજી તારીખે ગાંધીનગર ખાતે અમે મુખ્યમંત્રીને ફરીથી એ વાતનું ભાન કરાવવા માટે જઈ રહ્યા છીએ કે ગુજરાતના જે દુષ્કાળગ્રસ્ત ક્ષેત્રો છે, તેમને તેમનો અધિકાર મળે. ગુજરાતના તમામ ખેડૂતો જે પોતાના હકની રાહ જોઈને બેઠા છે, તેમને અધિકાર મળે, રાજ્યમાં દુષ્કાળ જાહેર થાય જેથી રાહતના કામો શરૂ થઈ શકે.

### આ ચૂંટણી ખેડૂતો માટે દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથેની ચૂંટણી છે: ઈસુદાન ગઢવી

# ભાડથર જિલ્લા પંચાયતની ચૂંટણી ખેડૂતોના હકની લડાઈ છે, આ કોઈ સામાન્ય પેટાચૂંટણી નથી: ઈસુદાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે હમણાં દુષ્કાળની હાલત દરમિયાન દુષ્કાળનો 'દ' પણ ન બોલનાર એક પાર્ટીના નેતાઓ અત્યારે પક્ષીઓ બાજરાના ખેતરોમાં ઉતરી આવે છે એમ ભાડથર જિલ્લા પંચાયતની સીટની ચૂંટણીમાં ઉતરી આવ્યા છે. જાતિ-જ્ઞાતિના આગેવાનો આવી ગયા, વેવાઈઓને મોકલ્યા, સગા સંબંધીઓ અને કોન્ટ્રાક્ટરોને પણ મોકલ્યા છે, કારણ કે એ લોકો ફક્ત ગમે તેમ કરીને ભાડથર જિલ્લા પંચાયતની સીટ જીતવા માંગે છે, એ લોકો એવી વાતો કરે છે કે "આપણી આબરૂનો સવાલ છે.." એ લોકો પર મને એટલી દયા આવે છે, ક્યાં સુધી તમે લોકોને ભરમાવશો? એક પોન્ઝી સ્કીમ આવતી હતી એમાં એકના ડબલ કરવાની વાત હતી અને એમાં લોકો પોતાના સગાઓને ખેંચી લાવતા હતા અને જ્યારે પોન્ઝી સ્કીમ ઉઠી જાય ત્યારે લોકો પોતાના એજન્ટ પકડવા જાય તો એ પોતાનો મામાનો કે કાકાનો દીકરો હોય કે ભાઈ હોય છે. આવી સ્થિતિ અત્યારે ભાડથર જિલ્લા પંચાયતની સીટ પર જોવા મળી રહી છે.



- દુષ્કાળનો 'દ' પણ ન બોલનાર એક પાર્ટીના નેતાઓ અત્યારે બાજરાના ખેતરોમાં પક્ષીઓ ઉતરી આવે છે એમ ભાડથર જિલ્લા પંચાયતની સીટની ચૂંટણીમાં ઉતરી આવ્યા છે: ઈસુદાન ગઢવી
- ભાડથરની સીટમાં આમ આદમી પાર્ટીને જીતાડવી પડશે અને ભાજપને હરાવવું પડશે, જો આવું થશે તો બીજા દિવસે આ લોકો દુષ્કાળ જાહેર કરશે: ઈસુદાન ગઢવી
- ખેડૂતો તમને ગામમાં ઘુસવા નહોતા દેતા એટલા માટે તમે ડોક્ટર સાહેબના નામનો ઉપયોગ કરો છો જે યોગ્ય નથી: ઈસુદાન ગઢવી
- જે લોકો ભાડથર કે ખંભાળિયામાં સક્રિય કાર્યકર્તા તરીકે કામ કરવા માંગતા હોય એ લોકો પોતાના નામ અને નંબર મારા પર્સનલ ઈનબોક્સમાં મોકલે: ઈસુદાન ગઢવી

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, હું ખેડૂતોને અપીલ કરવા માગું છું કે આ ખેડૂતોના હકની લડાઈની ચૂંટણી છે, આ કોઈ સામાન્ય પેટા ચૂંટણી નથી. આ ચૂંટણી ખેડૂતો માટે દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથેની ચૂંટણી છે. જો દુષ્કાળ જાહેર કરાવવો હોય તો ભાડથરની સીટમાં આમ આદમી પાર્ટીને જીતાડવી પડશે અને ભાજપને હરાવવું પડશે, જો આવું થશે તો બીજા દિવસે આ લોકો દુષ્કાળ જાહેર કરશે. જો આ લોકો ફરીથી જીતી ગયા તો એ કહેશે કે "લોકોને કોઈ તકલીફ નથી.." માટે આ ચૂંટણી ખેડૂતોની એકતાની ચૂંટણી છે. જીઆઈડીસી, જીપીસીબીના કોઈના ચેરમેન નથી, જો તમને એટલી જ પીડા હોય ડોક્ટર સાહેબની તો ચેરમેન બનાવી દો. ખેડૂતો તમને ગામમાં ઘુસવા નહોતા દેતા એટલા માટે તમે ડોક્ટર સાહેબના નામનો ઉપયોગ કરો છો જે યોગ્ય નથી. જે લોકો ભાડથર કે ખંભાળિયામાં સક્રિય કાર્યકર્તા તરીકે કામ કરવા માંગતા હોય એ લોકો પોતાના નામ અને નંબર મારા પર્સનલ ઈનબોક્સમાં મોકલે, મારી વિનંતી છે કે મારી ટીમમાં આપ જોડાઓ.

# સરકાર દુષ્કાળ જાહેર નહીં કરે તો ખેડૂતોને સાથે રાખી ઉગ્ર લડત આપીશું : હેમંત ખવા, AAP

**મહારાષ્ટ્રમાં ઓછા વરસાદે દુષ્કાળ જાહેર થયો, તો ૫૦% ઘટ છતાં ગુજરાત સરકાર ચૂપ કેમ? : હેમંત ખવા, AAP**



અમદાવાદ | આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્રના ખેડૂતોના હિતમાં અછતગ્રસ્ત જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. ત્યાં માત્ર ૧૮ ટકાથી લઈને ૪૦ ટકા જેટલી જ વરસાદની ઘટ છે, જ્યારે ગુજરાતમાં હાલમાં ૫૦ ટકાથી પણ વધુ વરસાદની ઘટ છે, છતાં પણ ગુજરાત સરકાર દ્વારા આ અંગે એક પણ યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. ખેડૂત સંગઠનો દ્વારા સતત અછતગ્રસ્ત જાહેર કરવા અને ખેડૂતોને રાહત આપવાની માંગ કરવામાં આવી રહી છે. વિધાનસભાના ફ્લોર ઉપર પણ એક જવાબદાર વિપક્ષ તરીકે સુકાયેલો પાક લઈને, ઘોર નિંદ્રામાં સૂતેલી સરકારને જગાડવાના પ્રયત્નના ભાગરૂપે, અમે સૌએ ત્યાં પણ દેખાવો કર્યા અને વહેલામાં વહેલી તકે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી માંગ કરી હતી.

AAP ધારાસભ્ય હેમંત ખવાએ વધુમાં જણાવ્યુ હતુ કે પરંતુ આ સરકારના મંત્રીઓ દ્વારા એવા ઉડાઉ જવાબો આપવામાં આવ્યા કે હજી પણ વરસાદ પડવાની શક્યતાઓ છે. પરંતુ ૪૫ દિવસ સુધી વાવેતરમાં એક પણ ટીપું વરસાદ ન પડવાના કારણે પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે, ત્યારે ગુજરાત સરકાર પણ આ અંગે વહેલામાં વહેલી તકે યોગ્ય નિર્ણય લે. જો આગામી સમયની અંદર દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં નહીં આવે તો ખેડૂતોને સાથે રાખીને આ ઘોર નિંદ્રામાં સૂતેલી સરકારને જગાડવાના તમામ પ્રયત્નો કરવામાં આવશે.

## News Brief

### અમદાવાદ મનપાને ₹12 કરોડનો ફટકો

# ફેક્ટરીઓના કેમિકલથી ગટર લાઈનો અને મશીનરી ખવાઈ ગઈ, પીરાણા STP પ્લાન્ટ ડેમેજ



અમદાવાદ | અમદાવાદ શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમો દ્વારા ગેરકાયદેસર રીતે છોડવામાં આવતા જ્વલનશીલ અને ઝેરી કેમિકલયુક્ત પાણીના કારણે ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટો ફટકો પડ્યો છે. બહેરામપુરા, દાણીલીમડા અને પીરાણા નજીક આવેલી ફેક્ટરીઓમાંથી બેરોકટોક વહેવડાવાતા એસિડિક પ્રવાહીને લીધે પીરાણા સ્થિત 180 એમએલડી (MLD) ક્ષમતા ધરાવતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ની ભારે મશીનરીઓ ખવાઈ ગઈ છે. આ અત્યાધુનિક મશીનરીઓ સદંતર બગડી જતાં તેને બદલવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને (AMC) હવે પ્રજાની તિજોરીમાંથી 12 કરોડનો તોતિંગ ખર્ચ કરવો પડે તેવી નોબત આવી છે.

AMC ઈજનેર ખાતાના આધારભૂત સૂત્રો મુજબ, શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા ઔદ્યોગિક એસ્ટેટમાંથી અનેક એકમો કેમિકલયુક્ત ઝેરી પાણીને પ્રાથમિક ટ્રીટમેન્ટ આપ્યા વગર જ છૂપા ગટર જોડાણો મારફતે મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ડ્રેનેજ લાઈનમાં ઠાલવી રહ્યા છે. નારોલ, દાણીલીમડા અને બહેરામપુરા પંથકમાં 400થી વધુ ફેક્ટરીઓ ધમધમી રહી છે. આ ફેક્ટરીઓ પોતાના દસ્તાવેજોમાં એવો દાવો કરે છે કે તેઓ પાણીને ઈટીપી (ETP) પ્લાન્ટમાં ટ્રીટ કરીને જ છોડે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ડ્રેનેજ લાઈનોમાં હજુ પણ ભારે કેમિકલયુક્ત પ્રવાહી વહી રહ્યું છે.

સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માત્ર સામાન્ય ઘરેલું ગટરના પાણીને શુદ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ ઔદ્યોગિક કેમિકલયુક્ત એસિડિક પાણી સતત આવવાના કારણે પમ્પિંગ સ્ટેશનના મોટરો, વાલ્વ અને પાઈપો સંપૂર્ણપણે ક્ષાર અને કાટ લાગવાથી ખવાઈ ચૂક્યા છે. 180 MLD ના પ્લાન્ટમાં 12 કરોડનો ખર્ચ કર્યા બાદ પીરાણા ખાતેના અન્ય 155 MLD પ્લાન્ટની પમ્પિંગ મશીનરી પણ બદલવામાં આવશે. આ સિવાય વાસણા એસટીપી પ્લાન્ટની મશીનરી પહેલેથી જ ડેમેજ થઈ ગઈ હોવાથી બદલવી પડી છે, જ્યારે આગામી દિવસોમાં વિંઝોલ ખાતે આવેલા પમ્પિંગ સ્ટેશનમાં પણ આ જ પરિસ્થિતિને પગલે સાધનો બદલવાની કવાયત હાથ ધરાશે.

ઉદ્યોગો દ્વારા થતા ગેરકાયદે પ્રદૂષણને અટકાવવાની સીધી જવાબદારી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) અને એએમસીના ઈજનેર વિભાગની છે. તેમ છતાં વર્ષોથી આ સમગ્ર કાળો કારોબાર ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. તંત્ર દ્વારા માત્ર કાગળ પર નોટિસો ફટકારી સંતોષ માની લેવાતો હોવાથી અને અધિકારીઓની મિલીભગત હોવાની ચર્ચાઓ વચ્ચે આ બેદરકારીનો મોટો આર્થિક બોજ હવે શહેરના કરદાતા નાગરિકોના માથે લાદવામાં આવી રહ્યો છે. પ્રદૂષણ ફેલાવતા મૂળ કારખાનેદારો સામે કડક ફોજદારી કાર્યવાહી કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થયું છે.

### શામળાજી યાર્ડ ખાતે નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવશે

અમદાવાદ | ઉત્તર પશ્ચિમ રેલ્વેના અજમેર ડિવિઝનના ઉદયપુર-હિંમતનગર સેક્શન પર શામળાજી-ન્યૂ મોડાસા નવી રેલ લાઈન પ્રોજેક્ટના ભાગ રૂપે, શામળાજી યાર્ડ ખાતે લાઈન 02 અને 03 વચ્ચે ક્રોસઓવર સ્થાપિત કરવા માટે નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્યને કારણે, કેટલીક ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવશે. વિગતો નીચે મુજબ છે: ટ્રેન નં. ૧૯૮૨૨ કોટા-અસારવા એક્સપ્રેસ – ૨૯ સપ્ટેમ્બર અને ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ઉદયપુર-અસારવા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. ટ્રેન નં. ૧૯૮૨૧ અસારવા-કોટા એક્સપ્રેસ – ૩૦ સપ્ટેમ્બર અને ૩ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ અસારવા-ઉદયપુર વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. ટ્રેન નં. ૦૧૯૦૫ કાનપુર-અસારવા સ્પેશિયલ – ૨૮ સપ્ટેમ્બર અને ૫ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ઉદયપુર-અસારવા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. ટ્રેન નં. ૦૧૯૦૬ અસારવા-કાનપુર સ્પેશિયલ – ૨૯ સપ્ટેમ્બર અને ૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ અસારવા-ઉદયપુર વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.નિયમિત ટ્રેન : ટ્રેન નં. ૬૯૨૪૩ અસારવા-ચિત્તોડગઢ મેમુ ૪ સપ્ટેમ્બર અને ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ રૂટ પર ૦૧ કલાક માટે નિયમન કરવામાં આવશે. ૦૫ ઓક્ટોબર ૨૦૨૬.રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ મુસાફરી કરતા પહેલા નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ (NTES) પર તેમની ટ્રેનના સંચાલન, રૂટ અને સ્ટોપેજ અંગેની નવીનતમ માહિતી તપાસે.

### કલોલ-કડી રેલખંડ વચ્ચે આવેલા રેલવે ફાટક નં. 17 અને 15 ઓવરહોલિંગ કાર્ય માટે બંધ રહેશે



અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કલોલ-કડી રેલખંડ વચ્ચે આવેલા રેલવે ફાટક નં. 17 અને 15 ઓવરહોલિંગ તથા રબરાઈઝ્ડ લેવલ ક્રોસિંગ સરફેસના કામને કારણે વાહનવ્યવહાર માટે બંધ રહેશે. તેની વિગતો નીચે મુજબ છે: રેલવે ફાટક નં. 17 (કિમી 18/17-19): તા. 01.10.2026ના સવારે 08:00 વાગ્યાથી તા. 02.10.2026ના સાંજે 20:00 વાગ્યા સુધી (બે દિવસ) બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ રેલવે ફાટક નં. 15 પરથી અવરજવર કરી શકશે.* રેલવે ફાટક નં. 15 (કિમી 17/01-03) : તા. 03.10.2026ના સવારે 08:00 વાગ્યાથી તા. 04.10.2026ના સાંજે 20:00 વાગ્યા સુધી (બે દિવસ) બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ રેલવે ફાટક નં. 17 પરથી અવરજવર કરી શકશે.

# ગાંધીનગર મનપાની ચૂંટણીનો માહોલ ગરમાયો:વોર્ડ નં. 5માં AAPના જીતેન્દ્રસિંહ ચૌહાણ અને 10માં YIPPના ઉમેદવાર કાજલ મકવાણાનું ફોર્મ રદ થતા વિવાદ

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીને લઈને ઉમેદવારી પત્રોની ચકાસણીનો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે શરૂઆતી પ્રક્રિયામાં જ રાજકીય ઉથલપાથલ જોવા મળી છે. ખાસ કરીને AAP માટે આ પ્રક્રિયા મુશ્કેલીઓ ભરેલી સાબિત થઈ રહી છે. કારણ કે પક્ષના કેટલાક અગ્રણી ઉમેદવારોના ફોર્મ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવ્યા છે અથવા તો તેમને નોટિસો ફટકારવામાં આવી છે. આ સ્થિતિને લઈને ચૂંટણીપંચ અને રાજકીય પક્ષો વચ્ચે ગરમાગરમી પણ જોવા મળી છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં વોર્ડ નંબર 5માંથી આપના ઉમેદવાર જીતેન્દ્રસિંહ ચૌહાણનું ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યું છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા આ ફોર્મ રદ પાછળ પક્ષ તરફથી અધિકૃત 'મેન્ડેડ' (ટિકિટ કે પક્ષની સત્તાવાર મંજૂરી) ન આપવામાં આવી હોવાનું પ્રાથમિક કારણ રજૂ કરાયું હતું. જોકે આ બાબતે



પાર્ટી દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

આ મામલે આપના વકીલો અને શીર્ષ હોદ્દેદારોનો કાફલો તાત્કાલિક ચૂંટણી અધિકારી સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યો હતો. અધિકારીઓ સાથેની લાંબી ચર્ચા અને વાટાઘાટો બાદ ચૂંટણી તંત્ર દ્વારા ફોર્મ રદ થવાના કારણમાં ફેરફાર અથવા નવો ખુલાસો કરવામાં આવ્યો હતો. રજૂઆત બાદ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે, ફોર્મમાં ટેકેદાર (સંબંધિત સત્તાધિકારી કે સુપરવાઈઝર) ની સહી ન હોવાના કારણે આ કાર્યવાહી કરવામાં આવી છે, જેને લઈને આપના નેતાઓએ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

ફક્ત વોર્ડ નંબર 5 જ નહીં, પરંતુ અન્ય વોર્ડમાં પણ વિવાદો યથાવત્ રહ્યા છે. વોર્ડ નંબર 6માંથી યુથ ઈન્ડિયા પીસ પાર્ટીના ઉમેદવાર કાજલ મકવાણાનું પણ ઉમેદવારી ફોર્મ રદ થયું હોવાના અહેવાલ છે. આ ઉપરાંત, વોર્ડ નંબર 10માં આપના ઉમેદવાર હાર્દિક તલાટીને પણ ફોર્મમાં વિગતો જાહેર કરવા બાબતે ચૂંટણી અધિકારીઓ દ્વારા નોટિસ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, હાર્દિક તલાટી અગાઉની ચૂંટણીઓમાં પણ આપના ઉમેદવાર તરીકે મેદાનમાં રહી ચૂક્યા છે અને ચૂંટણી લડી ચૂક્યા છે, છતાં તેમને નોટિસ મળતા રાજકીય ગરમાવો આવ્યો છે.

# અમદાવાદ-ભુજની નમો ભારત રેપિડ ટ્રેન બે દિવસ રદ

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા ટેક્નિકલ કારણોસર અમદાવાદ અને ભુજ વચ્ચે દોડતી નમો ભારત રેપિડ ટ્રેન સેવા 28 અને 29 સપ્ટેમ્બરે રદ કરાઈ છે. આ નિર્ણયના કારણે અમદાવાદ અને ભુજ સહિત વચ્ચે આવતા તમામ સ્ટેશનો પરથી મુસાફરી કરતા હજારો મુસાફરોના દૈનિક શેડ્યૂલ પર સીધી અસર પડશે. પશ્ચિમ રેલવેની માહિતી મુજબ, અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ ટ્રેન 28 સપ્ટેમ્બર, 2026ના રોજ રદ રહેશે. જ્યારે ટ્રેન નંબર 94802 ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ ટ્રેન 28 સપ્ટેમ્બર અને 29 સપ્ટેમ્બર એમ બે દિવસ માટે રદ રાખવામાં આવી છે.

ટ્રેન સેવા રદ થવાથી મુસાફરોને થનારી અગવડતાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવી છે. મુસાફરોએ સ્ટેશન પર જતાં પહેલાં અથવા મુસાફરીનું આયોજન કરતાં પહેલાં રેલવેની સત્તાવાર માહિતી અને ટ્રેનના સંચાલન અંગેની વિગતો ચકાસી લેવી.

# ઠક્કરબાપાનગરમાં સસ્તા દારૂમાંથી મોંઘી બ્રાન્ડ બનાવવાનું કૌભાંડ :4 મહિનાથી વેચાણ કરી રૂ.5000 સુધીનો નફો મેળવતા

અમદાવાદ | ભાવનગરમાં નકલી દારૂ પીવાના કારણે લોકોના મોતની ઘટના બાદ પણ સસ્તા દારૂને મોંઘી બ્રાન્ડનો દારૂ તરીકે વેચવામાં આવી રહ્યો હોવાના બનાવ વધી રહ્યા છે. શહેરના ઠક્કરબાપાનગર વિસ્તારમાં મકાનમાં સસ્તા બ્રાન્ડના દારૂની બોટલમાંથી ટીચર્સ, બ્લેક એન્ડ વાઈટ, બ્લેક ડોગ, બ્લેન્ડર પ્રાઈઝ અને સિગ્નેચર જેવી બ્રાન્ડેડ દારૂની બોટલ બતાવીને વેચવાનું કૌભાંડ ઝોન 5 એલસીબીની ટીમે ઝડપી પાડ્યું છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. દારૂની બોટલો, કવાટર, બીયર અને ખાલી કાચની બોટલો તેમજ અલગ-અલગ બ્રાન્ડના સ્ટીકરો સહિતનો 1.32 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઝોન 5 ડીસીપી ડો. જીતેન્દ્ર અગ્રવાલએ જણાવ્યું કે, એલસીબી અને કૃષ્ણનગર પોલીસની ટીમને બાતમી મળી હતી કે ઠક્કરબાપાનગરમાં હરિઓમ સાયકલની સામે આવેલી ગલીમાં મકાન નંબર 141માં બીજા માળે બે લોકો ભેગા મળીને સસ્તા



બ્રાન્ડની દારૂની બોટલમાંથી મોંઘી બ્રાન્ડનો વિદેશી દારૂ બતાવીને વેચાણ કરી રહ્યા છે. જેના આધારે પોલીસની ટીમે દરોડો પાડતા હેમલ ઉર્ફે હેમુ વાઘેલા મળી આવ્યો હતો. પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે, તેના ભાગીદાર ભરત ઉર્ફે ભરતો સોલંકી અને વિજય હીરાભાઈ સોલંકી સાથે મળીને પોતાના આર્થિક ફાયદા માટે આ કૃત્ય કરતા હતાં. આરોપીઓ મોંઘા દારૂના નામે 500થી લઈને 5000 રૂપિયા સુધીનો નફો મેળવતા હતાં. છેલ્લા બેથી ત્રણ મહિનાથી આ કૌભાંડ ચલાવતા હતા. ચારમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ મકાન સુનિલભાઈ સોલંકી નામના વ્યક્તિનું છે. ધંધો ચલાવવા માટે તે પણ આર્થિક મદદ કરતો છે. પોલીસે ઘરમાં તપાસ કરતા અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ અને એક ક્વાર્ટર તેમજ બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

વધુ પૂછપરછ કરતાં હેમલે જણાવ્યું કે, સસ્તામાંથી મોંઘી બ્રાન્ડના સ્ટીકર લગાવીને બનાવવામાં આવેલો દારૂ મંદિરના સ્ટોર રૂમમાં મૂક્યો છે. જેથી પોલીસે તેમાં તપાસ કરતા અલગ-અલગ બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. હાલમાં પોલીસે ફરાર આરોપી ભરત ઉર્ફે ભરતો સોલંકી (બાવરી), વિજય સોલંકી (બાવરી) અને સુનિલ સોલંકી (બાવરી)ની શોધખોળ શરૂ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ભાયાવદરમાં ખેડૂતોને થતા અન્યાયની સામે લડત આપવા જન આક્રોશ સભા પટેલ સમાજ ખાતે યોજાઇ હતી

અહેવાલ વિજય રાડીયા ભાયાવદર

ભાયાવદરમાં 26 9 2026 ના રોજ રાત્રે 8:30 કલાકે પટેલ સેવા સમાજ ખાતે એક ખેડૂત તો ની આક્રોશ સભાનું આયોજન ભાયાવદર સેવા સહકારી મંડળીના નેજા હેઠળ યોજવામાં આવેલ હતી આ સભા ભાયાવદર શહેરના આશરે 500 ખેડૂતોએ આક્રોશ સાથે હાજરી આપેલ હતી સભા નો મુખ્ય હેતુ સરકારના અનગઢ વહીવટના કારણે ખેડૂતોને પડતી મુશ્કેલી જેમાં દરેક ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રેશન કાર્ડ કાઢવાનું ફરજિયાત હોય તે કાર્ડ ભાયાવદર શહેર વિસ્તારમાં આવતું હોય સરકાર ના ટેકનિકલ પ્રોબ્લેમ ના કારણે આ કાર્ડ નીકળતા ન હોય જેથી શહેર વિસ્તારના ખેડૂતોને સરકારની વિવિધ સહાયો મળતી ન હોય જેમાં મુખ્ય ખેડૂતોને ખેત જણસી ટેકાના ભાવ ખરીદીની ઓનલાઈન અરજી થતી ન હોય જેથી શહેર વિસ્તારમાં ખેડૂતો ટેકાના ભાવે ખરીદી થી વંચિત રહી સરકારની છેલ્લી તારીખ 9. 10 .2026 .હોય અડધો સમયગાળો વીતી જવા છતાં તેમજ રાજ્યના મુખ્યમંત્રી કૃષિ મંત્રી સાંસદ સભ્ય તેમજ વિભાગને લગતા ઓળખતા અધિકારીઓને છેલ્લા ત્રણ વર્ષથી વારંવાર લેખિત રજૂઆત કરવા છતાં આજ દિન સુધી ખેડૂતોને ન્યાય મળેલ ન હોય જેથી ખેડૂતોને પારાવાર નુકસાની નો સામનો કરવો પડે છે તેમજ હજારો ખેડૂતોને આ ફાર્મર રજીસ્ટ્રેશન કાર્ડ નીકળતા ન હોવાને કારણે માનવીય વડાપ્રધાન ની કિસાન સન્માન નિધિ યોજના 2000 હપ્તો જે આવે છે ખેડૂતોને મળતા નથી તેની સામે આક્રોશ સાથે આ સભાનું આયોજન કરેલ તેમજ ચાલુ વર્ષે દુષ્કાળની સ્થિતિ હોય આ ઉપલેટા તાલુકા વિસ્તારમાં સાવ ઓછા વરસાદ હોય તેમાં જિલ્લા કલેકટર સાહેબ ના વરસાદના આંકડા મુજબ ઉપલેટા તાલુકામાં 70.% વરસાદની ખાસ અછત હોય જેવા સમયે ખેડૂતોએ વાવેલા પાક ઉપર કરેલ તમામ ખર્ચની સામે આવક નહિવત હોય જેથી પાયમાલ તથા કરજવાન થઈ ગયેલ છે તેમજ માલધારીઓને પોતાના માલ ઢોરને નિભાવા માટે યોગ્ય ઘાસચારો પણ ઉપલબ્ધ નથી જેથી આ ઉપલેટા તાલુકા વિસ્તારને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરી સરકારના નિયમ મુજબ મળતી યોગ્ય અને વ્યાજબી સહાય ચૂકવવામાં આવે તથા જે ફાર્મર રજીસ્ટ્રેશન ઓનલાઇન અરજીમાં ખેડૂતોને ટેકાના ભાવે




ઓનલાઇન અરજીમાં 30 દિવસની વધારાની મુદત આપવામાં આવે તેમ જ ખેડૂતોને પડતી મુશ્કેલી તેમાં ભાયાવદર શહેરની પીજીવીસીએલ કચેરી તરફથી પડતી મુશ્કેલી જેમાં સામાન્ય ફોલ્ટમાં પણ અરજી લખાવ્યા ના દસ દિવસે પણ રીપેરીંગ કરવામાં આવતા નથી અને હાલ ખેડૂતોને આઠ કલાક વીજળી આપવામાં આવે છે પણ અનિયમિત અને રાત્રે આપવામાં આવે છે વીજળી દિવસના આપવામાં આવે એવી ખેડૂતો દ્વારા માગણી છે તેમજ મોરબીના જેતપુર મુકામે ચાલતા ખેડૂત આંદોલનને પણ ભાયાવદર શહેરના તેમજ આસપાસના ગામોના ખેડૂતોનું ફૂલ સમર્થન આપે તન મન ધન થી આ વિસ્તારના ખેડૂતોને આંદોલનકારી ખેડૂતોની સાથે ભાયાવદર શહેરના ખેડૂતોની મોટા પ્રમાણમાં વસ્તી ધરાવતું ગુજરાત રાજ્યનું સૌથી મોટું ગામ છે તેની ટેકાના ભાવે ખરીદી માટે ઉપલેટા જવું પડતું હોય જેમાં ખેડૂતોને અગવડતા પડતી હોય જેથી ભાયાવદરને કાયમી ખરીદીનું કેન્દ્ર ફાળવવામાં આવે તો ભાયાવદર તેમજ નીચેના ગામડાઓને ખેડૂતોને ખર્ચ માં પણ ફાયદો થાય તેથી ભાયાવદર સેવા સહકારી મંડળીના ટેકાના ભાવે ખરીદીનું કેન્દ્ર મળવામાં આવે જેથી આજની મિટિંગમાં આ પાંચ ઠરાવો જેમાં માંગણી કરવામાં આવી છે, 1. ટેકાના ભાવે ખરીદીની ઓનલાઈન માં 30 દિવસનો સમય મર્યાદામાં વધારો કરવામાં આવે, 2. ટેકાના ભાવે ખરીદીનું કેન્દ્ર સહકારી મંડળીને આપવું, 3. આ વિસ્તારમાં તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરી સહાય આપવી, 4. pgvcl માં ખેડૂતોને પડતી મુશ્કેલી તાત્કાલિક દૂર કરવી, 5. મોરબી જેતપુરમાં ચાલતા ખેડૂત આંદોલનમાં આ વિસ્તારના ખેડૂતોએ તન મન ધન થી ટેકો આપવા નો ઠરાવ કરેલ છે . ખેડૂતોની હાજરીમાં ઊંચા હાથ કરી સર્વનું મતે ઠરાવ કરવામાં આવેલ છે જો ઉપરોક્ત બાબતમાં સરકાર તેમજ વિવિધ અધિકારીઓ દ્વારા 20 દિવસની અંદર ખેડૂતોના ન્યાય નહીં મળે તો ભાયાવદરના ખેડૂતો સરકાર સામે ઉગ્ર આંદોલન કરશો તેમજ સાંસદ સભ્ય અને ધારાસભ્યના પણ પૂતળા દહન કરી તેમજ શહેરના વેપારીઓને સહકાર માંગી ભાયાવદર શહેરને ચોક્કસ મુદત સુધી બંધ રાખી તેમજ સરકારના નેતાઓનું શહેરમાં પ્રવેશ બંધી કરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હાજર રહેલ ખેડૂતો ઊંચા હાથ કરી એક મતે ખેડૂતોને થતા અન્યાય સામે લડત લડવા ઠરાવ કરવામાં આવેલ છે આ મિટિંગમાં ભાયાવદર શહેરના દરેક સમાજના ખેડૂતો વિશાળ સંખ્યામાં હાજર રહી આક્રોશ સાથે બધા ખેડૂતો સાત સહકાર લડાઈ લડવાની મૂળમાં હોય તેમ જ આ સભાને સંબોધન કરતા ભાયાવદર ખેડૂત આગેવાન નયનભાઈ જીવાણી વલ્લભભાઈ કરમશીભાઈ નિલેશભાઈ વેગડાએ સંબોધિત કરેલ છે.

## વડોદરા મંડળની મહત્વપૂર્ણ સિદ્ધિ

## સપ્ટેમ્બર મહિનાના મુસાફર આવકના લક્ષ્યાંકને સમય કરતાં વહેલું હાંસલ કરીને 4 ટકાની વધુ આવક નોંધાવી છે

પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ નેતૃત્વ હેઠળ મુસાફર આવકના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. મંડળે સપ્ટેમ્બર 2026 માટે નિર્ધારિત માસિક મુસાફર આવકનો લક્ષ્યાંક માસની સમાપ્તિના 4 દિવસ પહેલાં જ હાંસલ કરી લીધો છે. મંડળે 26 સપ્ટેમ્બર 2026 સુધીમાં કુલ 67.40 કરોડની મુસાફર આવક મેળવી છે, જ્યારે સપ્ટેમ્બર માસ માટે નિર્ધારિત લક્ષ્યાંક 64.88 કરોડ હતો.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી રાજેશ મથુરિયાએ વાણિજ્ય વિભાગની આ સિદ્ધિ અંગે જણાવ્યું કે, મંડળે મુસાફર આવકના ક્ષેત્રમાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 2.52 કરોડ એટલે કે 3.88% વધુ આવક મેળવી છે. આ સિદ્ધિ મંડળ દ્વારા મુસાફર સુવિધાઓમાં સતત સુધારો, અસરકારક ટિકિટ તપાસ, આવક વધારવા માટે કરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો તેમજ રેલ મુસાફરોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં કરવામાં આવી રહેલા સતત કાર્યોને દર્શાવે છે.મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ નેતૃત્વ અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી રાજેશ મથુરિયાના માર્ગદર્શન હેઠળ વડોદરા મંડળના વાણિજ્ય વિભાગ દ્વારા મુસાફર સેવાઓને વધુ સુવિધાજનક બનાવવા, ટિકિટ વિના મુસાફરી પર અંકુશ મૂકવા તથા મુસાફર આવકમાં વધારો કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળના અધિકારીઓ અને કર્મચારીઓના સંકલિત પ્રયાસો તથા કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે આ મહત્વપૂર્ણ સિદ્ધિ શક્ય બની છે.વડોદરા મંડળ મુસાફરોને સુરક્ષિત, સુગમ અને વધુ સારી રેલ સેવાઓ પ્રદાન કરવાની સાથે સાથે આવકના નિર્ધારિત લક્ષ્યાંકોથી આગળ વધવા માટે સતત પ્રયત્નશીલ છે.




## ખાંભા તાલુકાના જામકા-2 આંગણવાડીમાં "આંગણ મિલન ઉત્સવ 2026" ની ઉજવણી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તાલુકાના જામકા-2, કોડ-85 ની આંગણવાડી ખાતે ‘આંગણ મિલન ઉત્સવ 2026‘ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આ ઉત્સવનો મુખ્ય હેતુ લાભાર્થીઓ અને બાળકોના વાલીઓ આંગણવાડીની વિવિધ યોજનાઓ વિશે જાગૃત થાય અને વધુમાં વધુ લોકો આંગણવાડી કેન્દ્રનો લાભ લે તે હતો.કાર્યક્રમમાં આદર્શ આંગણવાડી નાસ્તાનું નિદર્શન કરવામાં આવ્યું હતું, તેમજ રમત-ગમતના બાળકો માટે પ્રિસ્કુલ કીટનું નિદર્શન પણ રાખવામાં આવ્યું હતું.આ પ્રસંગે આંગણવાડી કાર્યકર, તેડગર બહેનો તેમજ આશા વર્કર બહેનોને પ્રોત્સાહન રૂપે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત લાભાર્થીઓ અને બાળકોને ફળ અને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપનાર:1. આંગણવાડી સુપરવાઈઝર - નમ્રતાબેન, 2. આ. વર્કર - બેનાબેન મકવાણા, 3. આ. હેલ્પર - જાગૃતિબેન દુધરેજીયા, 4. આશા ફેસિલીટર - શોભનાબેન શિયાળ, 5. આશા વર્કર - કંચનબેન સોંદરવા, 6. મુખ્ય આગેવાન - દુલાભાઈ વણજર, 7. ઉનડ ભાઈ વાઘ, 8. મનોજભાઈ મેસવાણીયા.

## મજબૂત ઈરાદાથી દરેક મુશ્કેલીને હરાવી શકાય: પૂજા અગ્રવાલ, MS યુનિવર્સિટીમાં ‘પ્રેરણા-2026’ ફેસ્ટિવલ યોજાયો

(એજન્સી) વડોદરા । તા. 28

જીવનમાં ગમે તેટલા ઉતાર-ચઢાવ આવે પરંતુ જો તમારો ઈરાદો મજબૂત હોય તો દરેક મુશ્કેલીને હરાવી શકાય છે, તેવું ભારતના પેરા શૂટર અને દિવ્યાંગ બેન્ક ઓફિસર પૂજા અગ્રવાલે એમ.એસ. યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીમાં દિવ્યાંગો માટે યોજાયેલા ‘પ્રેરણા-૨૦૨૬’ ફેસ્ટિવલમાં જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશેષ વક્તાઓ તરીકે ઉપસ્થિત રહેલા મહાનુભાવોએ પોતાના જીવનના સંઘર્ષો અને સફળતાની ગાથાઓ રજૂ કરી હતી.



પૂજા અગ્રવાલને લગ્નના થોડા જ મહિના બાદ ૨૦૧૨માં એક ટ્રેન અકસ્માતમાં પોતાના બંને પગ અને ડાબો હાથ ગુમાવવા પડ્યા હતા. એક વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે તે સમય તેમના માટે માનસિક અને ભાવનાત્મક રીતે અત્યંત કપરો હતો અને તેમણે શૂન્યથી જીવનની શરૂઆત કરવી પડી હતી. આર્થિક પરિસ્થિતિ પણ મોટો પડકાર હતી, પરંતુ પરિવારજનોના સહયોગથી હાર માની લીધા વગર તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી અને બેન્કમાં નોકરી મેળવી. ત્યારબાદ ૨૦૧૬માં પેરા શૂટિંગમાં કારકિર્દી શરૂ કરીને તેમણે અનેક આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દેશ માટે મેડલ જીત્યા છે. તેમણે જણાવ્યું કે દિવ્યાંગોને સરકારી નોકરીમાં અનામતનો લાભ મળી રહ્યો છે અને નવી ટેકનોલોજીથી કામમાં ઘણી સરળતા રહે છે. પોલિયોના કારણે નાનપણથી કમરથી નીચેનો હિસ્સો પ્રભાવિત હોવા છતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ની ડિગ્રી મેળવનાર મૂળ દાહોદના વતની વિપિન જૈને પણ પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું.

## નર્મદામાં રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન, સેવાની રંગ રાષ્ટ્રના સંગ અભિયાન, તારીખ 3 ઓક્ટોબરે સ્પર્ધા યોજાશે

(એજન્સી) રાજપીપલા । તા. 28

ગુજરાત સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ નર્મદાના સંયુક્ત ઉપક્રમે નાગરિકોની સર્જનાત્મકતા, ટીમવર્ક અને સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા માટે ‘સેવાના રંગ, રાષ્ટ્રના સંગ’ અંતર્ગત વ્યક્તિગત અને ગ્રુપ રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ આકર્ષક સ્પર્ધા આગામી તારીખ ૦૩/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા દરમિયાન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ધાબા ગ્રાઉન્ડ, રાજપીપલા, જિલ્લો નર્મદા ખાતે યોજાશે. આ સ્પર્ધા માટે વિકસિત ભારત @૨૦૪૭, વિકસિત ભારતનું સ્વપ્ન, મેક ઈન ઈન્ડિયા, સેવા સંકલ્પ અભિયાન, જન કલ્યાણકારી યોજનાઓ, સપ્તધારા વિઝન, રાષ્ટ્રીય પ્રતીક અને આત્મનિર્ભર ભારત જેવા રાષ્ટ્રપ્રેમ અને વિકાસને દર્શાવતા વિષયો નક્કી કરવામાં આવ્યા છે.

સ્પર્ધકોએ રંગોળી બનાવવામાં માત્ર કુદરતી સામગ્રી જેવી કે ફૂલ, માટી, રેતી, ચોખા, બીજ, પાંદડા અને પ્રાકૃતિક રંગોનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત, તૈયાર કરવામાં આવતી કૃતિ મુવેબલ હોવી અનિવાર્ય છે જેથી જિલ્લા કક્ષાના કાર્યક્રમ દરમિયાન તેની હેરફેરમાં સરળતા રહે અને ડિઝાઈન અખંડિત જળવાઈ રહે. આ સ્પર્ધામાં પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ અન્ય તમામ ઉત્સાહી નાગરિકો પણ ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ https://forms.gle/HXMp86UFKyX6igSn7 લિંક પર જઈને પોતાનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

સ્પર્ધામાં સર્જનાત્મકતા, ડિઝાઈન, સ્વચ્છતા અને થીમની સચોટ રજૂઆતના આધારે નિષ્ણાતો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. વ્યક્તિગત રંગોળી સ્પર્ધામાં કૃતિની સાઈઝ ૧.૫ ફૂટ + ૧.૫ ફૂટ રહેશે, જેમાં પ્રથમ ક્રમે આવનાર વિજેતાને રૂ. ૫,૦૦૦/-, દ્વિતીય ક્રમના બે વિજેતાઓને પ્રત્યેકને રૂ. ૩,૦/- અને તૃતીય ક્રમના ત્રણ વિજેતાઓને પ્રત્યેકને રૂ. ૨,૫૦૦/- ઈનામ આપવામાં આવશે.

## પાલિકાના સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાંથી ગંદુ પાણી તાપીમાં ભળ્યું, રાંદેર ઝોનના પ્રકલ્પ સામે સવાલો ઉઠ્યા

સુરત | તાપી નદીને પ્રદૂષણમુક્ત કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે વિવિધ યોજનાઓ અને સઘન કવાયત હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ તે વચ્ચે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના પોતાના જ રાંદેર ઝોન અંતર્ગત આવતા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાંથી ગંદુ પાણી સ્ટોર્મ ડ્રેનેજ વાટે સીધું તાપી નદીમાં ભળતું હોવાની ગંભીર ફરિયાદ સામે આવતા પાલિકા તંત્રની કામગીરી અને ઈમાનદારી સામે મોટા સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અડાજણ વિસ્તારમાં આનંદ મહેલ રોડ પર પાલિકાનું ભવ્ય સ્પોર્ટ્સ કોમ્પલેક્સ આવેલું છે. આ કોમ્પલેક્સમાંથી નીકળતું ગંદુ પાણી યોગ્ય નિકાલના અભાવે નજીક આવેલા સ્ટોર્મ ડ્રેનેજના ચેમ્બર સુધી પહોંચે છે અને ત્યાંથી આ વરસાદી પાણીના નેટવર્ક મારફતે સીધું તાપી નદીમાં ઠલવાય છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે અલગ સ્ટોર્મ ડ્રેનેજ નેટવર્ક હોય છે અને ઘરેલું કે ગંદા પાણી માટે અલગ ગટર વ્યવસ્થા હોય છે, જેથી બંનેનું મિશ્રણ અટકાવી શકાય. પરંતુ પાલિકાના પોતાના જ પ્રકલ્પમાં આ નિયમનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું જોવા મળ્યું છે.

## દાહોદમાં ભારતીય જનતા પાર્ટી દાહોદ જિલ્લાના મંત્રી શ્રી રાહુલભાઈ રાવતનો જન્મદિવસ ઉજવાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

રાહુલભાઈ બળવંતભાઈ રાવતે પોતાના જન્મદિવસ નિમિત્તે સેવાકીય પહેલ હાથ ધરીને એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.જનજાતિ કલ્યાણ આશ્રમ (ગુજરાત પ્રાંત) દ્વારા સંચાલિત મોટા હાથીધરા સ્થિત 'વાત્સલ્ય ધામ છાત્રાવાસ' ખાતે રાહુલભાઈ રાવતના જન્મદિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમના તરફથી છાત્રાવાસના તમામ બાળકો માટે સાંજનું સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન રાખવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન રાહુલભાઈએ છાત્રાવાસના બાળકો સાથે ભાવપૂર્વક આરતી-પ્રાર્થના કરી હતી અને ત્યારબાદ બાળકોની સાથે જ બેસીને ભોજન ગ્રહણ કર્યું હતું. બાળકો સાથે સમય વિતાવી, તેમની સાથે સ્નેહપૂર્વક સંવાદ સાધીને તેમણે પોતાના જન્મદિવસને યાદગાર બનાવ્યો હતો. છાત્રાવાસના સંચાલકો તથા ઉપસ્થિત સૌ કાર્યકરો અને આગેવાનોએ રાહુલભાઈ રાવતને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની મંગલકામના કરી હતી.

### અઠવાલાઈન્સના કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતે ઉત્સવ, 11 થી 20 ઓક્ટોબર દરમિયાન વિવિધ વાનગીઓનો સ્વાદ માણી શકાશે

## સુરતમાં નવરાત્રિ પર્વ નિમિત્તે દશ દિવસીય ફૂડ ફેસ્ટિવલનું આયોજન

(એજન્સી) સુરત । તા. 28

ખાણી-પીણીના શોખીન સુરતીઓ માટે નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખીને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પાલિકા દ્વારા ૧૧ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન અઠવાલાઈન્સ વિસ્તારમાં ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતે ૧૦ દિવસીય ભવ્ય ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે, જ્યાં સુરતીઓ વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણી શકશે.

પાલિકા દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી અઠવા વિસ્તારમાં યોજાતા આ ફૂડ ફેસ્ટિવલને સુરતીઓ તરફથી હંમેશાં ભારે પ્રતિસાદ મળતો રહ્યો છે. શહેરના મધ્ય વિસ્તારમાં અનુકૂળ સ્થળે આયોજન થતું હોવાથી લોકો અહીં સરળતાથી પહોંચી શકે છે. આ વર્ષે પણ ઉત્સવના માહોલને વધુ રંગીન બનાવવા માટે ખાણી-પીણીની સાથે સાથે વિશેષ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવ દરમિયાન આગામી ૧૨ ઓક્ટોબરે સાંજે ૭ વાગ્યે શેરી ગરબા સ્પર્ધા યોજાશે, જેમાં સુરત શહેરની મહિલાઓ, વિવિધ સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો તેમજ શિક્ષકવૃંદ ઉત્સાહભેર ભાગ લઈ શકશે. આ ઉપરાંત, તા. ૧૪ ઓક્ટોબરે



સાંજે ૭ વાગ્યે ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આંતરશાળા રાસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ પોતાની કળાનું પ્રદર્શન કરશે.

નવરાત્રીના પવિત્ર દિવસોમાં ગરબાના તાલે ઝૂમવાની સાથે વિવિધ ખાણી-પીણીની વાનગીઓનો સ્વાદ માણવા માટે મોટી સંખ્યામાં લોકો આ સ્થળે પહોંચે છે. પાલિકાના આ આયોજનથી ખાણી-પીણીની મજાની સાથે સાથે યુવાનો અને નાગરિકોની કળા તથા સંસ્કૃતિને પણ ઉત્તમ મંચ પ્રાપ્ત થશે.

સુરત પાલિકા દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે અઠવાલાઈન્સમાં ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતે 10 દિવસના ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. તા.11થી 20 ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ ફૂડ ફેસ્ટિવલમાં વિવિધ વાનગીઓની મજા માણવા સાથે સુરતીઓને ગરબા અને રાસની સ્પર્ધાઓનો પણ આનંદ મળશે. પાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી નવરાત્રીના દિવસોમાં અઠવા વિસ્તારમાં ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. શહેરના મધ્ય વિસ્તારમાં આવેલા સ્થળને કારણે અહીં સરળતાથી પહોંચી શકાતું હોવાથી ફૂડ ફેસ્ટિવલ સુરતીઓમાં લોકપ્રિય બન્યો છે.

ખાસ કરીને નવરાત્રી માહોલમાં ગરબા સાથે વિવિધ ખાણી-પીણીની વાનગીઓનો સ્વાદ માણવા માટે મોટી સંખ્યામાં લોકો અહીં પહોંચે છે. ફૂડ ફેસ્ટિવલ દરમિયાન તા.12 ઓક્ટોબરે સાંજે 7 વાગ્યે શેરી ગરબા સ્પર્ધા યોજાશે. તેમાં સુરત શહેરની મહિલાઓ, વિવિધ સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો તથા શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. જ્યારે તા.14 ઓક્ટોબરે સાંજે 7 વાગ્યે ધોરણ 5થી 12ના વિદ્યાર્થીઓ માટે આંતરશાળા રાસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

### પુત્રના લગ્નની બોગસ કંકોત્રી મોકલી છેતરપિંડીનો પ્રયાસ

## એમ.એસ. યુનિવર્સિટીના પૂર્વ વીસીનું વોટ્સએપ એકાઉન્ટ હેક

(એજન્સી) વડોદરા । તા. 28

મહારાજા સયાજીરાવ (એમ.એસ.) યુનિવર્સિટીના પૂર્વ ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર અને ટેકનોલોજી ફેકલ્ટીના પૂર્વ ડીન પ્રોફેસર ધનેશ પટેલનું વોટ્સએપ એકાઉન્ટ હેક થઈ ગયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. હેકર્સો દ્વારા તેમના એકાઉન્ટનો દુરુપયોગ કરીને તેમના પુત્રના લગ્ન હોવાનું જણાવીને અન્ય અધ્યાપકો અને પરિચિતોને લગ્નની બોગસ કંકોત્રીના નામે એપીકે (APK) ફાઈલ મોકલવામાં આવી હતી, જેના કારણે યુનિવર્સિટીના અધ્યાપક આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

તાજેતરના સમયમાં લગ્નની કંકોત્રીના બહાને એપીકે ફાઈલ મોકલીને નાણાકીય ઠગાઈ આચરવાના કિસ્સાઓમાં વધારો થયો છે. જો કોઈ વ્યક્તિ પરિચિતના વોટ્સએપ પરથી આવેલી આ ફાઈલને ડાઉનલોડ કે ઓપન કરે, તો મોબાઈલ હેક થઈને બેન્ક ખાતામાંથી નાણાં સફાચટ થઈ જવાની શક્યતાઓ રહે છે. પ્રોફેસર ધનેશ પટેલના એકાઉન્ટ પરથી પણ આ જ પ્રકારે મેસેજો વાયરલ કરવામાં આવ્યા હતા. પ્રો. પટેલના વોટ્સએપ પરથી આવેલા આ પ્રકારના આમંત્રણ સંદેશને જોઈને આર્ટસ ફેકલ્ટીના પ્રોફેસર હિતેશ રાવિયાને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક અન્ય અધ્યાપકોનું ધ્યાન દોર્યું હતું અને કોઈએ પણ આ શંકાસ્પદ ફાઈલ નહીં ખોલવા માટે ચેતવણી આપી હતી. ત્યારબાદ પરિચિતોએ જ્યારે પ્રો. ધનેશ પટેલનો રૂબરૂ કે ફોન પર સંપર્ક કર્યો ત્યારે તેમને ખબર પડી કે તેમનું વોટ્સએપ એકાઉન્ટ હેક થઈ ચૂક્યું છે અને તે અંગે તેમને અગાઉ કોઈ જાણ નહોતી. અગાઉ પણ આર્ટસ ફેકલ્ટીના અધ્યાપકોને નિશાન બનાવીને કુરિયર કંપનીના નામે બોગસ મેસેજો મોકલવામાં આવ્યા હતા.

### ચૂંટણી પંચ અંગે કોંગ્રેસનું ફેક નેરેટિવ ખુલ્લું પડ્યું: મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર

## ચૂંટણી પંચની સ્વાયત્તતા અને પારદર્શિતા સામે પાયાવિહોણા આક્ષેપો કરીને કોંગ્રેસે દેશની જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો: કલ્પનાબેન પુવાર

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સ્થિત વિશ્રામ ગૃહ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારની અધ્યક્ષતામાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા તેમજ જિલ્લા ભાજપ મહામંત્રીઓ કમલેશ પાદરીયા અને ચિંતન પટેલ સહિત સંગઠનના વિવિધ હોદ્દેદારો અને અગ્રણી કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.પત્રકાર પરિષદને સંબોધતા મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારે વિપક્ષ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી દેશની સ્વાયત્ત બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ સામે એક અખબારમાં છપાયેલા કાલ્પનિક અને તથ્યહીન લેખને આધાર બનાવી બેબુનિયાદ સવાલો ઉઠાવી રાહુલ ગાંધી સહિત વિપક્ષ દ્વારા દેશના નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો અને જૂઠાણાં ફેલાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોએ સંયુક્ત પ્રેસ રિલીઝ દ્વારા સ્પષ્ટ કર્યું છે કે SIR સબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા અને તેમની વચ્ચે કોઈ મતભેદ નથી.આ સાથે જ તેમણે પ્રેસ રિલીઝમાં કહ્યું છે કે, મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના Form-6 ના મૂળ સ્વરૂપમાં SIR દરમિયાન કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી.સુપ્રીમ કોર્ટે SIR દરમિયાન મતદારોની ચકાસણી માટેની દસ્તાવેજી પ્રક્રિયાને માન્ય રાખી છે.તેમજ ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે Form 6 સાથે લેવામાં આવતી Declaration એટલે કે તેમાં અરજદાર પોતે/માતા-પિતા/ દાદા-દાદી અગાઉની SIRની મતદાર યાદીમાં હતા કે નહીં તે અંગે વિગતો આપવાની અંગેની વ્યવસ્થાને પણ સુપ્રીમ કોર્ટે




માન્યતા આપી છે.મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોના સંયુક્તના સંયુક્ત પ્રેસ નિવેદન દ્વારા દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ ગયું છે.કોંગ્રેસે ચુંટણી કમિશનરો પર આંતરિક મતભેદનો જે આક્ષેપ કર્યો હતો તે સંપૂર્ણપણે મનઘડત સાબિત થયો છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ જુઠાણાની ફેક્ટરી બની ચૂક્યા છે.સુનિયોજિત ષડયંત્ર હેઠળ Fake Narrative બનાવીને લોકોને ગેરમાર્ગે દોરવા એ જ કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમનું મુખ્ય કામ બની ગયું છે. જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ પહેલા પોતાની હારનું ઠીકરું EVM પર ફોડતી, પછી SIR ને દોષ દીધો ને હવે ચુંટણી પંચ ઉપર નિરાધાર-ખોટા આક્ષેપો કરી રહી છે.જ્યાં જનાદેશ કોંગ્રેસની તરફેણમાં આવે ત્યાં લોકશાહીનો વિજય અને જ્યાં જનાદેશ ભાજપની તરફેણમાં આવે ત્યાં 'વોટ ચોરી'આ બેવડા ધોરણો જનતા સારી રીતે ઓળખે છે.કોંગ્રેસ પાસે હવે જનતાની વચ્ચે જવાનો મુદ્દો નથી, એટલે હાર ન પચાવી શકનારી કોંગ્રેસ ચૂંટણી પંચને નિશાન બનાવી Fake નેરેટિવ ઊભો કરવામાં આવી રહ્યો છે.દેશની જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો લાંબા સમય સુધી ચાલી શકતા નથી.તથ્યો સામે Fake Narrativeનું આયુષ્ય બહુ ટૂંકું હોય છે.કોંગ્રેસ પાસે જનતાના માટે કોઈ નક્કર એજન્ડા કે મુદ્દો ન હોવાથી તે માત્ર નકારાત્મક રાજનીતિ અને અફવાઓની રાજનીતિ પૂરતી મર્યાદિત બની ગઈ છે.કોંગ્રેસના જૂઠાણાંઓનો ભાંડો હવે દેશની જનતા સમક્ષ ફૂટી ગયો છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરવા સક્ષમ બન્યું છે અને વિશ્વના તમામ દેશોએ પણ ભારતના નેતૃત્વનો સ્વીકાર કર્યો છે. તમામ ક્ષેત્રોમાં ભારત વિશ્વમાં મહત્વનું સ્થાન ધરાવતું થયું છે.રાહુલ ગાંધી અને કોંગ્રેસ દેશની પારદર્શી અને મજબૂત લોકતાંત્રિક પ્રક્રિયા પર બેબુનિયાદ સવાલો ઉઠાવીને વૈશ્વિક સ્તરે ભારતની છબીને ડાઘ લગાડવાના દુર્ભાગ્યપૂર્ણ પ્રયાસો કરી રહી છે.પરંતુ દેશની જનતાને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપર અને દેશના લોકતંત્ર ઉપર સંપૂર્ણ ભરોસો છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 29-09-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કર્ક : ડ. હ.**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**સિંહ : મ. ટ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે। સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને દોડધામભર્યો દિવસ.

**તુલા : ર. ત.**

તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો। એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**મકર : ખ. જ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની- તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

## પર્યાવરણ

### ભગવાન કૃષ્ણના ઉપદેશોમાં આપણા જીવનનો સાર છે



આજરોજ કલોલની પ્રખ્યાત 'ગ્રીન પ્લેનેટ સંસ્થા' દ્વારા બનાસકાંઠા જિલ્લાના પ્રાકૃતિક અને ધાર્મિક મહત્વ ધરાવતા જેસોર અભ્યારણ્ય રેન્જ, પાલનપુર ખાતે એક દિવસીય ભવ્ય પ્રકૃતિ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ જાગૃતિ અને પ્રકૃતિ સંરક્ષણનો સંદેશ આપવાના ઉદેશ્ય સાથે યોજાયેલી આ શિબિરમાં ૧૭ સભ્યોની વિશેષ ટીમ ઉત્સાહભેર જોડાઈ હતી.આ શિબિર દરમિયાન જેસોર અભ્યારણ્યના ઊંચા હાઈલેન્ડ, ગીચ જંગલો અને હરિયાળા વાતાવરણ વચ્ચે પ્રકૃતિના અદ્ભુત તથા મનમોહક દશ્યો જોવા મળ્યા હતા. સાથે જ પ્રકૃતિના અખૂટ ભંડાર સમાન બાલારામ ક્ષેત્રની પણ મુલાકાત લેવાઈ હતી. પાલનપુર રેન્જ ફોરેસ્ટ અને વન વિભાગ દ્વારા શિબિરાર્થીઓ માટે અત્યંત ઉત્તમ, શિસ્તબદ્ધ અને સુરક્ષિત વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી, જેના માટે સંસ્થાએ વન વિભાગનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.પ્રકૃતિ ભ્રમણની સાથોસાથ સહભાગીઓએ આસ્થાના કેન્દ્રો સમાન પવિત્ર ધાર્મિક સ્થળોની પણ મુલાકાત લીધી હતી. પ્રકૃતિની ગોદમાં આવેલા પ્રાચીન કેદારનાથ મહાદેવ, વિશ્વેશ્વર મહાદેવ તેમજ બાલારામના અદભુત શિવાલયમાં શ્રદ્ધાપૂર્વક દર્શન અને પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રાના અંતે સૌએ જગતજનની મા અંબાના પવિત્ર ધામ (અંબાજી) ખાતે પહોંચી માતાજીના અલૌકિક દર્શન કરી ધન્યતા અનુભવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ એહમદભાઈ પઠાન સાહેબ તથા મહામંત્રી શ્રી રાજેશભાઈ પટેલના કુશળ અને પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

જાનથી મારી નાખવો છે' તેમ કહી છરી યાસીનને આપી હતી

# જામનગરના સિક્કામાં જૂની બોલાચાલીનું મનદુઃખ રાખી યુવક પર છરીથી હુમલો


(એજન્સી) જામનગર | તા.28

જામનગરના સિક્કા વિસ્તારમાં દોઢ વર્ષ જૂની બોલાચાલીનું મનદુઃખ રાખી 3 શખ્સોએ યુવક પર છરીથી હુમલો કર્યો. સબીર ઈબ્રાહીમ ધોડીવારા (ઉ.વ. 41) સવારે નમાજ પઢી પરત ફરતા હતા ત્યારે યાસીન મેપાણી, સલીયો અને ઈમુડાએ તેમને રોકી, ગાળો ભાંડી અને છરીના ઘા ઝીંક્યા. ગંભીર રીતે ઘવાયેલા સબીરને GG હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સિક્કા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જામનગર તાલુકાના સિક્કા વિસ્તારમાં દોઢેક વર્ષ અગાઉ થયેલી સામાન્ય બોલાચાલીનું મનદુઃખ રાખી ત્રણ શખ્સોએ એકસંપ થઈ યુવક પર છરીથી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાઈ છે.ફરિયાદી સબીર ઈબ્રાહીમ ધોડીવારા (ઉ.વ.41, રહે. સિક્કા, તાલાબ કોલોની પાસે, ચિશ્તિયા ચોક, દાઉદ જેડાની દુકાનની બાજુમાં) ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ સબીરભાઈ રોજની જેમ વહેલી સવારે નમાજ માટે જતા હતા. દરમિયાન સવા પાંચેક વાગ્યાના અરસામાં જૂની મચ્છીપીઠથી યાસીન મેપાણીના ઘર પાસેથી પસાર થતાં યાસીન મેપાણી, સલીયો તથા ઈમુડો સુંભણિયા ત્યાં બેઠેલા હતા. ત્રણેયે તેમને રોકી અગાઉ આ તરફથી નહીં નીકળવા જણાવતાં સબીરભાઈ ત્યાંથી ડરીને ભાગી ગયા હતા.

ત્યારબાદ ઘરે જઈ કપડાં બદલીને બહાર નીકળ્યા બાદ શહીદી હૂસેની ચોક પાસે પહોંચતાં ફરીથી ત્રણેય શખ્સોએ તેમને રોકી ગાળો આપી હતી. આ દરમિયાન સલીયાએ છરી કાઢી 'આજ તને જાનથી મારી નાખવો છે' તેમ કહી છરી યાસીનને આપી હતી. યાસીને છરીથી હુમલો કરતાં સબીરભાઈએ જમણા હાથથી છરી પકડી લેતાં હથેળીમાં ઊંડો ઘા થયો હતો. છરી ખેંચતી વખતે હથેળીની નસો કપાઈ જતાં લોહી વહેવા લાગ્યું હતું.આ પછી પણ યાસીને છરી વડે હુમલો કરી જમણા હાથના ખભા પાસે પીઠના ભાગે ત્રણ ઘા તથા માથાના વચ્ચેના ભાગે એક ઘા માર્યાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. માથામાં ઈજા થતાં ટાંકા પણ આવ્યા હોવાનું ફરિયાદીએ જણાવ્યું હતું. હુમલા દરમિયાન બૂમાબૂમ થતાં આસપાસના લોકો બહાર આવતાં ત્રણેય શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સબીરભાઈને પ્રથમ સિક્કાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.ફરિયાદી મુજબ આશરે દોઢ વર્ષ અગાઉ યાસીન અને સલીયા સાથે તેમના ઘર પાસેથી પસાર થવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી.

## ઢોલ-નગારાના નાદ સાથે ઓરસંગ નદીમાં આ મૂર્તિઓનું વિસર્જન કરાયું

| કમલેશ પટેલ. સંખેડા



સંખેડાની ઓરસંગ નદીના પટમાં ગણેશજીની અડધી ડૂબેલી પ્રતિમાઓ જોવા મળતા ભક્તોની લાગણી દુભાઈ છે. આ દ્રશ્યો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, સંખેડામાં ઘણી જગ્યાએ મોટી ગણેશ મૂર્તિઓ સ્થાપિત કરાઈ હતી. મોટાભાગના યુવક મંડળોએ પ્લાસ્ટર ઓફ પેરિસ (POP) ની મૂર્તિઓ બેસાડી હતી.ગત શુક્રવારે ઢોલ-નગારાના નાદ સાથે ઓરસંગ નદીમાં આ મૂર્તિઓનું વિસર્જન કરાયું હતું. જોકે, વિસર્જન પછી પણ કેટલીક મૂર્તિઓ નદીમાં અડધી ડૂબેલી હાલતમાં તરતી જોવા મળી રહી છે. POP ની મૂર્તિઓ પાણીમાં ઝડપથી ઓગળતી નથી.આના કારણે શ્રદ્ધાળુઓની લાગણી દુભાય છે અને નદીમાં પ્રદૂષણ પણ વધે છે. પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિકોએ તંત્રને માટીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓને પ્રોત્સાહન આપવા અને વિસર્જન પછી નદીની સફાઈની યોગ્ય વ્યવસ્થા કરવા માંગ કરી છે.

## નર્મદાના ખોપી ગામમાં વિવાદિત જમીન પર ખેડાણ મુદ્દે ખેડૂતો અને વન વિભાગના કર્મચારીઓ આમને-સામને, તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ

નર્મદા : નર્મદા જિલ્લાના ખોપી ગામમાં જમીનના ખેડાણ લઈને ખેડૂતો અને વન વિભાગ વચ્ચેનો જૂનો વિવાદ ફરી એકવાર વકર્યો છે. વિવાદિત જમીન પર વન વિભાગની ટીમ દ્વારા રોપા રોપવાની કામગીરી હાથ ધરાતાં ખેડૂતો અને વન વિભાગના કર્મચારીઓ સામસામે આવી ગયા હતા, જેના કારણે ઘટનાસ્થળે ભારે તણાવની સ્થિતિ સર્જાઈ હતી.

મળતી માહિતી અનુસાર, નર્મદા જિલ્લાના ખોપી ગામમાં આવેલી એક વિવાદિત જમીન પર વન વિભાગના કર્મચારીઓ રોપાઓ રોપવા માટે પહોંચ્યા હતા. વન વિભાગની આ કામગીરીની જાણ થતાં જ સ્થાનિક ખેડૂતો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને વનકર્મીઓનો વિરોધ કર્યો હતો. વનકર્મીઓ રોપા વાવવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે સ્થાનિક ખેડૂતોએ વિવાદિત જગ્યા પર ટ્રેક્ટર કે હળ વડે ખેડાણ શરૂ કરી દીધું હતું, જેથી વન વિભાગની ટીમ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણની સ્થિતિ નિર્માણ પામી હતી.આ ઘટના દરમિયાન બંને પક્ષો વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી અને ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ગ્રામજનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, 'વન વિભાગના કર્મચારીઓએ જ અમને ગાડીમાં બેસવાનું કહ્યું હતું.' ત્યારબાદ વનકર્મીઓ સ્થળ પરથી ભાગી ગયા હતા. બીજી તરફ વનકર્મીઓએ આ આક્ષેપોને ફગાવતાં સ્પષ્ટતા કરી હતી કે, 'કોઈ પણ ગ્રામજન કે ખેડૂતને ગાડીમાં બેસવાનું કહ્યું નથી.' ખોપી ગામમાં જમીન ખેડાણ અને રોપા રોપવાના મુદ્દે વન વિભાગ અને ખેડૂતો વચ્ચે ફરી એકવાર આમને-સામને આવી જવાની ઘટના બાદ સમગ્ર પંથકમાં મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

## લાલપુરના મેઘપર ગામમાં 4 કિલો ગાંજા સાથે બિહારનો શખ્સ ઝડપાયો : રૂ.2.11 લાખના મુદ્દામાલ સાથે જપ્ત

જામનગર : જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત એસઓજી અને મેઘપર (પડાણા) પોલીસની સંયુક્ત ટીમે મેઘપર ગામમાંથી 4 કિલો ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો છે. પોલીસે રૂા.2.11 લાખનો મુદ્દામાલ કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.એસઓજી તથા મેઘપર (પડાણા) પોલીસની ટીમ સંયુક્ત પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, મેઘપર ગામમાં આરઓ પ્લાન્ટ પાસે આવેલા મકાનની ઓરડીમાં રહેતો સુનિલકુમાર રામબાબુ રાય ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે.બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ઓરડીમાંથી સુનિલકુમાર રામબાબુ રાય (મૂળ-રહેવાસી વૈશાલી, બિહાર) મળી આવ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી 4 કિલો ગાંજો, કિંમત રૂા.2 લાખ, એક મોબાઈલ ફોન રૂા.10 હજાર તથા રોકડા રૂા.1,520 મળી કુલ રૂા.2,11,520નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.આ અંગે મેઘપર (પડાણા) પોલીસ મથકે એનડીપીએસ એક્ટની કલમ 8(સી), 20(બી)(2)(બી) અને 29 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જામનગરમાં નશીલા પદાર્થો સામેની ઝુંબેશ હેઠળ SOG અને મેઘપર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી છે.

જામનગરમાં સૌપ્રથમ વખત વૈજ્ઞાનિક પદ્ધતિથી 'બર્ડ એટલાસ' સર્વે

## બર્ડ કનઝર્વેશન સોસાયટી ગુજરાત સહિત જામનગરની પ્રકૃતિપ્રેમી, જીવદયાપ્રેમી સંસ્થાઓનો સંયુક્ત પ્રયાસ




(એજન્સી) જામનગર | તા.28

જામનગરમાં પ્રથમ વખત શહેરી વિસ્તારમાં પક્ષીઓની સંખ્યા, વિવિધતા અને ઋતુ પ્રમાણે તેમની હાજરીનો વૈજ્ઞાનિક ડેટાબેઝ તૈયાર કરવાના હેતુથી બર્ડ કનઝર્વેશન સોસાયટી ગુજરાત (BCSG) તથા જામનગરની વિવિધ પ્રકૃતિપ્રેમી, જીવદયાપ્રેમી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસથી "જામનગર બર્ડ એટલાસ" કાર્યક્રમ યોજાયો હતો. વઢવાણ મુકામે વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દ્વારા બર્ડ એટલાસની જાહેરાત કરવામાં આવ્યા બાદ છેલ્લા ત્રણ મહિનાથી કરવામાં આવેલી મહેનત અને આયોજનના પરિણામે જામનગરમાં આ વૈજ્ઞાનિક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.આ સર્વેમાં 62 પક્ષીપ્રેમીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો, બર્ડ એટલાસના પ્રથમ તબક્કામાં કુલ 62 પક્ષીપ્રેમીઓ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરો, પક્ષીવિદો, વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા આમંત્રિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારથી જ અલગ અલગ ટીમો દ્વારા જામનગર શહેરના વિવિધ નિર્ધારિત વિસ્તારોમાં ફરીને પક્ષીઓનું નિરીક્ષણ અને નોંધણી કરવામાં આવી હતી.વૈજ્ઞાનિક પદ્ધતિથી સર્વે હાથ ધરવા માટે જામનગર શહેરને કુલ 25 ગ્રીડમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. દરેક ગ્રીડમાં બે સબસેલ અને દરેક સબસેલમાં ચાર ચેકલિસ્ટ મુજબ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આમ કુલ 200 ચેકલિસ્ટ તૈયાર કરવામાં આવ્યા હતા. આ ચેકલિસ્ટના આધારે વિવિધ વિસ્તારોમાં જોવા મળતા પક્ષીઓની જાતિ, હાજરી અને અન્ય જરૂરી વિગતોનું વૈજ્ઞાનિક રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. જામનગર બર્ડ એટલાસનો સર્વે કુલ ત્રણ ફેસમાં યોજાનાર છે. જેમાં ચોમાસું, શિયાળો અને ઉનાળો એમ ત્રણેય ઋતુ દરમિયાન પક્ષીઓની હાજરીનો અભ્યાસ કરવામાં આવશે. હાલમાં પ્રથમ ફેઝ તરીકે સપ્ટેમ્બર માસ દરમિયાન ચોમાસુ સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે.

દુષ્કાળ જાહેર કરવા સર્વે કરાય અને ખેડૂતોની વીજ લાઈન-થાંભલાની ફરિયાદોનો ઝડપી નિકાલ કરાય

## જામનગર ના ખેડૂતો માટે સૌની યોજનાથી ડેમોમાં પાણી ભરવાની માંગ સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખની જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત

(એજન્સી) જામનગર | તા.28



જામનગર જિલ્લામાં વરસાદની અછત અને સિંચાઈના પાણીની સમસ્યાના કારણે ખેડૂતોના સુકાતા પાકને બચાવવા સરકાર દ્વારા સૌની યોજના મારફતે ડેમોમાં પાણી ભરવામાં આવે તેમજ સિંચાઈની કેનાલોમાં પાણી છોડવામાં આવે તેવી માંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથિરીયાએ રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણી અને જિલ્લા કલેક્ટર પી.બી.પંડયાને લેખિત રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવાયું છે કે, જામનગર જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદની અછતના કારણે ખેડૂતો પોતાના ઉભા પાકને બચાવવા માટે ચિંતિત બન્યા છે. ત્યારે સરકાર દ્વારા તાત્કાલિક તાલુકાવાર વરસાદ, ડેમોની જળસપાટી, પાકની સ્થિતિ તેમજ પાણીની જરૂરિયાત અંગેના સત્તાવાર આંકડા જાહેર કરવા જોઈએ. ઉપરાંત, દુષ્કાળ જાહેર કરવા માટેના લાગુ માપદંડો મુજબ તાત્કાલિક સર્વે હાથ ધરી યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સૌની યોજના સહિત ઉપલબ્ધ જળસ્ત્રોતોમાંથી શક્ય હોય ત્યાં સુધી જામનગર જિલ્લાના ડેમોમાં તાત્કાલિક પાણી પહોંચાડવામાં આવે અને ઉપલબ્ધ સિંચાઈના પાણીનું આયોજન કરીને કેનાલોમાં પાણી છોડવામાં આવે, જેથી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચી શકે તેવી રજૂઆત કરવામાં આવી છે.

વીજ લાઈન-થાંભલાની ફરિયાદોના ઝડપી નિકાલની માંગખેડૂતો તરફથી ખાનગી વીજ કંપનીઓ દ્વારા ખેતરોમાં વીજ લાઈનો નાખવા અને વીજ થાંભલા ઉભા કરવા બાબતે પણ ફરિયાદો અને વાંધાઓ સામે આવી રહ્યા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આવા દરેક કિસ્સામાં જમીનમાલિકોના કાયદેસરના અધિકારો, લાગુ પ્રક્રિયા અને વળતર અંગે સંપૂર્ણ પારદર્શિતા જાળવવામાં આવે તેમજ ખેડૂતોની ફરિયાદોના ઝડપી નિકાલ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા કરવામાં આવી છે.

## જામનગરના બેડેશ્વર પુલ નીચેથી ચોરાયેલી મોટરસાયકલ સાથે શખ્સ ઝડપાયો

જામનગર: જામનગરમાં વાહનચોરીના બનાવો અટકાવવા અને વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન સિટી 'બી' ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્કવોડે બેડેશ્વર પુલ નીચે સેલ્ટર હોમ પાસેથી ચોરાયેલી મોટરસાયકલ સાથે એક શખ્સને ઝડપી ચોરીનો ગુનો ઉકેલી કાઢ્યો છે.જામનગર સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ 303(2) મુજબ નોંધાયેલા ગુનામાં ફરિયાદીની ટી.વી.એસ. કંપનીની સ્કુટી પેપ પ્લસ, કાળા રંગની મોટરસાયકલ, રજીસ્ટ્રેશન નંબર જીજે-10-એઆર-3669, બેડેશ્વર પુલ નીચે સેલ્ટર હોમ પાસેથી પાર્ક કરેલી હતી. અજાણ્યો શખ્સ આ વાહન ચોરી કરી ગયો હતો.ગુનાની તપાસ દરમિયાન સર્વેલન્સ સ્કવોડને મળેલી બાતમીના આધારે પોલીસે બેડેશ્વર એકડે-એક વિસ્તારમાં હુશેની મસ્જિદ પાસે રહેતા હુશેન સતારભાઈ પલેજા (ઉ.વ.22)ને ઝડપી લીધો હતો. તેની પાસેથી ઉપરોક્ત મોટરસાયકલ મળી આવતાં પોલીસે ચેસીસ નંબર અને એન્જિન નંબરની ખરાઈ કરી હતી.

## જામનગરમાં ગરબીની ફી મુદ્દે મહિલા વકીલના 12 વર્ષના પુત્રને થપ્પડ, માતા મહિલા વકીલને ધમકી

જામનગર: જામનગરના રણજીતસાગર રોડ વિસ્તારમાં ગરબીની ફી ભરવા બાબતે વકીલના 12 વર્ષના પુત્રને થપ્પડ મારવાના બનાવ અંગે ગરબી સંચાલકની પુત્રી સહિત બે મહિલાઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી માતા પોતે જામનગર કોર્ટમાં વકીલાતની પ્રેક્ટિસ કરતી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.ફરિયાદ મુજબ, તા.23 સપ્ટેમ્બરની રાત્રે વૃંદાવન પાર્ક વિસ્તારમાં યોજાતી જય અંબે ગરબીની પ્રેક્ટિસમાં ફરિયાદી એડવોકેટનો 12 વર્ષનો પુત્ર ગયો હતો. તેની ગરબીની ફી ભરવાની બાકી હોવાથી સંચાલક રીયાબેન બજાજે ફરિયાદીને ફોન કર્યો હતો. ત્યારબાદ રીયાબેનની પુત્રી સુમનબેને બાળકને ગરબીમાંથી કાઢી મૂક્યો હતો અને તેને ડાબા ગાલ પર થપ્પડ મારી હોવાનો આક્ષેપ છે.બાળક રડતો ઘરે પહોંચ્યો હોવાની જાણ થતાં તેની માતા ગરબી સ્થળે પહોંચી હતી. ત્યાં ફી બાબતે વાતચીત દરમિયાન સુમનબેને ફરિયાદીને 'તમે વકીલ છો, તમારાથી થાય તે કરી લેજો' તેમ કહી ધમકી આપી હોવાનો આક્ષેપ છે. અન્ય મહિલા હેમાલીબેને પણ પોલીસમાં ઓળખાણ હોવાનું કહી ફરિયાદીને જ્યાં જવું હોય ત્યાં જવા જણાવ્યું હોવાની ફરિયાદમાં નોંધ છે.

આ ઉપરાંત ફરિયાદ મુજબ, 'તમે અને તમારો દીકરો અહીં ફરકતા નહીં, નહીં તો તમારા દીકરાને જાનથી પતાવી દઈશ અથવા ગુમ કરી દઈશ' તેવી ધમકી આપવામાં આવી હતી. બાળકના ગાલ અને કાનમાં ઈજા થતાં તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. ડોક્ટરે કાનની તપાસ માટે એન્ડોસ્કોપી કરાવી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.આ સમગ્ર પ્રકરણ અંગે વકીલ મહિલાએ સિટી-એ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

"હડકવા વિરોધી રસી મુકાવો, હડકવા ભગાવો"

# વિશ્વ રેબીઝ દિવસ નિમિત્તે રેબીઝથી બચવા જનજાગૃતિ અપીલ

પાલનપુર : તા.૨૮ સપ્ટેમ્બરના રોજ "વિશ્વ રેબીઝ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટે વિશ્વ રેબીઝ દિવસની થીમ "Stronger Together" રાખવામાં આવી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં કુતરાઓ દ્વારા ફેલાતા રેબીઝ (હડકવા) રોગને નાબૂદ કરવાના રાષ્ટ્રીય લક્ષ્યાંકને સિદ્ધ કરવા જાહેર જનતા, પશુપાલકો અને શ્વાનપ્રેમીઓમાં રેબીઝ અંગે જાગૃતિ લાવવા અપીલ કરવામાં આવે છે. કુતરા દ્વારા કરડવાના કિસ્સામાં તાત્કાલિક ઘાને સ્વચ્છ પાણી અને ડિટર્જન્ટ સાબુ વડે સતત ૫થી ૧૦ મિનિટ સુધી સારી રીતે ધોઈ લેવો જોઈએ અને ત્યારબાદ મનુષ્યના કિસ્સામાં નજીકના આરોગ્ય કેન્દ્ર તથા પ્રાણીના કિસ્સામાં નજીકના પશુ સારવાર કેન્દ્ર ખાતે જઈ તબીબની સલાહ મુજબ હડકવા વિરોધી રસી સમયસર મુકાવવી જરૂરી છે. આ ઉપરાંત, શ્વાન અને બિલાડી પાલકોને પોતાના





પાલતુ શ્વાન તથા બિલાડીઓને જન્મના બે માસ બાદ નજીકની પશુ સારવાર સંસ્થામાં લઈ જઈ પશુચિકિત્સકની સલાહ મુજબ હડકવા વિરોધી રસી સમયસર મુકાવવા અપીલ કરવામાં આવે છે. પાલતુ પ્રાણીઓનું સમયસર રસીકરણ કરાવવાથી પ્રાણીઓમાં તેમજ તેમના દ્વારા મનુષ્યમાં રેબીઝ ફેલાવાની શક્યતા ઘટાડવામાં મદદ મળી શકે છે. આથી "હડકવા વિરોધી રસી મુકાવો, હડકવા ભગાવો"ના સંદેશ સાથે સૌને રેબીઝ અંગે જાગૃત રહેવા, પાલતુ પ્રાણીઓનું સમયસર રસીકરણ કરાવવા અને કુતરા દ્વારા કરડવાના કિસ્સામાં તાત્કાલિક જરૂરી સારવાર લેવા નાયબ પશુપાલક નિયામક શ્રી જિલ્લા પંચાયત બનાસકાંઠા દ્વારા અપીલ કરવામાં આવે છે.

શિક્ષણ પ્રત્યે રસ વધારવા

## નાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું



| કમલેશ પટેલ. સંખેડા

સંખેડા આંગણવાડી કેન્દ્ર નંબર-૧ ખાતે આજે આંગણ સેવા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું.મહિલા કાર્યકર ગીતાબેન પાઠકની હાજરીમાં સંખેડા તાલુકા ભાજપા ઉપપ્રમુખ જયેશકુમાર રોયે આ કીટ આપી. કીટમાં રબર, પેન્સિલ, સંચો અને સ્કેલ જેવી વસ્તુઓ હતી.આ શૈક્ષણિક સામગ્રી બાળકોનો શિક્ષણ પ્રત્યે રસ વધારવા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા અપાઈ. નાની ઉંમરથી જ શિક્ષણ સાથે તેમનું જોડાણ મજબૂત કરવાનો હેતુ હતો.આ પ્રસંગે બાળકો સાથે વાતચીત કરીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ અપાઈ હતી. આ કાર્યક્રમ સેવા, સંસ્કાર અને શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયો હતો.

## શું અઠવાડિયામાં 5 દિવસીય બેંકિંગ (5-Day Work Week) ની માંગ સ્વીકારાઈ?

# સરકારે બેંક કર્મચારીઓની માગણીઓ સ્વીકારી લીધી? હડતાળ ટળી જવાનું કારણ

(એજન્સી) નવી દિલ્હી | તા.28

દેશના કરોડો બેંક ગ્રાહકોને રાહત, 28 થી 30 સપ્ટેમ્બરની 3 દિવસીય દેશવ્યાપી બેંક હડતાલ મોકૂફ રાખવામાં આવી છે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ વચ્ચે 27 સપ્ટેમ્બરના રોજ થયેલી બેઠક બાદ આ નિર્ણય લેવાયો. 5 દિવસીય બેંકિંગની માંગ પર હજુ કોઈ અંતિમ નિર્ણય નથી. આ મુદ્દે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરાશે. દેશના કરોડો બેંક ગ્રાહકો માટે અત્યંત રાહતના સમાચાર સામે આવ્યા છે. 28 થી 30 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી 3 દિવસીય દેશવ્યાપી બેંક હડતાલ છેલ્લી ઘડીએ મોકૂફ (ટાળી) રાખવામાં આવી છે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) વચ્ચે 27 સપ્ટેમ્બરે રાત્રે સાડા નવ વાગ્યે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ હડતાલ પાછી ખેંચવાનો નિર્ણય લેવાયો હતો.

અગાઉ આ હડતાલને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની સુવિધા માટે રવિવારે પણ દેશની સરકારી બેંકો ખુલ્લી રાખવામાં આવી હતી.5-ડે વર્કિંગ પ્રથા લાગુ કરવાની માંગણીઓ વચ્ચે સરકારે સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણા મંત્રાલયે 5 દિવસ કામ અને 2 દિવસ રજાના પ્રસ્તાવ પર કોઈ આખરી પ્રતિબદ્ધતા દર્શાવી નથી. તમામ શનિવારને રજા જાહેર કરવાની માંગ અંગે ગ્રાહકો અને તમામ હિતધારકોને સ્વીકાર્ય હોય તેવો વચગાળાનો માર્ગ શોધવા માટે IBA અને UFBU ની એક ખાસ ઉચ્ચ સ્તરીય કમિટી (High-Level Committee) ની રચના કરવાનો નિર્ણય લેવાયો છે.તહેવાર પેકેજો મેળવો



### મુખ્ય માંગણીઓ અને સમિતિની રચના

UFBU દ્વારા બહાર પાડવામાં આવેલા સર્ક્યુલર મુજબ મુખ્ય મુદ્દાઓ પર નીચે મુજબની સહમતિ બની છે:PLI સ્કીમમાં સુધારો: સ્કેલ IV અને તેનાથી ઉપરના અધિકારીઓ માટેની પર્ફોર્મન્સ લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના પર યુનિયનો દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધા સંદર્ભે IBA સરકાર સમક્ષ સુધારાનો પ્રસ્તાવ મુકશે.બાકી મુદ્દાઓનો નિકાલ: 8 માર્ચ 2024 ની બેઠકના મિનિટ્સમાં જે અન્ય મુદ્દાઓ બાકી રહી ગયા હતા, તેના પર પણ ઝડપથી નિરાકરણ લાવવા ચર્ચા હાથ ધરાશે.

### "ગ્રાહકોને હેરાન કરવાનો હેતુ નથી": યુનિયન નેતા

યુનાઈટેડ ફોરમ ઓફ હિમાચલ પ્રદેશના કન્વીનર નરેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે, "અમારો ઈરાદો ગ્રાહકોને મુશ્કેલીમાં મૂકવાનો નથી. અમે બેંકિંગ સેવાઓનું મહત્વ સમજીએ છીએ. પરંતુ છેલ્લા સાડા બે વર્ષથી કરાર થયા હોવા છતાં અમારી વ્યાજબી માંગણીઓ લટકેલી હોવાથી અમારે વિરોધનો માર્ગ અપનાવવો પડ્યો હતો. હવે બેઠકમાં હકારાત્મક ચર્ચા થતાં આંદોલન અને હડતાલ મોકૂફ રાખવામાં આવે છે."

## એપોલો હોસ્પિટલ્સના "My Hands Are Ready" અભિયાને 30 દિવસમાં ૬૧,૨૨૧ CPR પ્રતિજ્ઞાઓ સાથે વિશ્વ વિક્રમ સ્થાપ્યો




મુંબઈ | 'શું નવી મુંબઈ કોઈનો જીવ બચાવવા માટે તૈયાર છે?' આ એ પ્રશ્ન હતો જેનાથી એપોલો હોસ્પિટલ્સ નવી મુંબઈ દ્વારા 'CPR પ્રતિજ્ઞા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી હતી. ૮ જુલાઈથી ૭ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવેલા આ અભિયાનનો ઉદ્દેશ્ય ૫૦,૦૦૦ લોકોને એવી પ્રતિજ્ઞા લેવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો કે તેઓ CPR શીખશે અને વ્યાવસાયિક તબીબી સહાય મળે તે પહેલાંના નિર્ણાયક ક્ષણોમાં મદદ કરવા માટે વધુ સારી રીતે તૈયાર રહેશે. નવી મુંબઈએ માત્ર નિર્ધારિત લક્ષ્યાંકને પાર જ ન કર્યો, પરંતુ તૈયારીના સામૂહિક સંકલ્પ સાથે સમગ્ર શહેરના લોકોને એકસાથે જોડ્યા.આ પહેલમાં શાળાઓ, કોલેજો, કાર્યસ્થળો અને સામુદાયિક સંસ્થાઓ સહિત ૧૨૦થી વધુ સંસ્થાઓએ ભાગ લીધો, જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આરોગ્યસંભાળ વ્યવસાયિકો, કર્મચારીઓ, પરિવારો અને સમુદાયના સભ્યો એકત્ર થયા. આ પહેલનો હેતુ લોકોને તબીબી કટોકટીના સમયે પ્રતિસાદ આપવામાં વધુ સજ્જ અને સક્રિય બનવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. અભિયાન દરમિયાન, ૬૧,૨૨૧ લોકોએ CPR શીખવાની પ્રતિજ્ઞા લીધી, જેનાથી એક સામાન્ય હાકલ એક વ્યાપક સામુદાયિક આંદોલનમાં પરિવર્તિત થઈ.એપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ વાઈસ ચેરપર્સન ડૉ. પ્રીથા રેડ્ડી અને અભિનેત્રી કરિશ્મા કપૂરની ઉપસ્થિતિમાં યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં, ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ (GUINNESS WORLD RECORDS) દ્વારા એપોલો હોસ્પિટલ્સ નવી મુંબઈને 'એક મહિનામાં CPR શીખવા માટે સૌથી વધુ પ્રતિજ્ઞાઓ મેળવવા' બદલ સત્તાવાર રીતે રેકોર્ડ-ધારક તરીકે માન્યતા આપવામાં આવી અને આ સાથે જ મહિના-લાંબા અભિયાનનું સમાપન થયું.

# News Brief

## સોલફેજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક્સનો રૂ.21.78 કરોડનો IPO 30મી સપ્ટેમ્બરના ખૂલશે; 12 નવા શો રૂમ ખોલવાનો આયોજન

કોલકત્તા | સોલફેજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ, એ પ્રીમિયમ ઓડિયો, વિડીઓ અને સ્માર્ટ લિવિંગ સોલ્યુશન્સ પૂરી પાડનારી કંપનીનો રૂ. 21.78 કરોડનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) 30મી સપ્ટેમ્બર, 2026ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખૂલશે. ફિક્સ્ડ- પ્રાઈઝ ઇશ્યૂમાં પ્રતિશેર રૂ. 55ની કિંમતના 39.60 લાખ ઈક્વિટી શેર ઇશ્યૂ કરવામાં આવશે અને આ ઇશ્યૂ 5 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે. કંપની ઈક્વિટી શેરના લિસ્ટીંગ માટે બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર પ્રસ્તાવ મૂક્યો છે.આ આઈપીઓ સંપૂર્ણપણે નવો ઇશ્યૂ છે, જે મુખ્યત્વે કંપનીના રિટેલ નેટવર્કને વિસ્તૃત કરવા અને કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે લાવવામાં આવ્યો છે. સોલફેજ પશ્ચિમ બંગાળ, આસામ અને હરિયાણામાં 12 નવા શોરૂમ સ્થાપવા માટે 8.54 કરોડનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે, જ્યારે કાર્યકારી મૂડી માટે 9.67 કરોડનો ઉપયોગ કરવામાં આવશે.હાલમાં કોલકત્તા, ગુડગાંવ અને ભુવનેશ્વરમાં ત્રણ શોરૂમ અને એક્સપિરિયન્સ સેન્ટર ચાલી રહ્યા છે, કંપની તેના રિટેલ ફૂટપ્રિન્ટને 15 આઉટલેટ્સ સુધી વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. 12 પ્રસ્તાવિત શોરૂમ કંપની ઓન્ડ કંપની ઓપરેટેડ (સીઓસીઓ) મોડેલ પર કાર્ય કરશે, જેમાં તમામ સ્થાનો માટે લેટર ઓફ ઈન્ટેન્ટ પહેલાથી જ પ્રાપ્ત થઈ ગયા છે. નવા આઉટલેટ્સ ડિસેમ્બર 2026 અને ફેબ્રુઆરી 2027ની વચ્ચે શરૂ થવાની સંભાવના છે.સોલફેજ પ્રીમિયમ ઑડિઓ અને વિડીયો ઉત્પાદનો, હોમ ઓટોમેશન, સ્માર્ટ લાઈટિંગ, ક્લાયમેટ કંટ્રોલ, સુરક્ષા અને સર્વેલન્સ સિસ્ટમ્સ, જીવનશૈલી અને સુખાકારી ઉકેલો અને સંબંધિત એકીકરણ સેવાઓ પૂરી પાડે છે. કંપની કન્સલ્ટેશન, કસ્ટમાઈઝ્ડ સિસ્ટમ ડિઝાઈન, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને વેચાણ પછીની સર્વિસીસને આવરી લેતા એન્ડ-ટુ-એન્ડ મોડેલને અનુસરે છે.




## અમદાવાદની સોલર EPC કંપની ડિઓન એનર્જીએ IPO માટે DRHP ફાઈલ કર્યું

અમદાવાદ | અમદાવાદ સ્થિતિ સોલર EPC કંપની ડિઓન એનર્જી લિમિટેડે પ્રસ્તાવિત IPO (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) માટે સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)માં એનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (DRHP) ફાઈલ કર્યું છે.આ સૂચિત ઓફરમાં 72 લાખ ઈક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યૂ અને પ્રમોટર શેરધારકો દ્વારા મહત્તમ 20 લાખ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. ફ્રેશ ઇશ્યૂમાંથી પ્રાપ્ત થનારું ચોખ્ખું ફંડ 95.80 કરોડનો ઉપયોગ ગુજરાતમાં જૂનાગઢ, સુરેન્દ્રનગર અને કચ્છમાં છ ઓળખ કરાયેલી સાઈટ પર સ્વતંત્ર વીજ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કરવા મૂડીગત ખર્ચની જરૂરિયાતોને ફંડ પૂરું પાડવાનો છે. ઉપરાંત 75 કરોડની ચોખ્ખી આવકનો ઉપયોગ કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે થશે તેમજ બાકીની રકમનો ઉપયોગ સાધારણ કોર્પોરેટ કામગીરીઓ માટે થશે. કંપની મુખ્યત્વે ઔદ્યોગિક ગ્રાહકો માટે ગ્રાઉન્ડ માઉન્ટેડ અને રુફટોપ સોલર એન્જિનિયરિંગ, પ્રોક્યુરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (EPC) પ્રોજેક્ટનો અમલ કરે છે. તે ઓપરેશન એન્ડ મેઈનટેનન્સ (O&M) સેવાઓ તથા વિકસતા IPP વ્યવસાય મારફતે વીજળી પેદા કરવાની સેવા પણ પ્રદાન કરે છે.ડિઓન એનર્જીએ ગુજરાતમાં ચાર સ્થાનોમાં 5.70 MW DC સોલર પાવર જનરેશન પોર્ટફોલિયો વિકસાવવાની કામગીરી હાથ ધરી છે. DRHPમાં જણાવ્યા મુજબ, નાણાકીય વર્ષ 2025-26માં એક પ્રોજેક્ટ કાર્યરત થઈ ગયો છે, તો અન્ય ત્રણ નાણાકીય વર્ષ 2026-27માં શરૂ થશે.

## બ્લેક ઓપલ કન્સલ્ટન્ટ્સ લિમિટેડનો આઈપીઓ 29 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે, ઈશ્યૂ સાઇઝ રૂ. 55.08 કરોડ રહેશે

નવી દિલ્હી | બ્રોકરેજ, પ્રોપર્ટી એડવાઈઝરી, લોન સિન્ડિકેશન અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ જેવી સેવાઓ પૂરી પાડતા રિયલ એસ્ટેટ સોલ્યુશન્સ પ્લેટફોર્મ બ્લેક ઓપલ કન્સલ્ટન્ટ્સ લિમિટેડનો આઈપીઓ 29 સપ્ટેમ્બર, 2026ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખુલશે. આઈપીઓ 1 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે. કંપનીના ઈક્વિટી શેર બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ થશે.આઈપીઓ બુક-બિલ્ટ ઈશ્યૂ છે, જેની સાઇઝ રૂ. 55.08 કરોડ છે. તેમાં આશરે રૂ. 44.09 કરોડના કુલ મૂલ્યના મહત્તમ 22.38 લાખ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને આશરે રૂ. 10.99 કરોડના કુલ મૂલ્યના મહત્તમ 5.58 લાખ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. કંપનીએ પ્રતિ ઈક્વિટી શેર રૂ. 185થી રૂ. 197નો પ્રાઇઝ બેન્ડ નક્કી કર્યો છે. દરેક શેરની ફેસ વેલ્યુ રૂ. 10 છે. લૉટ સાઇઝ 600 ઈક્વિટી શેરની છે.અપર પ્રાઇઝ બેન્ડ મુજબ, રિટેલ રોકાણકારો માટે લઘુત્તમ અરજી 1,200 શેરની છે, જેના માટે રૂ. 2.36 લાખનું રોકાણ કરવું પડશે. જ્યારે એનઆઈઆઈ રોકાણકારો માટે લઘુત્તમ અરજી 1,800 શેરની છે, જેનું મૂલ્ય રૂ. 3.55 લાખ થાય છે.બ્લેક ઓપલ કન્સલ્ટન્ટ્સ એક ઈન્ટિગ્રેટેડ રિયલ એસ્ટેટ પ્લેટફોર્મ છે, જે પસંદગીની પ્રોપર્ટીના સેલ્સ અને ડિસ્ટ્રીબ્યુશન દ્વારા ડેવલપર્સને ઘર ખરીદનારાઓ અને રોકાણકારો સાથે જોડે છે. કંપની એક્સક્લુઝિવ અને સેમી-એક્સક્લુઝિવ સેલ્સ મેન્ડેટ્સ તેમજ ઈન્વેન્ટરી અન્ડરરાઈટિંગ વ્યવસ્થા હેઠળ કામ કરે છે. કંપનીને પોતાની સેલ્સ ટીમની ક્ષમતા અને વિશાળ બ્રોકર નેટવર્કનો સહયોગ પ્રાપ્ત છે. હાલમાં કંપનીનું પ્લેટફોર્મ દિલ્હી-એનસીઆરમાં 3 ઓફિસ મારફતે કામ કરે છે. કંપની સાથે 2,200થી વધુ ગ્રાહકો, 25થી વધુ ડેવલપર્સ અને 200થી વધુ બ્રોકર્સનું નેટવર્ક જોડાયેલું છે. કંપનીએ અનેક પ્રોજેક્ટ્સમાં કુલ રૂ. 4,000 કરોડથી વધુનું વેચાણ મૂલ્ય નોંધાવ્યું છે.કંપનીએ રેસિડેન્શિયલ, કોમર્શિયલ અને મિક્સ્ડ-યૂઝ પ્રોજેક્ટ્સમાં પણ કામગીરી કરવાની ક્ષમતા દર્શાવી છે. કંપનીની ઈન્વેસ્ટર પ્રેઝન્ટેશન મુજબ, કુલ રૂ. 3,288 કરોડના વેચાણ મૂલ્ય ધરાવતા 14 પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલમાં કંપની પાસે નોઈડા, ગુરુગ્રામ અને ગાઝિયાબાદમાં કુલ આશરે રૂ. 2,100 કરોડના વેચાણ મૂલ્યવાળા 6 મેન્ડેટ્સ છે.

# બરોડા બીએનપી પરિબાસ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડે તેની 8મી વર્ષગાંઠની નજીક પહોંચતા ₹5000 કરોડ રૂપિયા AUMનો માઇલસ્ટોન પાર કર્યો છે

(એજન્સી) મુંબઈ | તા.28

બરોડા બીએનપી પરિબાસ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડે તેની 8મી વર્ષગાંઠ નજીક આવતા 5,000 કરોડની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM) ની સિદ્ધિ હાંસલ કરી છે. આ ઓપન-એન્ડેડ ડાયનામિક એસેટ એલોકેશન ફંડે રોકાણકારો માટે સંપત્તિ સર્જનના તેના પ્રવાસમાં એક વધુ માઈલસ્ટોન નોંધાવ્યો છે.સ્કીમે સતત તેના બેન્ચમાર્ક, નિફ્ટી 50 હાઈબ્રિડ કોમ્પોઝિટ 50:50 ઈન્ડેક્સ કરતાં 1 વર્ષ, 3 વર્ષ અને 5 વર્ષના સમયગાળામાં તેમજ સ્થાપના પછીથી વધુ સારું પ્રદર્શન કર્યું છે, જે તેને રોકાણકારોના પોર્ટફોલિયોમાં કોર એલોકેશન તરીકે મજબૂત બનાવે છે.

### ફંડે સંપત્તિ કેવી રીતે સર્જી છે?

1 લાખનું રોકાણ સ્કીમની શરૂઆતમાં કરવામાં આવ્યું હોત તો ઓગસ્ટ 2026ના અંતે તેનું મૂલ્ય 2,62,961 થયું હોત. ફંડે 1 વર્ષમાં 10.8% SIP રિટર્ન અને સ્થાપના પછીથી 12.75% કમ્પાઉન્ડેડ વાર્ષિક SIP રિટર્ન આપ્યો છે, જે 1 વર્ષ, 3 વર્ષ, 5 વર્ષ તેમજ સ્થાપના પછીના સમયગાળામાં બેન્ચમાર્ક રિટર્ન કરતાં વધુ છે. જે રોકાણકારએ સ્કીમની શરૂઆતથી દર મહિને 10,000નું SIP શરૂ કર્યું હોત, તો ઓગસ્ટ 2026ના અંતે તેની પાસે 15.42 લાખનું સંચય થત.

### ડાયનામિક એસેટ એલોકેશન સ્ટ્રેટેજી કેવી રીતે કાર્ય કરે છે?

ફંડ તેની મલ્ટી-ફેક્ટર એસેટ એલોકેશન મોડલના આધારે નેટ ઈક્વિટી એલોકેશનને 30% થી 100% વચ્ચે ડાયનામિક રીતે એડજસ્ટ કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પોર્ટફોલિયોમાં આ પ્રકારનું રીબેલેન્સિંગ કરે તો તેને ટેક્સ લાયબિલિટી થઈ શકે છે, પરંતુ બરોડા બીએનપી પરિબાસ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ પોતાના પોર્ટફોલિયોમાં સીધું એસેટ એલોકેશન એડજસ્ટ કરે છે, જેથી વ્યક્તિગત રોકાણકારની ટેક્સ લાયબિલિટી માત્ર ત્યારે જ ક્રિસ્ટલાઈઝ થાય છે જ્યારે તેઓ પોતાનું રોકાણ રીડીમ કરે છે.બરોડા બીએનપી પરિબાસ મ્યુચ્યુઅલ ફંડે એક પ્રોપ્રાયટરી વેલ્યુએશન મોડલ વિકસાવ્યું છે, જે અનેક વેલ્યુએશન પેરામીટર્સનું મૂલ્યાંકન કરીને ફંડ મેનેજરોને નેટ ઈક્વિટી અને ડેટ વચ્ચેના રિલેટિવ એલોકેશન અંગે માર્ગદર્શન આપે છે. આ ઓપન-એન્ડેડ હાઈબ્રિડ ફંડના ફંડ મેનેજરો સક્રિય રીતે ડ્યુરેશન અને સેક્ટર તથા માર્કેટ કેપિટલાઈઝેશનમાં એક્સપોઝર મેનેજ કરે છે, જેથી અપસાઈડ કેપ્ચર કરી શકાય, ડાઉનસાઈડથી સુરક્ષા મળી રહે અને જોખમો નિયંત્રિત કરી શકાય.

**વિવિધ એસેટ ક્લાસમાં ડાયવર્સિફાઇડ પોર્ટફોલિયો**

ઓગસ્ટ 2026ના અંતે, સ્કીમના 80.6% એસેટ્સ ઈક્વિટીમાં રોકાયેલા હતા, જ્યારે બાકી ડેટ, કેશ અને અન્ય એસેટ્સમાં રોકાયેલા હતા. ઈક્વિટી પોર્ટફોલિયોમાં 67.7% લાર્જ-કેપ, 24.6% મિડ-કેપ અને 7.7% સ્મોલ-કેપ સ્ટોક્સનો સમાવેશ થાય છે. ડેટ પોર્ટફોલિયો મૂડી સુરક્ષા અને ઈનકમ એક્ર્યુઅલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં 48.8% સોવરેન અને સર્વોચ્ચ ક્રેડિટ રેટેડ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં, 36.3% કેશ અને કેશ ઈક્વિવેલન્ટ્સમાં અને 15% હાઈ-સેફ્ટી રેટેડ AA/AA+ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં એલોકેટ કરવામાં આવ્યા છે.

# નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરી લિમિટેડનો આઈપીઓ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ | તા.28

નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરી લિમિટેડ, ભારતમાં લેબ-ગ્રોન ડાયમંડ સ્ટડેડ ગોલ્ડન જ્વેલરીની ડિઝાઈન, મેન્યુફેક્ચરિંગ અને વેચાણમાં સંકળાયેલ કંપની છે, તેણે બુધવાર, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનું લક્ષ્ય 108.42 કરોડ (અપર પ્રાઈસ બેન્ડ પર) એકત્રિત કરવાનું છે, જેના શેર એનએસઈ & બીએસઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કરવામાં આવશે. આ ઈશ્યુની સાઈઝ 5ના અંકિત મૂલ્ય પર પ્રતિ ઈક્વિટી શેર 70 - 75 પ્રાઈસ બેન્ડ સાથે 1,44,56,000 ઈક્વિટી શેરની છે.ઈક્વિટી શેરની ફાળવણી: નેટ ક્યુઆઈબી - ઈશ્યુના 50%થી વધુ નહીં, એનઆઈઆઈ - ઈશ્યુના 15%થી ઓછા નહીં, આરઆઈઆઈ - ઈશ્યુના 35%થી ઓછા નહીં.આ આઈપીઓમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ મંગળવાર, 29 સપ્ટેમ્બર, 2026ના રોજ થશે અને ઈશ્યુ બુધવાર, 30 સપ્ટેમ્બર,




2026ના રોજ ખુલશે તથા સોમવાર, 5 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે.આ ઈશ્યુ માટેના બુક રનિંગ લીડ મેનેજર ચોઈસ કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે અને રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ છે.નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી રજનીકાંત લલ્લુભાઈ ચાંચડે જણાવ્યું, "આ પ્રસ્તાવિત આઈપીઓ અમારી સફરમાં એક મહત્વપૂર્ણ પડાવ છે. અમે લેબ-ગ્રોન ડાયમંડ સ્ટડેડ ગોલ્ડ જ્વેલરી માટે બી2બી મેન્યુફેક્ચરિંગ અને ડિસ્ટ્રિબ્યુશન તેમજ ડી2સી ઓમ્નીચેનલ રિટેલને આવરી લેતું એક ઈન્ટિગ્રેટેડ પ્લેટફોર્મનું નિર્માણ કર્યું છે. કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે ચોખ્ખી આવકનો પ્રસ્તાવિત ઉપયોગનો ઉદ્દેશ્ય અમારા કામકાજના વ્યાપને વધારવા માટેનો છે; કારણ કે અમે અમારા ગ્રાહક આધારનો વિસ્તાર કરી રહ્યાં છીએ, ડિઝાઈન-આધારિત મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓને મજબૂત બનાવી રહ્યાં છીએ અને વિવિધ ચેનલો પર અમારી ઉપસ્થિતિને વધુ વ્યાપક બનાવી છીએ."

# PVRમાં ફિલ્મ મોડી શરૂ થતા ₹75 હજારનો દંડ

(એજન્સી) નવી દિલ્હી | તા.28

હૈદરાબાદમાં ફિલ્મ 17 મિનિટ મોડી શરૂ થતાં વકીલે PVR સામે ફરિયાદ કરી. ગ્રાહક આયોગે અસુવિધા અને દંડાત્મક હર્જાના સહિત 75 હજારનો આદેશ આપ્યો.હૈદરાબાદ ના એક વકીલ માટે ફિલ્મ જોવાનો એક રાતનો પ્લાન કાનૂની લડાઈમાં ફેરવાઈ ગયો. ખાસ વાત એ છે કે આ કાનૂની લડાઈમાં તેમને PVR સિનેમા સામે 75,000નો દંડ ફટકારતો ચુકાદો મળ્યો. વકીલે રાત્રે 10:35 વાગ્યે શરૂ થનારા શો માટે બે ટિકિટ બુક કરી હતી. તેઓ સમયસર ફિલ્મ શરૂ થવાની આશાએ પહેલેથી જ પોતાની સીટ પર બેસી ગયા હતા. જોકે, સ્ક્રીન પર જાહેરાતો અને ટ્રેલર ચાલતા રહ્યા અને ફિલ્મ નક્કી કરેલા સમય કરતાં 17 મિનિટ મોડી શરૂ થઈ. આ વિલંબને કારણે રાત્રે તેમનો લગભગ એક કલાક વધુ બગડ્યો અને તેઓ રાત્રે 2 વાગ્યાને બદલે સવારે 3 વાગ્યે ઘરે પહોંચ્યા.વકીલે કહ્યું કે આ વિલંબ કોઈ નાની-મોટી અસુવિધા નહોતી. અપેક્ષા કરતાં એક કલાક મોડા ઘરે પહોંચવાના કારણે રાતના બાકીના તેમના પ્લાન પણ બગડી ગયા અને તેમને મોડી રાત્રે મુસાફરી કરવી પડી. તેમણે દલીલ કરી કે PVR વધારાની મિનિટોનો ઉપયોગ જનહિતની સેવા આપતા કન્ટેન્ટને બદલે કમર્શિયલ જાહેરાતો બતાવવા માટે કરી રહ્યું હતું. તેમના કહેવા મુજબ, આ માહિતી અને પ્રસારણ મંત્રાલયના તે નિયમનું ઉલ્લંઘન હતું, જેમાં ફિલ્મ શરૂ થતાં પહેલાં આવા કન્ટેન્ટનું પ્રસારણ અમુક મિનિટ સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યું છે. તેમણે આ મામલો હૈદરાબાદ જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ સમક્ષ રજૂ કર્યો અને થયેલી પરેશાની તથા અસુવિધા બદલ વળતર સાથે કાનૂની ખર્ચની પણ માંગ કરી. PVRએ ફિલ્મ મોડી શરૂ થઈ હોવાની વાતનો ઈનકાર કર્યો નહોતો. તેમનો બચાવ પોતાના વ્યવસાયને ચલાવવાના અધિકાર પર આધારિત હતો. સિનેમા ચેને આયોગને જણાવ્યું કે જાહેરાતો, ટ્રેલર અને જનહિતની ફિલ્મો બતાવવી તેમના વ્યવસાયનો એક ભાગ છે, જે બંધારણના અનુચ્છેદ 19(1)(g) હેઠળ સુરક્ષિત છે. તેમણે સુપ્રીમ કોર્ટના એક જૂના ચુકાદાનો પણ હવાલો આપ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે સિનેમા હોલ એક ખાનગી મિલકત છે અને તેનો માલિક તેને ચલાવવાના નિયમો નક્કી કરી શકે છે, પરંતુ તે નિયમો જનહિત, સુરક્ષા અથવા કલ્યાણની વિરુદ્ધ ન હોવા જોઈએ.PVRએ કહ્યું કે ફિલ્મ પહેલાં બતાવવામાં આવેલું કન્ટેન્ટ જનહિત સાથે જ જોડાયેલું હતું. તેમાં સાક્ષરતા, કૃષિ, મહિલા કલ્યાણ અને સ્વચ્છતા અભિયાન જેવા વિષયો સામેલ હતા.

# પૈસાની અચાનક જરૂર પડે તો FD તોડવી કે FD પર લોન લેવી? સંપૂર્ણ ગણતરી

(એજન્સી) નવી દિલ્હી | તા.28

જો તમને ઈમરજન્સીમાં રૂપિયાની જરૂર પડી છે અને તે માટે તમારી સામે 2 વિકલ્પો છે. મહેનત કરીને બનાવેલી FD તોડી દો અથવા એ જ FD પર લોન લઈને વ્યાજ ભરો, તો કયો વિકલ્પ શ્રેષ્ઠ રહેશે?ઘણીવાર અચાનક પૈસાની જરૂર પડી જાય છે અને તે સમયે આપણી પાસે વિકલ્પો મર્યાદિત હોય છે. હવે માની લો કે તમને 3 લાખની જરૂર પડી છે અને તમારી પાસે 5 લાખની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) છે. FD પર તમને વાર્ષિક 7% વ્યાજ મળી રહ્યું છે. હવે તમારી સામે બે વિકલ્પ છે. પહેલો, FD તોડીને પૈસા ઉપાડી લો. બીજો, FD ચાલુ રાખીને તેની સામે લોન લઈ લો.બંને વિકલ્પમાં તમને જરૂરી પૈસા મળી જશે, પરંતુ બંનેની કિંમત અલગ હશે. તેથી નિર્ણય લેતા પહેલાં બંનેનો સંપૂર્ણ હિસાબ સમજવો જરૂરી છે.માની લો કે તમારી 5 લાખની FD એક વર્ષની છે અને તેના પર 7% વ્યાજ મળે છે. જો FD સંપૂર્ણ સમયગાળા સુધી ચાલુ રહે તો એક વર્ષમાં તમને લગભગ 35,000 વ્યાજ મળશે.પરંતુ 6 મહિના બાદ તમને 3 લાખની જરૂર પડી અને તમે FD સમય પહેલાં તોડી નાખી, તો આ સ્થિતિમાં બેંક સામાન્ય રીતે FD પર નક્કી કરેલા મૂળ વ્યાજદરને બદલે તે સમયગાળા માટે લાગુ પડતા વ્યાજદર પ્રમાણે વ્યાજ આપે છે. આ ઉપરાંત, બેંકની નીતિ મુજબ સમય પહેલાં FD તોડવા બદલ ચાર્જ પણ લાગી શકે છે.માની લો કે FD માટે 6 મહિનાનો લાગુ પડતો વ્યાજદર 6% છે અને બેંક 1% પેનલ્ટી વસૂલે છે. આવી સ્થિતિમાં અસરકારક વ્યાજદર 5% રહી જશે.5 લાખ પર 6 મહિના માટે 5%ના દરે લગભગ 12,500 વ્યાજ મળશે. એટલે કે સંપૂર્ણ સમયગાળા સુધી FD ચાલુ રાખવાથી મળનારા લગભગ 35,000 વ્યાજની સરખામણીએ વ્યાજની આવકમાં લગભગ 22,500નો તફાવત આવી શકે છે.હવે બીજો વિકલ્પ જોઈએ. તમે FD તોડી નથી અને બેંક પાસેથી તેની સામે 3 લાખની લોન લઈ લીધી. માની લો કે બેંક FDના વ્યાજદર કરતાં 1.5% વધુ વ્યાજદર પર લોન આપે છે. એટલે કે 7% વ્યાજ ધરાવતી FD સામે લોનનો વ્યાજદર લગભગ 8.5% રહેશે.જો 3 લાખની લોન 6 મહિના માટે લેવામાં આવે તો તેના પર લગભગ 12,750 વ્યાજ ચૂકવવું પડશે. આ દરમિયાન તમારી 5 લાખની FD ચાલુ રહેશે અને તેના પર FDનું વ્યાજ પણ મળતું રહેશે.એટલે કે જો 3 લાખની જરૂર માત્ર 6 મહિના માટે હોય તો આ ઉદાહરણમાં FD સામે લોન લેવી સસ્તી પડી રહી છે. જોકે, 3 લાખની લોન બાદમાં ચૂકવવી પડશે.FD સામે લોન ક્યારે વધુ યોગ્ય વિકલ્પ બની શકે? જો તમને થોડા સમય માટે પૈસાની જરૂર હોય અને થોડા મહિનામાં રકમ પરત મળવાની અપેક્ષા હોય, તો FD સામે લોન એક વિકલ્પ બની શકે છે.આમાં તમારી FD ચાલુ રહે છે. પૈસાની જરૂરિયાત પૂરી થયા બાદ તમે લોન ચૂકવી શકો છો. સાથે જ FD સમય પહેલાં તોડવાથી મળતા ઓછા વ્યાજનું નુકસાન પણ ટાળી શકાય છે.

# HDFC પેન્શન NPS પ્રેફરન્સ ઈન્ડેક્સ 2026 દર્શાવે છે કે ભારતીયો નિવૃત્તિ માટે જરૂરી ભંડોળનો અંદાજ ઓછો લગાવવાનું ચાલુ રાખી રહ્યા છે

(એજન્સી) મુંબઈ | તા.28

ભારતના અગ્રણી પેન્શન ફંડ મેનેજરોમાંના એક, HDFC પેન્શન ફંડ મેનેજમેન્ટ લિમિટેડે આજે તેના મુખ્ય સંશોધન 'NPS પ્રેફરન્સ ઈન્ડેક્સ સ્ટડી 2026'ની બીજી આવૃત્તિ રજૂ કરી. આ સંશોધન નિવૃત્તિના આયોજન અંગે ભારતીયોના વર્તણૂક-સંબંધિત મુખ્ય પાસાઓ અને નિવૃત્તિ આયોજનના સાધન તરીકે 'નેશનલ પેન્શન સ્કીમ' (NPS) પ્રત્યેની તેમની પસંદગી પર પ્રકાશ પાડે છે. આ વિગતવાર અહેવાલ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના ચેરપર્સન શ્રી એસ. રમન અને HDFC પેન્શન ફંડ મેનેજમેન્ટ લિમિટેડના MD અને CEO શ્રી શ્રીરામ અય્યર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. 2026ના અભ્યાસમાં ભારતનો NPS પ્રેફરન્સ ઈન્ડેક્સ 57 પર પહોંચ્યો છે, જે 2023ના શરૂઆતના 54 પોઈન્ટથી ત્રણ પોઈન્ટ વધારે છે. આ વધારો કન્સિડરેશન દ્વારા થયો હતો, જે છ પોઈન્ટ વધીને 59 પર પહોંચ્યો હતો, જે ફેમિલીયરિટી (58, ત્રણ પોઈન્ટ વધીને) અને અપીલ (56, બે પોઈન્ટ વધીને) કરતા આગળ હતો, જે દર્શાવે છે કે ભારતીય બચતકર્તાઓ NPS પ્રત્યે નિષ્ક્રિય જાગૃતિથી ઉત્પાદનના સક્રિય મૂલ્યાંકન તરફ આગળ વધી રહ્યા છે. સંશોધન ટીમ દ્વારા રીડિંગ્સ 0 થી 100 ના સ્કેલ પર કરવામાં આવે છે. અન્ય રસપ્રદ શોધ નિવૃત્તિ જરૂરિયાતો માટે જરૂરી આદર્શ ભંડોળ પર હતી. ભારતીયોએ તેમના આદર્શ નિવૃત્તિ ભંડોળ લક્ષ્યનો અંદાજ રૂ. 1.5 કરોડ કર્યો છે, જે 2023માં રૂ. 1.34 કરોડ હતો. જોકે, આ રકમ સરેરાશ વાર્ષિક ઘરગથ્થુ આવકના દસ ગણાથી ઓછી રહી, જે ગ્રાહકોને શું લાગે છે કે તેમને શું જરૂર પડશે અને નિવૃત્તિ માટે ખરેખર શું ખર્ચ થશે તે વચ્ચે સતત અંતર દર્શાવે છે.'NPS પ્રેફરન્સ ઈન્ડેક્સ સ્ટડી 2026'ની બીજી આવૃત્તિના અનાવરણ પ્રસંગે HDFC પેન્શન ફંડ મેનેજમેન્ટ લિમિટેડના MD અને CEO શ્રી શ્રીરામ અય્યરે જણાવ્યું હતું કે, 'જેમ જેમ




ભારતમાં નિવૃત્તિ-આયોજનની દિશામાં પ્રગતિ થઈ રહી છે, તેમ તેમ અમારા નિયમનકારના માર્ગદર્શન હેઠળ અમારું ક્ષેત્ર ભારતીયોને એક આકર્ષક ઉત્પાદન દ્વારા સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે; આ ઉત્પાદન તેમને તેમની નિવૃત્તિની જરૂરિયાતો માટે મજબૂત ભંડોળ (કોર્પસ) ઊભું કરવામાં મદદ કરશે. મને વિશ્વાસ છે કે ગ્રાહકોના વર્તન અને NPS પ્રત્યેના તેમના અભિગમ અંગેની ઊંડી સમજ પૂરો પાડતો આ અહેવાલ, ભારતીયોને નિવૃત્તિ માટે ભંડોળ ઊભું કરવામાં સક્ષમ બનાવવાની અમારી પદ્ધતિઓને વધુ સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રેફરન્સ ઈન્ડેક્સમાં થયેલો વધારો એ સંકેત છે કે આપણે સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ; જોકે, NPS સાથેના નિવૃત્તિ-આયોજનના લાભો વિશે ગ્રાહકોને વધુ માહિતગાર કરવા માટે હજુ ઘણું કરવાનું બાકી છે.' તેમણે ઉમેર્યું, "જોકે આપણે NPS માટેની વિચારણામાં સુધારો જોઈ રહ્યા છીએ, તેમ છતાં તેને નોંધણી (enrolment)માં પરિવર્તિત કરવું આવશ્યક છે. અમે આ અભ્યાસમાંથી મળેલા તારણોને ધ્યાનમાં લઈશું અને સતત શિક્ષણ તેમજ ગ્રાહકો સાથેના જોડાણ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીશું."NPS પ્રેફરન્સ ઈન્ડેક્સ 2026 ના મુખ્ય તારણો NPS પ્રેફરન્સ ઈન્ડેક્સ 0 થી 100ના સ્કેલ પર વધીને 57 થયો છે, જે 2023 ના પ્રારંભિક સ્તર 54 કરતા ત્રણ પોઈન્ટ વધુ છે. આ વૃદ્ધિમાં 'કન્સીડરેશન' મોખરે રહ્યું હતું, જે છ પોઈન્ટ વધીને 59 પર પહોંચ્યું હતું; તેની પાછળ 'ફેમિલિયારિટી' (પરિચિતતા - 58, ત્રણ પોઈન્ટનો વધારો) અને 'અપીલ' (આકર્ષણ - 56, બે પોઈન્ટનો વધારો) રહ્યા હતા. આ બાબત સૂચવે છે કે ભારતીય બચતકારો NPS વિશેની માત્ર નિષ્ક્રિય જાણકારીથી આગળ વધીને હવે આ ઉત્પાદનનું સક્રિયપણે મૂલ્યાંકન કરી રહ્યા છે. પ્રાદેશિક સ્તરે, વિચારણામાં થયેલા નોંધપાત્ર વધારાને કારણે ઉત્તર ક્ષેત્રે 60નો સર્વોચ્ચ ઈન્ડેક્સ સ્કોર નોંધાવ્યો હતો, જ્યારે પૂર્વ ક્ષેત્રે 'ફેમિલિયરિટી' (પરિચિતતા)માં સૌથી ઝડપી સુધારો દર્શાવીને પોતાનો સ્કોર 58 સુધી પહોંચાડ્યો હતો.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-03

# ચંદ્ર પર અમેરિકાનું પ્રભુત્વ શરૂ થયું

ડોનાલ્ડ ટ્રમ્પે 'ચંદ્ર અમેરિકાનો છે' કહીને અવકાશમાં વર્ચસ્વની લડાઈ શરૂ કરી છે. અમેરિકા, ચીન અને રશિયા ચંદ્ર પર કાયમી બેઝ બનાવવા સ્પર્ધા કરી રહ્યા છે. અમેરિકા 71 દેશો સાથે આર્ટેમિસ કરાર હેઠળ ચાલી રહ્યું છે, જેમાં ભારત પણ જોડાયું છે. ચીન અને રશિયા 13 દેશો સાથે ILRS પ્રોજેક્ટ ચલાવી રહ્યા છે, જેમાં પાકિસ્તાન સામેલ છે. વૈજ્ઞાનિકો ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીના બરફના ભંડારને સૌથી કિંમતી માને છે. ચંદ્ર હવે બાળકો માટે ચાંદા મામા કે પછી ખગોળશાસ્ત્રીઓ માટે સંશોધનનું કેન્દ્ર નહીં પણ હવે લડાઈનું નવું મેદાન બની ગયો છે. થોડા દિવસ પહેલાં ટ્રમ્પે ખુલ્લેઆમ આની જાહેરાત કરી દીધી હતી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા 'ટ્રુથ' પર ચંદ્રની તસવીર સાથે એક પોસ્ટ લખી કે 'ચંદ્ર અમેરિકાનો છે'. જાણકારોના મતે સ્પેસ રિસર્ચનું કેન્દ્ર રહેલા ચંદ્ર પર હવે વર્ચસ્વ જમાવવાની સ્પર્ધા ચાલી રહી છે. એક તરફ અમેરિકા છે તો બીજી તરફ ચીન અને રશિયા છે. આ સ્પર્ધા એટલી વધી ગઈ છે કે, દુનિયા બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. અમેરિકા અત્યાર સુધી આર્ટેમિસ એકોર્ડ્સ હેઠળ ૭૧ દેશોને પોતાની સાથે જોડી ચૂક્યું છે, જ્યારે ચીને ઈન્ટરનેશનલ લૂનર રિસર્ચ સ્ટેશનના નામે ૧૩ દેશોને પોતાની સાથે જોડયા છે. ખાસ વાત એ છે કે આ સ્પર્ધામાં ભારત અમેરિકાની સાથે છે, જ્યારે પાકિસ્તાને ચીનનો સાથ પસંદ કર્યો છે.

જાણકારોના મતે અમેરિકા અને ચીન વચ્ચે ચંદ્ર પર કાયમી બેઝ બનાવવાની રેસ ચાલી રહી છે. બંને દેશો ચંદ્રના સાઉથ પોલ પર કાયમી બેઝ બનાવવા માટે મોટા મિશનો લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ માટે અમેરિકાએ આર્ટેમિસ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ નાસાનો એવો કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય માત્ર માનવોને ચંદ્ર પર મોકલવાનો નથી, પરંતુ ત્યાં કાયમી હાજરી સ્થાપિત કરવાનો છે. તે ત્યાં રહીને વિવિધ પ્રયોગો કરવા તથા આગામી અવકાશી પ્રયોગો માટે તેને બેઝ બનાવવા માગે છે. અમેરિકાએ આ મિશનમાં ઘણા દેશોને જોડયા છે અને આ કરારને આર્ટેમિસ એકોર્ડ્સ નામ આપવામાં આવ્યું છે. આ અંતર્ગત પાંચ મિશનો હાથ ધરવામાં આવશે. તેમાંથી બે પૂરા થઈ ચૂક્યા છે. આવતા વર્ષે ત્રીજું મિશન થશે અને ચોથા મિશનમાં માનવોને ચંદ્ર પર મોકલવામાં આવશે, જે ૨૦૨૮માં નિર્ધારિત છે. ત્યારબાદ નિયમિત મિશનો શરૂ થશે. અમેરિકા આ માટે ચંદ્રની ભ્રમણકક્ષામાં એક નાનું સ્પેસ સ્ટેશન એટલે કે ગેટવે પણ બનાવશે. બીજી તરફ,"નૂઈજીએ ચીન અને રશિયાનું મૂન બેઝ મિશન છે. આ પ્રોજેક્ટ ૨૦૨૧માં શરૂ થયો હતો. વર્ષ ૨૦૨૬થી ૨૦૩૦ દરમિયાન માનવોને મોકલીને અહીં ટેકનિકલ પરીક્ષણો કરવામાં આવશે અને ત્યારબાદ કાયમી મૂન બેઝ તૈયાર થશે.

ઉલ્લેખનીય છે કે, આર્ટેમિસ કરાર મૂળભૂત રીતે શાંતિપૂર્ણ સ્પેસ રિસર્ચ માટે કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૦માં નાસા દ્વારા આની શરૂઆત કરવામાં આવી હતી. અત્યાર સુધી અવકાશ સંબંધિત સૌથી મોટો આંતરરાષ્ટ્રીય કરાર ૧૯૬૭માં થયો હતો, જેનાથી આજે પણ અવકાશના પાયાના નિયમો નક્કી થાય છે. જોકે, તેમાં ચંદ્ર પર માઈનિંગ, સંસાધનોના ઉપયોગ અને ડેટા શેરિંગને લઈને કોઈ સ્પષ્ટ નિયમો નહોતા. અમેરિકાએ આ જૂથની રચના એટલે કરી જેથી તમામ દેશો સાથે મળીને સ્પેસ મિશનમાં સહયોગ જાળવી શકે અને જરૂર પડયે નવા નિયમો બનાવી શકાય. આ કરાર કોઈપણ ગ્રહ કે ઉપગ્રહ પર કોઈ દેશને માલિકી હક આપતો નથી, પરંતુ તે ચંદ્ર પર રહેલા સંસાધનોના ઉપયોગની મંજૂરી આપે છે.

હવે સ્થિતિ એ થઈ છે કે, અમેરિકાએ ઘણા દેશોનો પોતાની તરફ ખેંચી લીધા છે. તેમની સાથે જોડાણ કરી લીધું છે. અમેરિકા સાથે અત્યાર સુધીમાં ૭૧ દેશો જોડાઈ ચૂક્યા છે. જેમાં ભારત, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, દક્ષિણ કોરિયા, સાઉદી અરેબિયા, યુએઈ, ન્યુઝીલેન્ડ સહિત અનેક યુરોપિયન, એશિયન અને લેટિન અમેરિકન દેશો સામેલ છે. ઉલ્લેખનીય છે કે, ભારત ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા દરમિયાન આ કરારમાં જોડાયું હતું. નોંધનીય છે કે આ જૂથમાં અમેરિકા પછી ભારત જ સૌથી મોટી સ્પેસ શક્તિ છે. બીજી તરફ ચીન અને રશિયાએ મળીને ઈન્ટરનેશનલ લૂનર રિસર્ચ સ્ટેશન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તેમાં બેલારુસ, અઝરબૈજાન, ઈજિપ્ત, દક્ષિણ આફ્રિકા, થાઈલેન્ડ, વેનેઝુએલા અને પાકિસ્તાન સામેલ છે. આ મિશનનું સંયુક્ત નેતૃત્વ ચીનની સ્પેસ એજન્સી ભશજીછ અને રશિયાની સ્પેસ એજન્સી રોસકોસમોસ કરી રહી છે.



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા પંથકમાં આજે બેવડી ઋતુનો અનુભવ થયો હતો. સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી હતી.જોકે, બપોર થતા જ વાતાવરણ બદલાયું અને અસહ્ય ગરમી તથા બફારાનો અનુભવ થયો. સવારે ઠંડક અને બપોરે ગરમી એમ બે અલગ-અલગ ઋતુ જેવું વાતાવરણ જોવા મળ્યું.આ બેવડી ઋતુની લોકોના આરોગ્ય પર અસર જોવા મળી રહી છે. શરદી, ઉધરસ અને તાવના કેસ વધવાની શક્યતા છે.આ ઉપરાંત, આવું વાતાવરણ ખેતી પાકો માટે પણ નુકસાનકારક સાબિત થઈ શકે છે. જેને કારણે ખેડૂતોમાં ચિંતા છે.

## સંખેડા તાલુકાના ગુંડીચાથી રામપુરા જતા મુખ્ય માર્ગ પર તંત્ર દ્વારા ઝાડી-ઝાંખરા સાફ કરવાની કામગીરી શરૂ કરાઈ

રિપોર્ટર. કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના ગુંડીચાથી રામપુરા જતા મુખ્ય માર્ગ પર તંત્ર દ્વારા ઝાડી-ઝાંખરા સાફ કરવાની કામગીરી શરૂ કરાઈ છે.આ માર્ગની બંને બાજુ ગાંડા બાવળ અને કાંટાળી ઝાડીઓ ઉગી નીકળી હતી. જેના કારણે રસ્તો સાંકડો થઈ ગયો હતો. રાહદારીઓ અને વાહન ચાલકોને અવર-જવરમાં તકલીફ પડતી હતી.રાત્રિના સમયે અકસ્માતનો ભય પણ વધી ગયો હતો. ગુંડીચા, રામપુરા અને કદવાળી સહિતના ગામના લોકો, વિદ્યાર્થીઓ અને ખેડૂતો આ માર્ગનો ઉપયોગ કરે છે. ચોમાસા પહેલા સફાઈ કરવાની ગ્રામજનોએ માંગ કરી હતી.ગ્રામજનોની માંગને ધ્યાનમાં રાખીને તંત્રએ કટિંગ અને સફાઈની કામગીરી હાથ ધરી છે. આ કામગીરીથી સ્થાનિક લોકોમાં સંતોષ જોવા મળી રહ્યો છે.



## 'ખેલ મહાકુંભ ૨૦૨૬'અંતર્ગત સંખેડા તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધાઓ યોજાઈ



રિપોર્ટર. કમલેશ પટેલ | સંખેડા

ગુજરાત સરકારના 'ખેલ મહાકુંભ ૨૦૨૬' અંતર્ગત સંખેડા તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં છોટાઉદેપુર જિલ્લાની પરવટા મહા ન.વ. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ સારું પ્રદર્શન કર્યું.શાળાના વિદ્યાર્થી ભીલ સુરેશ સુકલિયાભાઈએ અંડર-૧૪ વયજૂથની લાંબી કૂદ સ્પર્ધામાં સંખેડા તાલુકામાં પ્રથમ સ્થાન મેળવ્યું. આ સફળતા બદલ તેની પસંદગી હવે જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે થઈ છે. આચાર્યશ્રી જસુબેન બારીયા, શિક્ષકો નિરવભાઈ મહેતા, સતિષભાઈ ગોહેલ અને યોગિતાબેન કટારીયા સહિત શાળા પરિવારે સુરેશને અભિનંદન આપ્યા. ગ્રામજનો અને શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) એ પણ તેની સફળતાની સરાહના કરી.

# ધ સોમનાથ ગેટવે ને "બેસ્ટ મિડસ્કેલ હોટલ ઓફ ધ યર" એવોર્ડથી સન્માનિત કરાયું

નરેન્દ્ર દવે | જૂનાગઢ

તાજેતરમાં 25 સપ્ટેમ્બર 2026ના રોજ હયાત રીજન્સી, ગુરુગ્રામ ખાતે ઇન્ડિયન ટ્રાવેલ એન્ડ ટેકનોલોજી સમિટ એન્ડ એવોર્ડ્સ 2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોમનાથની પ્રખ્યાત હોટલ 'ધ સોમનાથ ગેટવે'ને પ્રવાસન, આતિથ્ય અને ટેકનોલોજી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ "બેસ્ટ મિડસ્કેલ હોટલ ઓફ ધ યર" એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ સમારોહમાં દેશભરમાંથી પ્રવાસન, આતિથ્ય અને ટેકનોલોજી ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિઓ, નિષ્ણાતો અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગે ધ સોમનાથ ગેટવેના વ્યવસ્થાપક મંડળ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ એવોર્ડ માત્ર ધ સોમનાથ ગેટવે માટે જ નહીં, પરંતુ સમગ્ર સોમનાથ તીર્થધામ માટે અત્યંત ગૌરવની વાત છે. આ સમારોહમાં હોટલ વતી શ્રી ચિરાગ કારિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક પ્રવાસન વિષય પર યોજાયેલ સંવાદમાં દેશ-વિદેશના પ્રતિનિધિઓ સમક્ષ શ્રી સોમનાથ ટ્રસ્ટ તેમજ સોમનાથના તમામ હોટેલિયર્સ અને વ્યવસાયિક સમુદાયની શ્રેષ્ઠ આતિથ્ય ભાવનાની વિશેષ નોંધ લેવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી



ચિરાગ કારિયાએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ અમારા માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ ઓળખ છે. આ સન્માન અમારી સમગ્ર ટીમની મહેનત અને સમર્પણનું પરિણામ છે. આ એવોર્ડ અમારા મહેમાનોને સતત ગુણવત્તાસભર સેવા, આરામદાયક મુકામ અને યાદગાર આતિથ્ય અનુભવ આપવાના અમારા સંકલ્પને વધુ મજબૂત બનાવે છે.ઉલ્લેખનીય છે કે, ધ સોમનાથ ગેટવે છેલ્લા કેટલાક વર્ષોથી સોમનાથના આતિથ્ય ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યું છે. આ હોટલનો મુખ્ય ઉદ્દેશ માત્ર રોકાણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ મહેમાનોને વિશાળ, આરામદાયક અને માનવીય અભિગમવાળો આતિથ્ય અનુભવ પૂરો પાડવાનો છે. આ એવોર્ડ પ્રાપ્ત થયા બાદ ધ સોમનાથ ગેટવેની ટીમ દ્વારા તમામ મહેમાનો, વ્યવસાયિક ભાગીદારો, આરામદાયક ભાગીદારો અને તમામ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સમારોહમાં ઇન્ડિયન ટ્રાવેલ એન્ડ ટેકનોલોજી સમિટ એન્ડ એવોર્ડ્સ 2026 અંતર્ગત ગુરુગ્રામના હયાત રીજન્સી ખાતે 25 સપ્ટેમ્બર 2026ના રોજ સોમનાથની 'ધ સોમનાથ ગેટવે'ને "બેસ્ટ મિડસ્કેલ હોટલ ઓફ ધ યર" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢના રંગ રસાયણના ઉદ્યોગપતિ સ્વ. શ્રી વસંતરાય આણંદજી ઓઝાને પ્રથમ શ્રાધ્ધ નિમિત્તે ભાવાંજલિ અર્પણ કરવામાં આવી

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢના રંગ રસાયણના ઉદ્યોગપતિ સ્વ.શ્રી વસંતરાય આણંદજી ઓઝા પ્રથમ શ્રાધ્ધમા ભળતા તે નિમિત્તે તા.૨૭/૯/૨૦૨૬ ના રોજ સવારે ૯ થી ૧૦ શાસ્ત્રોક્ત ધાર્મિક વિધિ દ્વારા જ્યેષ્ઠ પુત્ર શ્રી હરીશભાઈ ઓઝાના નિવાસ સ્થાને કુટુંબીજનોની હાજરીમા ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી ત્યારબાદ શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ સંસ્કાર કેન્દ્ર વાડી ખાતે સવારે ૧૦ થી ૧.૦૦ સુધી જૂનાગઢ ના ખ્યાતનામ કલાકારશ્રી રાજુભાઈ ભટ્ટ અને



નિરૂબેન દવે ના મ્યુઝિકલ ગૃપ દ્વારા કર્ણપ્રિય સંગીતના સથવારે ભક્તિ સંગીત દ્વારા ભાવાંજલિ અર્પણ કરવામાં આવી ત્યારે આખો હોલ સમસ્ત ઉનેવાળ બ્રહ્મ સમાજ ના જ્ઞાતિજનો , વસંતભાઈના કુટુંબીજનો, તથા સંબંધીઓ, મિત્રો, અને શુભેચ્છકોથી અકડેઠઠ ભર્યો હતો અને તેમાં ખાસ કરીને જ્યોત સે જ્યોત જલાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો ગીત ગવાતા સમયે સૌએ મોબાઈલમાં લાઈટ ચાલુ કરીને સમુહમાં આરતી કરી ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતે તે ક્ષણ યાદગાર ક્ષણ બની રહેશે.વસંતરાય આણંદજી ઓઝાના વરિષ્ઠ પુત્રશ્રી હરીશભાઈ ઓઝાએ સૌ પ્રથમ મહેમાનોને શબ્દોથી આવકાર્યા હતાં. ત્યારબાદ આ પ્રસંગે તેમણે એવી જાહેરાત કરી કે આ વાડી ની આસપાસ રાત્રે બહું અંધારું રહે છે જેથી મહિલાઓ ને તથા સિનિયર સિટીઝનો ને ચાલવામાં તકલીફ પડતી જણાઈ છે જે નિવારવા માટે સમગ્ર વાડીને બહારથી LED હેલોજન લાઈટથી શણગારવા માટે તેમણે દાનની જાહેરાત કરી હતી. આ કુટુંબના અગ્રણી એવા શ્રી શશીકાંતભાઈ દવે એ શ્રી વસંતરાય આણંદજી ઓઝાના સંઘર્ષમય જીવન અંગેની તથા તેમના કુટુંબીજનોની વિગતે માહિતી આપી જુનાં સંસ્મરણોને તાજાં કર્યા હતા. ત્યારબાદ શ્રી ભરતભાઈ મેસીયા તથા નટુભાઈ ચોકસી એ પૂ.બાપુજીને યાદ કરી ભાવાંજલિ અર્પયા પછી કેશોદના શ્રી વિનોદભાઈ ઓઝા, પ્રફુલભાઈ મહેતા તથા શ્રી હિરલબેન જોશી તથા શ્રી જીતુભાઈ દ્વારકાવાળાએ પણ પૂ.વસંતભાઈને યાદ કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. જ્યારે સ્વ.વસંતભાઈના પુત્રી સુધાબેન દવેએ ખાસ તૈયાર કરેલા ઓડિયો સંદેશ દ્વારા પોતાના પિતા પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો હતો. આ તકે જૂનાગઢના આગેવાનોમાં હાસ્ય કલાકારશ્રી જીતુભાઈ દ્વારકાવાળા, સામાજીક આગેવાનશ્રી શશીકાંતભાઈ દવે, નરેન્દ્ર મોદી વિચાર મંચનાં અગ્રણી શ્રી નટુભાઈ ચોકસી, શિક્ષણશાસ્ત્રીશ્રી ભરતભાઈ મેસીયા, ઓર્થોપેડીક સર્જન ડૉ.ઠકકર, આંખના સર્જન ડૉ.દ્વિવેદી, બિલ્ડર મુકેશભાઈ મહેતા, મહિલા અગ્રણી શ્રીમતી પલ્લવીબેન ઠાકર શ્રેયશભાઈ ઠાકર, ખુશાલીબેન બક્ષી તથા પત્રકારોમાં શ્રી સંજીવભાઈ મહેતા, અતુલભાઈ મહેતા, નરેન્દ્રભાઈ દવે, તેમજ કેશોદવાળા શ્રી વિનોદભાઈ ઓઝા, શ્રી પ્રફુલભાઈ મહેતા, શ્રી હિ.મો.મહેતા, ધીરૂભાઈ જોશી, મહેશભાઈ જોશી, કિશોરભાઈ ઓઝા, મુકેશભાઈ ઓઝા, કાંતીભાઈ મહેતા, નરેશભાઈ દવે , ગીજુભાઈ ઉપાધ્યાય નિરવભાઈ પુરોહિત વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ભાવાંજલિ, ભક્તિ સંગીત બાદ હર હર મહાદેવના નાદ સાથે સૌએ સમુહ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

## રાજપીપલા નગરપાલિકા કર્મચારીઓના PFના નાણાં ક્યાં ગયા?

# આમ આદમી પાર્ટીએ કલેકટરને આવેદનપત્ર આપી તપાસની માંગણી કરી

સત્યવલંબ બારોટ

રાજપીપલા નગરપાલિકાના કર્મચારીઓના પગારમાંથી કપાયેલ EPFના નાણાં તેમના ખાતામાં જમા નહિ થતા



આ અંગે વિસ્તૃત તપાસ કરવા રાજપીપલા શહેર 'આમ આદમી પાર્ટી'ના શહેર પ્રમુખ સહીત હોદેદારોએ કલેકટર નર્મદાને આવેદનપત્ર આપ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા નગરપાલિકાના કાતમાચારીઓના વર્ષ 2011 થી EPFની રકમ અંગે વિસ્તૃત તપાસની માંગણી કરતુ આવેદનપત્ર કલેકટરને સુપ્રત કર્યું હતું . જેમાં જણાવ્યા મુજબ વર્ષ 2011થી કર્મચારીઓના પગારમાંથી EPF ની કેટલી રકમ કપાઈ ? આ રકમ કઈ બેન્કમાં જમા થઇ ? કર્મચારીઓના ખાતામાં EPFની રકમ જમા ના થઇ ત્યાં સુધી આ રકમ ક્યાં હતી ? તેનો શું ઉપયોગ થયો ? વગેરે વિગતોની તપાસની માંગણી કરવા માં સવી છે . 'આપ'ના શહેર પ્રમુખ અર્જુન માછીના જણાવ્યા મુજબ વર્ષ 2011થી પાલિકા કર્મચારીઓની EPFની રકમ કપટ થઈ છે પણ કર્મચારીઓના ખાતામાં આ રકમ જમા નથી થઈ માટે આ ગંભીર બાબતની તપાસની માંગણી આમ આદમી પાર્ટી એ કરી છે .

# અમરેલી જિલ્લાના નિડર પત્રકાર અને 'દિવ્યાંગ ન્યૂઝ'ના રિપોર્ટર રાકેશ પ્રજાપતિનો ગત તારીખ 28.9 ના રોજ જન્મદિવસ: શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા

અમરેલી | સાપ્તાહિક અખબારથી પત્રકારત્વ ક્ષેત્રે પોતાની કારકિર્દીનો શુભારંભ કરનાર અને હાલ ઈલેક્ટ્રોનિક મીડિયામાં સક્રિય સેવા આપતા ખાંભાના જાણીતા પત્રકાર રાકેશ પ્રજાપતિ આજે જીવનના ૩૦ વર્ષ પૂર્ણ કરી ૩૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. આ નિમિત્તે તેમના પર રાજકીય, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ સગાસબંધી તેમજ વિશાળ મિત્રવર્તુળ તરફથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.છેલ્લા ૧૦ વર્ષથી અમરેલી જિલ્લાના લોકપ્રશ્નો અને જનસમસ્યાઓને વાચા આપીને પત્રકારત્વ ક્ષેત્રે તેમણે એક આગવી ઓળખ ઊભી કરી છે. તેમના શિક્ષણ અને કારકિર્દીની સફર પર નજર કરીએ તો, તેમણે ઈંગોરાળા ખાતે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યા બાદ, મોટા સમઢીયાળાની શ્રી એચ. એ. ઝેડ. દેસાઈ હાઈસ્કૂલમાં ધોરણ ૧૧ અને ૧૨ પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ રાજુલાની ભુવા કોલેજમાંથી B.Com. ની પદવી પ્રાપ્ત કરી હતી.અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે



ખાંભા ખાતે 'ચામુંડા ઈલેક્ટ્રિક' અને 'ચામુંડા ડીજે એન્ડ લાઈટ ડેકોરેશન'નો વ્યવસાય શરૂ કરીને ખાંભા તાલુકામાં ખૂબ જ લોકપ્રિયતા અને નામના મેળવી હતી. તેઓ સમાજ સેવા હોય કે અન્ય કોઈ પણ ક્ષેત્ર, હંમેશાં સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા એક સેવાભાવી યુવાન તરીકે જાણીતા છે.વ્યવસાયની સાથે તેમણે પત્રકારત્વ પ્રત્યેનો પોતાનો ઉત્સાહ જાળવી રાખ્યો. તેમણે યુટ્યુબ ચેનલ 'નોબલ ઈન્ડિયા' અને સ્થાનિક અખબારોથી નિડર પત્રકારત્વની શરૂઆત કરી હતી. રાજ્યના નામાંકિત અખબારોમાં સફળ રિપોર્ટિંગ કર્યા બાદ, હાલ તેઓ ગુજરાતની પ્રખ્યાત 'દિવ્યાંગ ન્યૂઝ' ચેનલ તેમજ 'અમદાવાદ એક્સપ્રેસ' અખબારમાં પ્રતિનિધિ (રિપોર્ટર) તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. ગામડાઓની પ્રાથમિક સુવિધાઓથી લઈને જિલ્લા કક્ષાની જટિલ સમસ્યાઓને કલમ અને કેમેરાના માધ્યમથી ઉજાગર કરવામાં રાકેશ પ્રજાપતિ સદૈવ સફળ રહ્યા છે. આજે તેમના જન્મદિવસના શુભ અવસરે તમામ સ્નેહીજનો અને શુભેચ્છકો મો. 8469873013 પર તેમને ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે વિશ્વ હડકવા દિવસ નિમિત્તે નિ:શુલ્ક હડકવા વિરુધ્ધ રસીકરણ, ડીવોર્મિંગ અને આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

વિશ્વ હડકવા દિવસ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે વેટરનરી ક્લિનિકલ કોમ્પ્લેક્સ, વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ



ખાતે નિ:શુલ્ક હડકવા વિરુધ્ધ રસીકરણ, નિ:શુલ્ક ડીવોર્મિંગ તથા આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન મહાનગરપાલિકા, જૂનાગઢ તથા પશુપાલન શાખા, જીલ્લા પંચાયત જૂનાગઢના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિશ્રી જયંતસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારી, જૂનાગઢએ જણાવ્યું હતું કે, "રેબીઝ એક ગંભીર પરંતુ સંપૂર્ણપણે નિવારી શકાય તેવો રોગ છે. સમયસર રસીકરણ, જવાબદાર પાળતુ પ્રાણી પાલન અને જનજાગૃતિ દ્વારા હડકવાના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. આવા સંયુક્ત પ્રયાસો સમાજમાં પશુ તથા માનવ આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે."ડૉ.એમ.ડી.ઓડેદરા, આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, જૂનાગઢએ જણાવ્યું હતું કે, "પશુ ચિકિત્સા ક્ષેત્રનું મુખ્ય ધ્યેય માત્ર પશુઓની સારવાર પૂરતું સીમિત નથી, પરંતુ પશુ આરોગ્ય સાથે માનવ અને જાહેર આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું પણ છે. હડકવા નિવારણ માટે રસીકરણ અને જનજાગૃતિ બંને અત્યંત જરૂરી છે." કેમ્પનું આયોજન ડૉ.એસ. વી. માવદિયા, એન.એસ.એસ. કાર્યક્રમ અધિકારી તથા ડૉ.આર.એચ.ભટ્ટ, ડો.એ.એ.વાઘ, ડો.એસ. કે.ઝાલા, ડો.કે.બી. વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ.રાહુલ વાણિયા, વેટરનરી ઓફિસર, મહાનગરપાલિકા, જૂનાગઢ તથા ડૉ.સુરેશ દુધાત્રા, વેટરનરી ઓફિસર, જિલ્લા પંચાયત, જૂનાગઢ દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. આર.એચ.ભટ્ટ દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ, પશુચિકિત્સકો, સ્ટાફ તથા પાળતુ પ્રાણીઓના માલિકોનું સ્વાગત કરી વિશ્વ હડકવા દિવસના મહત્વ અંગે સંક્ષિપ્તમાં માહિતી આપી હતી. કેમ્પ દરમિયાન કુલ ૨૫૨ શ્વાન અને બિલાડીઓની નોંધણી કરી નિ:શુલ્ક હડકવા વિરુધ્ધ રસીકરણ, ડીવોર્મિંગ તથા આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. પશુચિકિત્સકો દ્વારા પાળતુ પ્રાણીઓના માલિકોને હડકવા રોગની ગંભીરતા, રોગથી બચવાના ઉપાયો, સમયસર રસીકરણ તથા જવાબદાર પાળતુ પ્રાણી પાલન અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હડકવા અંગે જનજાગૃતિ વધારવાના હેતુથી હડકવા નિવારણ માટેની માર્ગદર્શિકા ધરાવતી માહિતી પુસ્તિકાઓ/બ્રોશર પણ પાળતુ પ્રાણીઓના માલિકોને વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિ દ્વારા હડકવા રોગના નિવારણ, સમયસર રસીકરણ અને માનવ-પશુ આરોગ્યની સુરક્ષા અંગે જનજાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ ના અંતે ડૉ.એસ.વી.માવદિયા, NSS કાર્યક્રમ અધિકારી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.પ્રણવ અંજારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. વિશ્વ હડકવા દિવસની ઉજવણી અંતર્ગત યોજાયેલ આ કેમ્પ દ્વારા "Stronger Together"ના સંદેશને સાકાર કરતાં પશુ આરોગ્ય તથા જાહેર આરોગ્યની દિશામાં સંકલિત પ્રયાસ કરવામાં આવ્યો.

# નર્મદા જિલ્લા શિક્ષણાધિકારી M .R . Vidhyalay ની મુલાકાતે

સત્યવલંબ બારોટ

નર્મદા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આજે રાજપીપલાની મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલાની મુલાકાત લેવામાં આવી હતી.પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા DEOની આ મુલાકાત દરમિયાન જિલ્લા શિક્ષણ અધિકારીએ શાળાના વિવિધ વર્ગખંડોની મુલાકાત લઈ વર્ગશિક્ષકો તથા વિષયશિક્ષકો સાથે શૈક્ષણિક કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ આચાર્ય સાથે શાળાની વર્તમાન શૈક્ષણિક અને વહીવટી કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ મુલાકાત દરમિયાન નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, પ્રી-મેટ્રિક, પોસ્ટ-મેટ્રિક, પ્લસ સીટીએસ, G3Q, 20 કોમ્પિટિશન, સેવા સંકલ્પ, સેતુ 2047, મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના, NMMS વગેરે સહિતની વિવિધ ઓનલાઈન કામગીરી સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવા અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ માસવાર વિષયવાર બ્લૂપ્રિન્ટ મુજબનું આયોજન અને શૈક્ષણિક કાર્ય, વિદ્યાર્થીઓને કારકિર્દી



માર્ગદર્શન, સરકાર દ્વારા વિદ્યાર્થીઓને મળતા વિવિધ લાભો દરેક પાત્ર વિદ્યાર્થી સુધી પહોંચે તે માટેની તકેદારી અંગે પણ જિલ્લા શિક્ષણ અધિકારી એ વિશેષ ટકોર કરી હતી.વિદ્યાર્થીઓની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્યનું આયોજન, દરેક વિષયમાં વિદ્યાર્થીઓની પ્રગતિનું સતત મૂલ્યાંકન અને શાળાનું સો ટકા પરિણામ આવે તે માટે સઘન આયોજન અને અસરકારક શૈક્ષણિક પ્રયાસો કરવા અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના આચાર્ય યોગેશકુમાર એમ. વસાવા દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. કિરણબેન પટેલ નું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષકોના હક અને અધિકારોની સાથે તેમની ફરજો અને જવાબદારીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.આચાર્યએ શાળાના તમામ શિક્ષકોના સહયોગથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સઘન પ્રયત્નો કરી, શાળાનું સો ટકા પરિણામ પ્રાપ્ત થાય તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરવાની બાંહેધરી DEO ને આપી હતી. અંતમાં, શાળાના આચાર્ય તથા સમગ્ર શિક્ષકગણ દ્વારા DEO નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વસ્તૃત્વ સ્પર્ધાનું થશે આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

દેશનાં વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @2047 તથા આત્મ નિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં યુવા શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા છે. રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ નાં દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ રાજ્યના યુવાધનમાં જ્ઞાનની સાથે શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, માન-મર્યાદા, સુશીલતા, સાંસ્કૃતિક મૂલ્યો અને રાષ્ટ્રભાવનાનું સિંચન કરવું આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વસ્તૃત્વ સ્પર્ધા (GSVS)-૨૦૨૬નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધાને સંસ્કાર સિંચનનો મહાકુંભ તરીકે આયોજિત કરવામાં આવશે. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવા ઉપરાંત વક્તત્વ, વિચારશક્તિ, આત્મ વિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્યનો વિકાસ કરવાનો છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વિભાગોના વડાઓ તથા સેન્ટર્સ, ચેર્સ, એકમના વડાઓની ઉપસ્થિતીમાં ભારતના માન. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @2047 તથા આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાનાર ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા (GSVS) - ૨૦૨૬નું આયોજન કરવા, યુનિ.નાં મધ્યસ્થ ખંડમાં બેઠક યોજાઈ હતી. બેઠકને ઓન લાઇન મોડથી રાજ્યનાં શિક્ષણમંત્રીશ્રી પ્રદ્યુમનભાઇ વાજા, અને શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઇ ચાંગાએ સંબોધતા જણાવ્યુ હતુ કે ગુજરાત સાંસ્કૃતિક વસ્તૃત્વ સ્પર્ધા (GSVS)-૨૦૨૬ સ્પર્ધા "સંસ્કાર સિંચનનો મહાકુંભ' તરીકે આયોજીત



કરવામાં આવશે. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવા ઉપરાંત વકતૃત્વ, વિચાર શક્તિ, આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્યોનો વિકાસ કરવાનો છે. ૨૮-૦૯-૨૬ ને સોમવાર નારોજ સવારે ૧૧:૦૦ કલાકે "ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા - ૨૦૨૬'ના શુભારંભ થયો તે પ્રસંગે રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ રાજ્યની બધી જ સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે શરૂ થઈ રહેલી આ સાંસ્કૃતિ વક્તૃત્વ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા જણાવ્યું કે, આપણા બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કૃતિ ના આદર્શો અને મૂલ્યો પુનઃ ઉજાગર થાય તે સમય ની માંગ છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સાંસ્કૃતિક નવ જાગરણનો યુગ ચાલી રહ્યો છે. વડાપ્રધાને આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કૃતિને જાળવવાનું અને વિસ્તારવા નું કાર્ય કર્યું છે. ભારતના નિર્માણમાં યુવાનોનો ફાળો વિશેષ રહેવાનો છે ત્યારે મૂલ્યનિષ્ઠા અને સંસ્કૃતિના વાહક બનીને હાલની વિકૃતિઓ બદીઓના પડકારોથી દેશ અને રાજ્યને બચાવવા નું દાયિત્વ યુવાશક્તિ ઉપાડે આ પ્રસંગે સાંદિપની આશ્રમ પોરબંદરનાં ભાઇશ્રી રમેશભાઇ ઓઝા સહિત સંતોએ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે ત્યારે યુવા શક્તિમાં રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિ જતનના સંસ્કાર સિંચનનો આ મહા કુંભ વિકસિત ભારતની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવશે.કાર્યક્રમ પ્રારંભે સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના ઉદયભાઇ માહુલકરે ઓનલાઇન મોડથી ઉપસ્થિત સર્વે યુનિ., કોલેજો નાં વિદ્યાર્થી, અધ્યાપકગણને આવકારી જણાવ્યુ હતુ કે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા યુવાનો માં ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે જાગરૂક્તા અને વિરાસતોનું ગૌરવ પુનઃસ્થાપન કરવાનું પ્રેરણા સિંચન કરશે, શરૂઆતમાં યુનિ.નાં કુલપતિ ડો. પ્રતાપસિંહજી ચૌહાણે યુનિ. ભવન ખાતે આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓને આવકારતા જણાવ્યુ હતુ કે યુવાધનમાં જ્ઞાનની સાથે શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, માન-મર્યાદા, સુશીલતા, સાંસ્કૃતિક મૂલ્યો અને રાષ્ટ્રભાવનાનું સિંચન થાય તેવા ઉમદા હેતુ સાથે થનાર સંસ્કાર સિંચનનો મહાકુંભ ખરા અર્થ માં આપણી ભારતિય પરંપરાઓ અને આસ્થા શ્રધ્ધાનાં બિંદુઓને પરિચય કરાવવા ઉપયોગી બનશે. આ ઓનલાઇન મોડથી આયોજીત બેઠક માં શિક્ષણ સચિવશ્રી મુકેશકુમાર, શીક્ષણ કમીશ્નર દિલીપરાણા સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "તેરા તુજકો અર્પણ"અંતર્ગત ડાંગની વઘઈ પોલીસની સરાહનીય કામગીરી

સુશીલ પવાર \ ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયત કચેરી ખાતે નોકરી કરતા રજનીશભાઈ એસ.પટેલ, રહે. ચીકટીયા, તા. વાંસદા, જિ. નવસારીનો Samsung Galaxy મોબાઈલ ફોન તા. ૧૮/૦૬/૨૦૨૬ના રોજ નોકરી પૂર્ણ કરી ઘરે જતા સમયે રસ્તામાં ક્યાંક પડી જતા ગુમ થઈ ગયો હતો.આ અંગે મોબાઈલ ફોન શોધી આપવા માટે અરજદારે તા. ૨૪/૦૬/૨૦૨૬ના રોજ વઘઈ પોલીસ સ્ટેશન ખાતે અરજી



આપી હતી.આ અરજીના આધારે વઘઈ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી એ.એ.ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા ગુમ થયેલા મોબાઈલ ફોન અંગે ટેકનિકલ એનાલિસિસ હાથ ધરવામાં આવ્યું હતું.વઘઈ પોલીસ દ્વારા મોબાઈલની ટેકનિકલ વિગતો તેમજ ઉપલબ્ધ ટેકનિકલ સોર્સ અને માહિતીનું વિશ્લેષણ કરી સઘન તપાસ હાથ ધરવામાં આવતા ગુમ થયેલો Samsung Galaxy મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી.મોબાઈલ ફોન મળી આવ્યા બાદ જરૂરી ઓળખ-ખાતરી તથા કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી વઘઈ પોલીસે અરજદાર રજનીશભાઈ એસ. પટેલને તેમનો ગુમ થયેલો મોબાઈલ ફોન પરત સોંપ્યો હતો.લાંબા સમય બાદ પોતાનો ગુમ થયેલો મોબાઈલ ફોન પરત મળતા અરજદારે વઘઈ પોલીસની કામગીરીની પ્રશંસા કરી પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. વઘઈ પોલીસની આ કામગીરીથી પોલીસ પ્રત્યે નાગરિકોમાં વિશ્વાસ વધુ મજબૂત થયો છે.

## રાજભાષા તરીકે હિન્દીએ રાષ્ટ્રીય સ્તરે સંવાદ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ગાંધીનગર | હિન્દી એક સમૃદ્ધ, સશક્ત અને અભિવ્યક્તિની દૃષ્ટિએ સક્ષમ ભાષા છે. રાજભાષા તરીકે હિન્દીએ રાષ્ટ્રીય સ્તરે સંવાદ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જરૂરિયાત એ છે કે આપણે હિન્દીને માત્ર હિન્દી દિવસ અથવા પખવાડિયા પૂરતી મર્યાદિત ન રાખીએ, પરંતુ જ્ઞાન, વ્યવહાર, વહીવટ, ટેક્નોલોજી અને સર્જનાત્મકતાના વિવિધ ક્ષેત્રોમાં તેના સ્વાભાવિક અને અસરકારક ઉપયોગને સતત પ્રોત્સાહન આપીએ. ઉપરોક્ત ઉદ્ગારો વરિષ્ઠ સાહિત્યકાર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 28 સપ્ટેમ્બર, 2026ના રોજ ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત 'હિન્દી પખવાડિયા'ના સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહની અધ્યક્ષતા કરતાં વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે હિન્દી પખવાડિયા દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને તેમણે હિન્દી પુસ્તકો અને પ્રશસ્તિપત્ર એનાયત કરીને પુરસ્કૃત કર્યા હતા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, હિન્દીની મધુરતામાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના સમાયેલી છે અને તેની સરળતામાં ગહન જ્ઞાન સમાયેલું છે.

# હરાજીની જાહેરાત થતા જ મોટાભાગના માલિકો ઢોર છોડાવી ગયા, ગ્રામ પંચાયતનો નિર્ણય,ઢોરોને વિવિધ પાંજરાપોળમાં મોકલાશે

ઢોરોની હરાજી સામે જીવદયા પ્રેમીઓની રજૂઆત બાદ આહવા ગ્રામ પંચાયતનો નિર્ણય,ઢોરોને વિવિધ પાંજરાપોળમાં મોકલાશે.હરાજીની જાહેરાત થતા જ મોટાભાગના માલિકો ઢોર છોડાવી ગયા, બાકીના ઢોર લેવા સુરત-નવસારી-વલસાડથી જીવદયા પ્રેમીઓ પહોંચ્યા..

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે રખડતા ઢોરોના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા, અકસ્માતના ભય સહિતની મુશ્કેલીઓ વચ્ચે આહવા ગ્રામ પંચાયતનાં સરપંચ હરિરામભાઈ સાંવતની સૂચના અનુસાર પકડવામાં આવેલા ઢોરોના કાયમી નિકાલની દિશામાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. રખડતા ઢોરોની હરાજી કરવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ જીવદયા પ્રેમીઓ દ્વારા આ અંગે કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે હરાજી મોકૂફ રાખી બાકી રહેલા ઢોરોને વિવિધ પાંજરાપોળમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આહવા ગ્રામ પંચાયત વિસ્તારમાં રખડતા ઢોરોના કારણે વાહનચાલકો અને સ્થાનિકોને અવારનવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની ફરિયાદો સામે આવતી રહી છે.ખાસ કરીને મુખ્ય માર્ગો તેમજ બજાર વિસ્તારમાં ઢોરોના ટોળાં અડીંગો જમાવતા હોવાથી ટ્રાફિક વ્યવસ્થાને પણ અસર થતી હોવાનું જાણવા મળે છે.આ સમસ્યાના નિવારણ માટે આહવા ગ્રામ પંચાયત દ્વારા સમયાંતરે રખડતા ઢોરોને પકડી રાખવામાં આવે છે.આહવા ગ્રામ પંચાયત દ્વારા પકડવામાં આવેલા અંદાજે 350 જેટલા ઢોરોની હરાજી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. હરાજીની જાહેરાત થતા જ મોટાભાગના ઢોર માલિકો પોતાના ઢોરોને ઓળખી તેમને



પરત લઈ ગયા હોવાનું જાણવા મળે છે.જોકે, હજુ પણ કેટલાક ઢોર માલિકો પોતાના ઢોર લેવા માટે આગળ આવ્યા ન હોવાનું જણાવાય છે.આ દરમિયાન હરાજી કરવાની કાર્યવાહી અંગે જીવદયા પ્રેમીઓને જાણ થતાં સુરત, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાંથી જીવદયા સાથે સંકળાયેલા લોકો આહવા પહોંચ્યા હતા. જીવદયા પ્રેમીઓ દ્વારા ઢોરોની હરાજી ન કરવા તેમજ તેમને સુરક્ષિત રીતે પાંજરાપોળમાં મોકલવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.જીવદયા પ્રેમીઓની રજૂઆત બાદ પકડાયેલા બાકી ઢોરોની હરાજીની કાર્યવાહી મોકૂફ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. હવે આ ઢોરોને સુરત, નવસારી, વલસાડ સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલી પાંજરાપોળમાં મોકલવાની દિશામાં કાર્યવાહી કરવામાં આવશે. આ નિર્ણયથી ઢોરોના સંરક્ષણ સાથે રખડતા ઢોરોની સમસ્યાના કાયમી નિકાલનો માર્ગ પણ મોકળો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.આહવાનાં સરપંચ હરિરામભાઈ સાંવતનાં જણાવ્યા મુજબ રખડતા ઢોરોને પકડીને સાચવવા માટે ગ્રામ પંચાયતને દરરોજ હજારો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. ઢોરોના માલિકોને તેમના ઢોરો લઈ જવા માટે અવારનવાર સંદેશાઓ આપવામાં આવ્યા હોવા છતાં કેટલાક માલિકો પોતાના ઢોરોને લેવા માટે આવતા નથી. જેના કારણે પંચાયત માટે ઢોરોને સાચવવા અને તેમના નિભાવનો ખર્ચ વધતો જાય છે.હરાજીની જાહેરાત બાદ મોટાભાગના માલિકો પોતાના ઢોર ઓળખીને પરત લઈ ગયા તે બાબત પણ નોંધપાત્ર બની છે. હવે બાકી રહેલા ઢોરોનો યોગ્ય રીતે નિકાલ થાય અને તેમને પાંજરાપોળમાં આશ્રય મળે તે માટે જીવદયા પ્રેમીઓ આગળ આવ્યા છે.આહવામાં રખડતા ઢોરોની સમસ્યા માત્ર પંચાયત માટે જ નહીં પરંતુ સ્થાનિકો અને વાહનચાલકો માટે પણ મુશ્કેલીરૂપ બની રહી છે. એક તરફ જાહેર માર્ગો પર રખડતા ઢોરોને કારણે અકસ્માતનો ભય રહે છે, તો બીજી તરફ ઢોરોને પકડી રાખવા અને સાચવવાનો ખર્ચ પણ પંચાયત પર આવે છે. ત્યારે ઢોર માલિકો પોતાના ઢોરોને રસ્તા પર રખડતા ન મૂકે અને પંચાયત દ્વારા પણ નિયમિત કાર્યવાહી કરવામાં આવે તો આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે તેમ છે.

# રવાપર ગ્રામ પંચાયત વેરા વસુલાત મામલે આકરા પાણીએ: 500 મિલકત ધારકોને 10 દિવસમાં વેરો ભરવા અંતિમ નોટિસ

મહેશ એલ.સોની । નખત્રાણા

કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોની નબળી વેરા વસુલાત મામલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તા. 08-09-2026 ના રોજ તમામ તલાટી-કમ-મંત્રીઓને તાકીદ કરવામાં આવ્યા બાદ ભુજ તાલુકાની રવાપર ગ્રામ પંચાયત હરકતમાં આવી છે.રવાપર ગ્રામ પંચાયતમાં કુલ રૂ. 15,41,510 ની વેરા વસુલાત સામે અત્યાર સુધીમાં માત્ર 11% એટલે કે રૂ. 1,69,780 ની જ વસુલાત થઈ હોવાથી તંત્ર દ્વારા કડક સૂચના આપવામાં આવી હતી. જેના પગલે સરપંચ પરેશભાઈ રૂપારેલ, તલાટી નવીનભાઈ મારૂ, મંત્રી દિવ્યાબેન ગઢવી અને તાલુકા પંચાયત સભ્ય અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા માંગણા રજીસ્ટર મુજબ 10 હજાર રૂપિયાથી વધુ વેરો બાકી હોય તેવા 735 મિલકત પૈકીના 500 મિલકત ધારકોને એકસાથે અંતિમ નોટિસ ફટકારવામાં આવી છે.નોટિસમાં બાકીદારોને તા. 10-10-2026 સુધીમાં એટલે કે દસ દિવસમાં પોતાનો બાકી વેરો ભરપાઈ કરી જવા તાકીદ કરવામાં આવી છે. જો મુદતમાં વેરો ભરપાઈ કરવામાં નહીં આવે તો ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ની કલમ 178 અને 179 મુજબ વેરો ન ભરનાર સામે દાખલા બંધ કરવા, નળ કનેક્શન કાપવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ફરજ પડશે તેમ જણાવાયું છે.આ અંગે તાલુકા પંચાયત સભ્ય અશ્વિનભાઈ રૂપારેલ અને સરપંચ પરેશભાઈ રૂપારેલે જણાવ્યું હતું કે, વારંવાર મૌખિક રજૂઆત છતાં વેરો ભરવામાં આવતો ન હોવાથી અને ઉપલકક્ષાએથી નબળી વસુલાત બદલ કડક સૂચના મળતા અંતિમ નોટિસ આપવાની ફરજ પડી છે. ગ્રામ્ય વિકાસના કામો માટે નાગરિકોએ નિયમિત વેરો ભરી સહકાર આપવો જોઈએ, અન્યથા કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

# દેશમાં ૧૪ હજાર દીપડાઓમાંથી ૬૫ ટકા જંગલની બહાર : સૌરાષ્ટ્રમાં ૫ વર્ષમાં ૭૦૦ લોકો પર દીપડાઓનો હુમલો, ૧૫૦ના જીવ ગયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

તાજેતરમાં મેંદરડા તાલુકાના દેડકિયાળ ગામે ૬ વર્ષની માસૂમ બાળકીને દીપડો ઉપાડી ગયો હતો, અને બાદમાં તેને મૃતદેહ મળી આવ્યો હતો. આ ઉપરાંત ગીરની બોર્ડર પરના ગામોમાં આવી ઘટનાઓ રોજબરોજની થઈ ગઈ છે. જેમાં અનેક નિર્દોષ જિંદગી હોમાઈ રહી છે. આ ગોઝારી ઘટનાએ સમગ્ર રાજ્યમાં વન વિભાગ ના દાવાઓ અને ગ્રાઉન્ડ રિપોર્ટ વચ્ચેની વિસંગતતા ખુલ્લી પાડી દીધી છે. સમગ્ર દેશમાં આશરે ૧૪,૦૦૦ જેટલા દીપડાઓ છે, જેમાંથી ગુજરાતમાં ૨૫૦૦થી વધુ અને માત્ર જૂનાગઢ જિલ્લામાં જ ૫૦૦થી ૬૦૦ જેટલા દીપડા વસે છે. સૌથી ગંભીર બાબત એ છે કે આમાંથી મોટાભાગના દીપડાઓ જંગલની સીમાઓ બહાર માનવ વસાહતો, ખેતરો અને ગામડાઓમાં ભ્રમણ કરી રહ્યા છે. ખેતરો હવે પાક નહીં પણ દીપડાઓનાં કુદરતી રહેઠાણ બની રહ્યા છે, કેવી રીતે બચાવ કરવો તેની સત્તાવાર તાલીમ અને જાગૃતિ જરૂરી. છેલ્લા ૫ વર્ષમાં દીપડાના અંદાજે કેટલા હુમલા અને તેમાં કેટલા મોત થયા તેના વિધાનસભા અને વન વિભાગના સત્તાવાર અહેવાલો મુજબ, ગુજરાતમાં દર વર્ષે દીપડાઓ દ્વારા મનુષ્યો પર નાના-મોટા હુમલાના ૧૨૦થી ૧૫૦ જેટલા બનાવો નોંધાય છે. છેલ્લા ૫ વર્ષમાં સમગ્ર રાજ્યમાં દીપડા દ્વારા ૭૦૦ થી વધુ લોકો પર હુમલા કરવામાં આવ્યા



છે, જેમાં સામાન્યથી ગંભીર રીતે ઈજાગ્રસ્તોનો સમાવેશ થાય છે. દીપડાના આ હુમલાઓમાં છેલ્લા ૫ વર્ષમાં આશરે ૧૫૦થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. એટલે કે સરેરાશ દર વર્ષે ૩૦ થી ૩૫ લોકોના મોત થાય છે. સૌરાષ્ટ્રના ખેતરો હવે પાક નહીં પણ દીપડાઓના કુદરતી રહેઠાણ બની ગયા છે. આમ છતાં, વન વિભાગ દ્વારા કોઈ નક્કર નીતિ અમલી બનાવાઈ છે કે ન તો ગીર બોર્ડરના ખેતમજૂરોને સુરક્ષા કવચ પૂરૂ પાડવામાં આવ્યું છે. હુમલા બાદ રૂા. ૧૦ લાખનું વળતર ચૂકવીને વન વિભાગ પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં.સૌથી વધુ ઘટનાઓ ક્યા વિસ્તારોમાં બને છે.....?: ગુજરાતમાં દીપડાનો ત્રાસ અને માનવ-દીપડા સંઘર્ષ મુખ્યત્વે સૌરાષ્ટ્ર બેલ્ટમાં સૌથી વધુ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં ગીર બોર્ડર બેલ્ટ સૌથી વધુ સંવેદનશીલ છે. અમરેલી જિલ્લાના ધારી, ખાંભા, સાવરકુંડલા, જાફરાબાદ અને રાજુલા પંથક જ્યાં ઔદ્યોગિક વિસ્તારોમાં, જૂનાગઢ જિલ્લાના મેંદરડા, માળિયાહાટીના, વિસાવદર અને ગીરનાર આસપાસના ગ્રામ્ય વિસ્તારો જ્યારે ગીર સોમનાથ જિલ્લાના તાલાલા, કોડીનાર, ઊના અને સુત્રાપાડા પંથકમાં દીપડાનો આતંક છે.વન વિભાગના કાગળ પરના આંકડા પોકળ વન વિભાગના કાગળ પરના આંકડા કેટલા પોકળ છે. તેનું ઉદાહરણ એ છે કે, ગાંધીનગરમાં સત્તાવાર આંકડા મુજબ શૂન્ય દીપડા દર્શાવાય છે, જ્યારે ભૂતકાળમાં સ્વયં સચિવાલયમાં દીપડા આંટાફેરા મારતા કેમેરે ઝડપાયા હતા.બચાવ અંગે તાલીમ અને જાગૃતિ પૂરી પાડવી જોઈએ વન વિભાગે માત્ર વન્યજીવોની ગણતરી કરવા સુધી સીમિત રહેવાને બદલે ખાસ કરીને ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જેવા ગીર બોર્ડરના વિસ્તારોમાં વસતા લોકોને સિંહ અને દીપડાના સામસામા મુકાબલા સમયે પોતાનો બચાવ કેવી રીતે કરવો તેની સત્તાવાર તાલીમ અને જાગૃતિ પૂરી પાડવી જોઈએ. જો વન વિભાગ દ્વારા આગોતરા રક્ષણાત્મક પગલાં અને તાલીમની વ્યવસ્થા નહીં કરવામાં આવે, તો આગામી દિવસોમાં માનવ-પ્રાણી સંઘર્ષ વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરશે.

# કોંગ્રેસ પાર્ટીનો ચૂંટણી પંચ સામે આક્રોશ સૂત્રોચ્ચાર સાથે જ્ઞાનેશ કુમારના પૂતળાનું દહન

## ડાંગ જિલ્લામાં આહવા નગરમાં “વોટ ચોર, ગાદી છોડ”ના નારા સાથે કોંગ્રેસ કાર્યકરોનો ઉગ્ર વિરોધ..

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા ચૂંટણી પંચની કામગીરીનાં વિરોધમાં સોમવારે આહવા ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.ડાંગ જિલ્લા કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં આહવા કલેક્ટર કચેરી બહાર એકત્ર થયા હતા અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે ધરણા યોજી ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો.ભારત ચૂંટણી પંચની કામગીરી સામે વિરોધ દર્શાવવા કોંગ્રેસ કાર્યકરો હાથમાં વિવિધ પોસ્ટરો અને બેનરો લઈને કલેક્ટર કચેરી બહાર પહોંચ્યા હતા.કાર્યકરોએ હાથ ઉપર કાળી રિબન બાંધીને વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન “વોટ ચોર, ગાદી છોડ” સહિતના સૂત્રોચ્ચારથી કલેક્ટર કચેરી પરિસર ગૂંજી ઉઠ્યું હતું.કોંગ્રેસ કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કરી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી હતી.વિરોધ દરમિયાન કોંગ્રેસી કાર્યકરોએ જ્ઞાનેશ કુમારના પૂતળાનું દહન કરવાનો પ્રયાસ કરતાં પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, વિરોધ વચ્ચે પૂતળાનું દહન કરવામાં આવ્યું હતુ.આ સમગ્ર વિરોધ પ્રદર્શનને પગલે આહવા કલેક્ટર કચેરી બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.કચેરી બહાર મોટી



સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો એકત્ર થતાં પોલીસ દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી હતી. કોંગ્રેસે પોતાની માંગને લઈને ઉગ્ર વિરોધ નોંધાવી ચૂંટણી પંચની કામગીરી અંગે સવાલો ઉઠાવ્યા હતા. જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ જણાવ્યુ હતુ કે, ચૂંટણી પ્રક્રિયા તથા ચૂંટણી પંચની કામગીરી અંગે પક્ષ દ્વારા જે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે તેની ગંભીરતાથી નોંધ લેવામાં આવે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે તેવી તેમની માંગ છે. આ માંગને લઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ દ્વારા આહવામાં વિરોધ પ્રદર્શન કરી પોતાનો આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.કલેક્ટર કચેરી બહાર કોંગ્રેસના કાર્યકરો દ્વારા પૂતળું સળગાવવાની કાર્યવાહી કરવામાં આવતા પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે વિરોધ પ્રદર્શન વચ્ચે કોંગ્રેસ કાર્યકરો પૂતળું સળગાવવામાં સફળ રહ્યા હતા. ઘટનાને પગલે થોડા સમય માટે કલેક્ટર કચેરી બહાર રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરો કાળી રિબન ધારણ કરી તથા હાથમાં પોસ્ટરો લઈને ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણી પંચની કામગીરી સામે નારેબાજી કરી પોતાની માંગને ઉગ્ર રીતે રજૂ કરવામાં આવી હતી.આહવા ખાતે થયેલા આ વિરોધને પગલે કલેક્ટર કચેરી બહાર પોલીસની હાજરી પણ વધારવામાં આવી હતી.આ પ્રસંગે કૉંગ્રેસ પાર્ટી પ્રમુખ સ્નેહલ ઠાકરે,માજી ધારાસભ્ય મંગળભાઈ ગાવીત, સૂર્યકાંત ગાવીત,મોતીલાલ ચૌધરી, વીણાબેન ગાંગુર્ડે સહીત કૉંગ્રેસનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## હજ યાત્રાળુઓ માટે ત્રણ દિવસીય મેડિકલ ફિટનેસ કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢની જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ ખાતે હજ યાત્રા 2027 માં જનાર હજ યાત્રાળુઓ માટે સરકારી માર્ગદર્શિકા મુજબ ત્રણ દિવસીય મેડિકલ ફિટનેસ કેમ્પ યોજાયો હતો. મેડિકલ ફિટનેસની કામગીરી હોસ્પિટલના મેડિસિન ઓપીડી રૂમ નંબર 103 ખાતે હાથ ધરવામાં આવેલ. કેમ્પ દરમ્યાન કુલ 90 હજ યાત્રાળુઓની ફિઝિકલ તથા તબીબી ફિટનેસ તપાસ કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન યાત્રાળુઓની જરૂરી તબીબી તપાસ કરી તેમની હજ યાત્રા માટેની શારીરિક ક્ષમતા અને તબીબી યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ફિઝિશિયન તબીબો, હજ મેડિકલ ફિટનેસના નોડલ ઓફિસર ડો. કિરણબેન પટેલ, તથા મેડિકલ ઓફિસરો તથા નર્સિંગ સ્ટાફે ફરજ બજાવી હતી. યાત્રાળુઓની તબીબી યોગ્યતા ચકાસવા ઉપરાંત જરૂરી આરોગ્ય લક્ષી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સમગ્ર મેડિકલ ફિટનેસ કેમ્પની કામગીરી સુચારુ રીતે હાથ ધરવામાં આવી હતી.

# શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. દ્વારા જુનાગઢમા ગૃહઉદ્યોગ કરતી બહેનો માટે એક્ઝીબીશન કમ સેલ યોજાયું

નરેન્દ્ર દવે, જૂનાગઢ

શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી.જુનાગઢનાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢાની યાદી જણાવે છે કે આ સંસ્થા દ્વારા તા. 26/27 સપ્ટેમ્બર - 2026 એમ 2 દિવસ માટે ભુતનાથ સત્સંગ હોલ, બહાઉદીન કોલેજ રોડ, જૂનાગઢ ખાતે ગૃહઉદ્યોગ કરતી બહેનો માટે એક્ઝીબીશન કમ સેલ નું આયોજન કરવામાં આવેલ હતું. આ એક્ઝીબીશનમાં બહોળી સંખ્યામાં બહેનોએ



ભાગ લીધો હતો અને બહેનો આર્થિક પગભર થાય એ હેતુથી અને તેઓની વસ્તુઓનું વેંચાણ માટે માર્કેટ મળે તે હેતુથી દર વર્ષે આવી જ રીતે કાર્યક્રમ યોજવામાં આવે છે, આ કાર્યક્રમને સફળ બનાવવાં માટે સંસ્થાનાં પ્રમુખ રસીલાબેન સોઢા, ઉપપ્રમુખ સાધનાબેન નિર્મળ, સેક્રેટરી રૂપલબેન લખલાણી, ડાયરેક્ટરશ્રી જશુમતીબેન મહેતા, ઝંખનાબેન ભીંડોરા, જમકુબેન સોજીત્રા અને સ્ટાફ મેમ્બર્સ કૃપાલીબેન જીકરીયા, નમ્રતાબેન પરમાર, રિદ્ધિબેન ત્રિવેદી, નિરાલીબેન ખેતાણી, નરેન્દ્ર ઘુચલા, મનિષાબેન ટીંબલીયા વગેરે એ જહેમત ઉઠાવી હતી.

# બનાસકાંઠાના યુવાનો માટે સુવર્ણ તક: જિલ્લા રોજગાર કચેરી દ્વારા 30મી સપ્ટેમ્બરે પાલનપુરમાં ભરતીમેળો અને કારકિર્દી સેમિનાર યોજાશે

માહિતી બ્યુરો, પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના નોકરીવાંચ્છુ યુવક-યુવતીઓને આત્મનિર્ભર બનાવવા અને રોજગારીની શ્રેષ્ઠ તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર દ્વારા આગામી તારીખ ૩૦/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે નગરપાલિકા ટાઉન હોલ, પાલનપુર ખાતે ‘જિલ્લા કક્ષાનો રોજગાર ભરતીમેળો અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર‘ યોજાશે. આ ભરતીમેળામાં રાજ્ય તેમજ સ્થાનિક કક્ષાની અંદાજે ૨૪ જેટલી પ્રતિષ્ઠિત કંપનીઓ ઉપસ્થિત રહી વિવિધ હોદ્દાઓ માટે મોટી સંખ્યામાં ઉમેદવારોની સીધી પસંદગી કરશે.આ ભરતીમેળામાં ટાટા ઓટોકોમ, એમ.આર.એફ. ટાયર્સ, મધરસન સુમી, જય ભારત મારુતિ, જ્યોતિ સી.એન.સી., શુભ હ્યુન્ડાઈ પાલનપુર, સીમ ડિજિટલ પાલનપુર, વૈષ્ણોદેવી રિફાઈલ્સ ચંડીસર, શિવમગ્રુપ પાલનપુર, લીંક પ્રુફ એન્જીનીયરીંગ પીરોજપુરા તેમજ વસંત ફેબ્રીકેટર્સ છાપી સહિતની કંપનીઓ ભાગ લેશે. જેમાં ઓપરેટર, મશીન ઓપરેટર, સીએનસી અને લેથ ઓપરેટર, ટ્રેઈની, હેલ્પર, સેલ્સ એક્ઝિક્યુટિવ, ફાઈનાન્સ એડવાઈઝર, ઈન્સ્યોરન્સ એડવાઈઝર, સોફ્ટવેર ડેવલપર, એકાઉન્ટન્ટ, લેબ આસિસ્ટન્ટ, ટેકનિશિયન તેમજ સિક્યુરિટી ગાર્ડ જેવી વિવિધ ખાલી જગ્યાઓ માટે ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાના બાયોડેટા (Resume/CV)ની જરૂરી નકલો, શૈક્ષણિક લાયકાતના તમામ પ્રમાણપત્રો કે માર્કશીટ, આધાર કાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ સાથે નિયત તારીખ, સમય અને સ્થળે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. જે ઉમેદવારોએ ’અનુબંધમ’ (Anubandham) પોર્ટલ પર અગાઉ નોંધણી કરાવેલી હોય તેમણે તેની વિગતો પણ સાથે રાખવી.આ ભરતીમેળો તમામ ઉમેદવારો માટે તદ્દન નિઃશુલ્ક હોય, બનાસકાંઠા જિલ્લાના લાયકાત ધરાવતા તમામ બેરોજગાર યુવક-યુવતીઓને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રોજગારીની આ સુવર્ણ તકનો મહત્તમ લાભ લેવા જિલ્લા રોજગાર અધિકારી શ્રી એમ. જે. પ્રજાપતિ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## જૂનાગઢ જિલ્લાના યુવાઓને સાંસ્કૃતિક સર્જનાત્મક સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક

નરેન્દ્ર દવે જૂનાગઢ | રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ દ્વારા સંચાલિત યુવા ઉત્સવ-૨૦૨૬-૨૭ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઈચ્છુક યુવાઓએ તા.૫ ઓક્ટોબર સુધીમાં નિયત નમૂનામાં ફોર્મ જમા કરાવવાના રહેશે. આ સ્પર્ધામાં તા. ૧૭/૦૮/૨૦૨૬ની સ્થિતિએ ૧૫ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીની વય ધરાવતા યુવાનો ભાગ લઈ શકશે. યુવા ઉત્સવ અંતર્ગત લોકનૃત્ય, લોકગીત, ચિત્રકામ, કવિતા લેખન અને નુક્કડ નાટક (શેરી નાટક) જેવી સ્પર્ધાઓ યોજાશે.સ્પર્ધાઓની વિગતો: લોકનૃત્ય: ૫ થી ૮ મિનિટ – ૭ સ્પર્ધક અને ૩ સહાયક,લોકગીત: ૫ થી ૮ મિનિટ – ૭ સ્પર્ધક અને ૩ સહાયક,ચિત્રકામ: ૬ કલાક – ૧ સ્પર્ધક, કવિતા લેખન: ૯૦ મિનિટ – ૧ સ્પર્ધક અને નુક્કડ નાટક -શેરી નાટક: ૭ મિનિટ – ૧૦ સ્પર્ધક આ વર્ષે યુવા ઉત્સવ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પણ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમૂનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ તથા બેંક પાસબુકની નકલ સાથે તા.૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં, કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરીના સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રૂમ નં.૧/૯, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨૦૦૧ ખાતે જમા કરાવવાનું રહેશે. તેમ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

## 'સેવાના રંગ રાષ્ટ્રના સંગ' અંતર્ગત જૂનાગઢમાં રંગોળી સ્પર્ધાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરિત કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ દ્વારા ‘સેવાના રંગ રાષ્ટ્રના સંગ’ અંતર્ગત રંગોળી સ્પર્ધા-૨૦૨૫-૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વ્યક્તિગત / જૂથ રંગોળી સ્પર્ધા તથા કોલેજ વર્ગ સ્પર્ધા એમ બે વિભાગમાં યુવા-યુવતીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં માત્ર કુદરતી સામગ્રી જેવી કે ફૂલ, માટી, રેતી, ચોખા, બીજ, પાંદડા અને પ્રાકૃતિક રંગોનો ઉપયોગ કરવાનો રહેશે. રંગોળી સ્પર્ધા માટે ‘વિકસિત ભારત@૨૦૪૭’, ‘વિકસિત ભારતનું સ્વપ્ન’, ‘મેક ઈન ઈન્ડિયા’, ‘સેવા સંકલ્પ અભિયાન’, ‘જન કલ્યાણકારી યોજનાઓ’, ‘સપ્તધારા વિઝન’, ‘રાષ્ટ્રીય પ્રતીક’ અને ‘આત્મનિર્ભર ભારત’ પૈકી કોઈ એક વિષય પસંદ કરી રંગોળી તૈયાર કરવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ https://forms.gle/HXMp86UFKyX6igSn7 લિંક પર પોતાની વિગતો ઓનલાઈન ભરવાની રહેશે. વ્યક્તિગત રંગોળી સ્પર્ધામાં પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ અન્ય ઈચ્છુક વ્યક્તિઓ ભાગ લઈ શકશે. કૃતિની સાઈઝ ૧.૫ ફૂટ + ૧.૫ ફૂટ રાખવાની રહેશે. વ્યક્તિગત રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે એક વિજેતાને રૂ. ૫,૦૦૦, દ્વિતીય ક્રમે બે વિજેતાઓને રૂ. ૬,૦૦૦ અને તૃતીય ક્રમે ત્રણ વિજેતાઓને રૂ. ૭,૫૦૦નું ઈનામ આપવામાં આવશે. જૂથ રંગોળી સ્પર્ધામાં પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ અન્ય ઈચ્છુક વ્યક્તિઓ ભાગ લઈ શકશે. જૂથ દ્વારા તૈયાર કરવામાં આવનાર કૃતિની સાઈઝ ૪ ફૂટ + ૪ ફૂટ રહેશે. જૂથ રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે એક વિજેતા ટીમને રૂ.૧૫,૦૦૦, દ્વિતીય ક્રમે બે વિજેતા ટીમોને રૂ.૧૦,૦૦૦ તથા તૃતીય ક્રમે ત્રણ વિજેતા ટીમોને રૂ.૭,૫૦૦ નું ઈનામ આપવામાં આવશે. કોલેજ વર્ગની સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા સ્પર્ધાની કૃતિ તૈયાર કરવાની રહેશે. ડિઝાઈન તૈયાર કરવા માટે અનાજ-કઠોળ પ્રકારની કુદરતી સામગ્રી ઉપરાંત રેતી, છાણનો ભૂકો, જૂનો કાગળ, પાંદડા, દોરા, કાપડના ટુકડા જેવી સામગ્રીનો એક અથવા વધુના કોમ્બિનેશન માં ઉપયોગ કરી શકાશે. રંગોળી ઉપર દર્શાવેલા વિષય મુજબ જ તૈયાર કરવાની રહેશે. શાળા દીઠ વધુમાં વધુ બે બાળકોની મર્યાદામાં ભાગ લઈ શકાશે. તૈયાર થયેલી કૃતિ મૂલ્યાંકન માટે A3 શીટ પર બનાવવાની રહેશે.આ રંગોળી સ્પર્ધા દ્વારા યુવાનો અને વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, ભારતીય સંસ્કૃતિ તથા રાષ્ટ્રભાવનાને પ્રોત્સાહન મળે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં વધુ યુવાનો અને વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મક પ્રતિભા રજૂ કરે તે માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિકસિત ભારત જન સેવા અભિયાન અંતર્ગત એગોલા ગામે “આંગણ મિલન સેવા કાર્યક્રમ” યોજાયો

માહિતી બ્યુરો, પાલનપુર | આઈ.સી.ડી.એસ. પાલનપુર ઘટક-૨ હેઠળ એગોલા ગામ ખાતે આવેલ વિવિધ આંગણવાડી કેન્દ્રો પર વિકસિત ભારત જન સેવા અભિયાન અંતર્ગત “આંગણ મિલન સેવા કાર્યક્રમ”ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બાળકોના પોષણ, માતાઓના આરોગ્ય તેમજ કિશોરીઓના સર્વાંગી વિકાસ અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અતિ કુપોષિત બાળકો અને તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ઈનામોનું વિતરણ કરી પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો સંદેશ તેમજ કિશોરી સંદેશનું વાચન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બાળકોના પોષણ, આરોગ્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પોષણ માસ અંતર્ગત ઉપસ્થિત સૌને પોષણ શપથ લેવડાવવામાં આવી હતી. આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનો અને આશાવર્કર બહેનો દ્વારા કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. બાળકોના પોષણ, માતાઓમાં આરોગ્ય જાગૃતિ અને કિશોરીઓના સર્વાંગી વિકાસનો સંદેશ આપતા આ “આંગણ મિલન સેવા કાર્યક્રમ”ની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય શ્રીમતી સોનલબેન રોહિતકુમાર ઠાકોર, ગામના સરપંચ શ્રીમતી કાન્તાબેન હિરજીભાઈ મહીવાલ, શિક્ષિકા શ્રીમતી વર્ષાબેન પટેલ, CHO ડૉ. નિકિતાબેન પરમાર, FHW મંજુલાબેન મકવાણા, ICDS તાલુકા પંચાયતના શ્રી કિરણભાઈ લુટયા, NNM બ્લોક કોઓર્ડિનેટરશ્રી, દૂધ મંડળીના ડેરી મંત્રી શ્રી દલસંગભાઈ મહીવાલ સહિત આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનો, આશાવર્કર બહેનો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિકાસ ના મૃગજળ



\- રુપાલી દવે

દસ વર્ષ થી ભારત માં રાજનીતિ ની વ્યાખ્યા બદલાઈ છે પ્રજા લક્ષી સુખ,સગવડ અને સમૃદ્ધિ ના બદલે ચુંટણી લક્ષી વધારે બની રહી છે.કદાચ સમૃદ્ધ અને વિકાસ ની ઝડપી ગતિ થી દોડતા દેશો માં નાની મોટી દરેક સરકારી વ્યવસ્થા માં “ટેક્ષ” હોવો એ સામન્ય છે,કેમ? અમેરિકા, જાપાન,ચીન,રશિયા વગેરે જેવા અતિ સમૃદ્ધ દેશ માં નાના માં નાનો વ્યવસાય કે નોકરી કરતા નાગરિક ની આવક ભારત જેવા મધ્યમ વર્ગીય દેશ ના ઊંચી પોસ્ટ પર નોકરી કરતા નાગરિક જેટલી હોય છે એટલે એ સરળતા થી ટેક્ષ ચૂકવી શકે છે. આ ઉપરાંત ત્યાં જનતા જે ટેક્ષ ચૂકવે છે એની સામે ૯૯% વ્યવસ્થાઓ સરકાર આપે છે. ઘરે ઘરે ફ્રી મેડિકલ ચેક અપ બાદ જે તે રોગ ની દવાઓ સિનિયર સિટીઝન કે અન્ય ને ખરીદવી પડતી નથી.ત્યાં મોટાભાગે નાગરિકો સરકારી સ્કૂલો કોલેજો માંજ ભણે છે આ સ્કૂલો ની ફી એકદમ નોમિનલ અને અદ્યતન સાધન સગવડો વાળી હોય છે. અમેરિકા,ચીન, જાપાન વગેરે દેશો આધુનિક ટેક્નોલોજી ની હરણ ફાળ દોડ માં ભાગી દોડી રહ્યું છે છતાંય આજે પણ ત્યાં પ્રાઈવેટ સ્કૂલો કોલેજો કરતા સરકારી સ્કૂલો ની સંખ્યા વધારે છે.

૨૦૧૪ થી ૨૦૨૬ સુધી મા વિકાસ ના નામ ના ખોખલા નારા વચ્ચે લાખો ગરીબ બાળકો નું જીવન શિક્ષણ વગર નું બન્યું છે.ભારત માં ગરીબ અને નીચલા સ્તર ના મધ્યમ વર્ગીય પરિવાર ના બાળકો ને ફ્રી માં શિક્ષણ મળી શકે એ માટે સરકારી સ્કૂલો ની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ છેલ્લા દસ વર્ષ માં ૯૪૦૦૦ સરકારી શાળાઓ માં તાળા લાગ્યા બાદ એ ને ખાનગી સંસ્થાઓ ને બરોબર વેંચી દેવામાં આવી છે. આનો અર્થ એ થયો કે દેશ માં છેલ્લા દસ વર્ષ માં સરેરાશ રોજ ની ૨૫ શાળા ઓ બંધ થઈ છે. સરકારી શાળાઓ બંધ થવા ના લીધે ૨.૨૬ કરોડ વિદ્યાર્થીઓ ના ભવિષ્ય પર સીધી અસર થઈ છે. જોવાનું એ કે ઉતર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં સૌથી વધારે કુલ ૪૦૦૦૦ થી ૪૫૦૦૦ જેટલી સરકારી શાળાઓ માં તાળા લાગ્યા છે.સરકારી શાળાઓ બંધ થતા ખાનગી શાળા ઓમા ધરખમ વધારો નોંધાયો છે. છેલ્લા દસ વર્ષ માં શિક્ષણ એ વ્યવસાય બનતા ભારત માંથી “કેલિબર” મતલબ “તેજસ્વી તરલા” નામશેષ થયા છે.આજે ભારત નો શિક્ષણ બાબતે ટ્રેન્ડ એવો છે કે ધન વેરો તો ઘર બેઠા ડિગ્રી સાથે નોકરી પણ વેચાય છે. ભારત ની આઝાદી બાદ માત્ર ૧.૪ લાખ સરકારી શાળા ઓ હતી જે કોંગ્રેસ ના શાસન દરમિયાન દસ લાખ થી વધુ એટલે ૧૧.૦૭ લાખ હતી. જે ૨૦૧૪ થી ૧૫ ના ગાળા માં ઘટી ને સરકારી શાળાઓ નો આંકડો ૧૦.૧૩ લાખ થયો છે. વિચારો વર્ષ ૨૦૨૬ માં સરકારે આપેલ બંધ સરકારી સ્કૂલો ના આંકડા માં કેટલો મોટો ગોટાળો હશે. આઝાદી બાદ સરદાર વલ્લભ ભાઈ પટેલ નું સ્વપ્નું હતું કે ભારત ના ગરીબો શિક્ષણ ના મધ્યમ થી ગરીબી રેખા માંથી નીકળી ને ખુદ ને સમૃદ્ધ બનાવે પણ અફસોસ વર્તમાન સમય શિક્ષણ ની કથળતી દશા જોતા લાગે છે કે મોજુદા સરકાર વધારે સમય સુધી રહેશે તો અમીર વધારે અમીર બનશે ને મધ્યમ વર્ગીય અને ગરીબો નું જીવવું અશક્ય બની જશે.સરકારી નોકરીઓના લોભે પરીક્ષાઓમાં ફોર્મ ની કિંમત તો બધા ચૂકવે છે પણ હાલ ની સરકાર એટલી બધી હદે ભિખારી બની ચૂકી છે ને કે ફોર્મ ની કિંમત ચાઉ કરવા માટે પેપર લીક મુદ્દા ને પ્રોત્સાહન આપ્યા કરે છે.જે ચીજ કોંગ્રેસ ના શાસન દરમિયાન જવલ્લેજ થતી હતી એ વાત ક્લાર્ક ની પરીક્ષા થી લઈને પીજી નીટ જેવી પરીક્ષાઓમાં પણ અવિરત થયા કરે છે ને સરકાર લાચારી ના ઢોંગ કર્યા કરે છે.

૨૦૧૪ બાદ ભારત માં સાફ સુથરી સરકાર આવ્યા બાદ ભ્રષ્ટાચાર ઘટવા ને બદલે વધ્યો છે. જે રીતે સરકારી શાળાઓ વર્તમાન પત્રક માં ટેન્ડર મુક્યા વગર બરોબર લાગતા વળગતા ને વહેંચાઈ ગઈ એમજ લોટસ ઓફ જનતા ને લાભાર્થે સરકારી પ્રોપર્ટીઓ પર પણ પ્રાઈવેટ સંસ્થા ના બોર્ડ લાગી ગયા છે. ભારત સરકારે પેપર મની ને બદલે ડીજીટલ મની ટ્રાન્સફર નું પદાર્પણ કર્યું ત્યારે શરૂઆત માં જનતા ફ્રોડ ના ભયે ગુગલ પે, ભારત પે વગેરે કરતા ડરતી હતી. આજેપણ જૂનવાણી વિચારધારા ધરાવતા લોકો એ ડિજિટલ પેમેન્ટ,ક્રેડિટ કાર્ડ,ડેબિટ કાર્ડને સ્વીકાર્યું નથી. આ લોકોની વિચારસરણી ગમે તેટલી જુનવાણી હશે પણ લાલચુ લુટારુ સરકાર ની રીતી નીતિ ને સમજ્યા બાદ એણે જે કર્યું એ સારું જ કર્યું છે. વર્તમાન સમયમાં ભારત ની બદનસીબી એ છે કે એની પાસે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ જેવા નાણાં પ્રધાન અને નરસિંહ રાવ જેવા દિશા સૂચક બુદ્ધિશાળી વડાપ્રધાન નથી એટલે ડોલર આગળ રૂપિયો તળિયે બેઠો છે. મોજુદા સરકાર ના કમજોર નાણાં મંત્રી અને દિશાહીન પ્રધાન મંત્રી ને “અર્થ તંત્ર ની આંટીઘૂંટી” ખાસ સમજાતી નથી એટલે ઉદ્યોગપતિઓ એ બેંકો પાસેથી લીધેલ અધધધ લોન લીધા બાદ ન ચૂકવતા એ અધધધ નાણાં ક્યાંથી સરભર કરવા? નો સીધો રસ્તો નથી.જેણે લોન લીધી એ ભરપાઈ કરે એ સામન્ય નિયમ છે પણ ઉદ્યોગપતિઓની ગુડબુક માં રહેવા માટે સરકાર એ બેંકો ફડચા માં ન જાય એટલે પ્રજા પર છૂટે હાથે ટેક્સ ઝીંકી દીધો. Z ટીવી ના માલિક સુભાષ ચંદ્રા નું ૨૩સો કરોડ નું બેંક નું દેવું ન ભરી શકતા સરકાર ની મધ્યસ્થી થી આ દેવું માત્ર ૬.૫ કરોડ માં સેટલ થયું આ કારણોસર બેંકો અને લેણદારો એ ૯૯.૯૭% રકમ નો ઘાટો સહન કરવો પડ્યો હતો. આ સમસ્યા નો વિકલ્પ સરકારે ડિજિટલ પેમેન્ટ માં ૨૦૦૦ થી વધારે પેમેન્ટ કરો તો ટેક્સ લાગુ કર્યો. જેણે બેંક નું દેવું કર્યું એ ન ચૂકવી શકે તો પ્રજા એનું ભારણ શું કામ વહન કરે? જાગો ગ્રાહક જાગો.

આપણા દેશ માં સમસ્યા એ છે કે શાસક ને ગાદી મળ્યા બાદ એનું લક્ષ્ય ચૂંટણી લક્ષી બની જતા વિજય માલ્યા થી લઈને મોટા મોટા ઉદ્યોગપતિઓ સામાન્ય જનતા ની પરસેવાની કમાણીના ટેક્સ ધનની લુંટફાટ કરીને વિદેશ માં બાદશાહ જેવી લાઈફ જીવતા હોય છે.પક્ષ વિપક્ષ ને ચૂંટણીઓ જીતવા મોટા ગજાનું ફંડ જોઈએ એટલે એક હાથ લે બીજે હાથ દે માં અંતે પબ્લિક ના નસીબ માં જ તકલીફ વેઠવાનું આવે છે. નાનો માણસ લોન ચૂકવી ન શકે તો એના પર ફ્રોડ ના કેસ લાગી જાય છે પણ અંબાણી,અદાણી, સુભાષ ચંદ્રા વગેરે જેવા ઉદ્યોગપતિઓ લોન ન ચૂકવે તો એના માટે લાલ જાજમ પાથરી ને વિકલ્પ સ્વરૂપે ડિજિટલ ટ્રાન્ઝેક્શન ટેક્સ, સિનેમાની ટિકિટ પર ટેક્સ,ખાદ્ય પદાર્થો પર ટેક્સ, રેસ્ટોરન્ટ હોટલ ના બિલ પર ટેક્સ,નોકરિયાત ના પગાર માં વિવિધ ટેક્સ નાખી કાતર મૂકવી,સૌંદર્ય પ્રસાધનો પર ટેક્સ, હરવા ફરવા પર ટેક્સ વગેરે વગેરે.

દસ વર્ષ થી આંખ પર ધર્મ ની પટ્ટી બાંધી ને બેઠેલ ભારતીય પ્રજા એ સમજવાની જરૂર છે કે ભ્રષ્ટાચાર નામનો કીડો વ્યાપક બને ને એ પહેલાં દર પાંચ વર્ષે ચૂંટણીમાં એક જ પક્ષ ને વિજયેતા બનાવવા ને બદલે પક્ષો બદલાવાની જરૂર છે.અમેરિકા જેવા વિકસિત સમૃદ્ધ દેશ માં પણ દર ચાર વર્ષ બાદ રાષ્ટ્ર પ્રમુખ ના નવા ચહેરાઓ શાસન પર આવે છે. જે તમને આસપાસ દેખાય છે ને એ મૃગજળ સમાન વિકાસની વાર્તાઓ છે.

બોલિવૂડ એક્ટર ગોવિંદાની પત્ની સુનીતા આહુજા અને તેની કથિત ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકાર વચ્ચેનો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. કોમલ તરફથી સુનીતા પર પોતાના જ પતિને મારવાનો પ્રયાસ કરવાનો ગંભીર આરોપ લગાવ્યા બાદ હવે ગોવિંદાની ભાણેજ કશ્મીરા શાહ મામી સુનીતાના સમર્થનમાં ઉતરી આવી છે. કશ્મીરાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કોમલ પર નિશાન સાધતાં કહ્યું કે, 'કામની જગ્યાએ કોઈ કૉ-સ્ટારને આટલી અંગત વાતોની જાણકારી હોતી નથી.' તેણે સુનીતાને એક મજબૂત મહિલા ગણાવતા દરેક પરિસ્થિતિમાં તેની સાથે ઊભા રહેવાની વાત કહી છે.

# ગોવિંદાની ગર્લફ્રેન્ડે સુનીતાને 'હત્યારી' કહેતા ભાણેજવહુ ભડકી



## કશ્મીરાએ કહ્યું- 'કૉ-સ્ટારને અંગત વાતોની ખબર કેવી રીતે પડી? હું મામી સાથે હંમેશા ઊભી રહીશ'

(એજન્સી) મુંબઈ | તા.28

કશ્મીરાએ કહ્યું- '30 વર્ષની કારકિર્દીમાં આવું ક્યારેય સાંભળ્યું નથી' કશ્મીરા શાહે લખ્યું કે, 'પોતાની 30 વર્ષની કારકિર્દી અને 50 ફિલ્મોના અનુભવમાં કોઈ 'કૉ-સ્ટાર'ને મારા અંગત જીવન અથવા લાગણીઓની જાણકારી રહી નથી. મેં માત્ર પોતાના પતિ કૃષ્ણા સાથે જ પોતાની વાતો શેર કરી છે.'

કશ્મીરાએ પ્રશ્ન ઉઠાવ્યો કે કામ કરવાની જગ્યાએ આવો કોઈ સંબંધ તેણે ક્યારેય જોયો નથી, જેમાં કોઈ કૉ-સ્ટારને આટલી અંગત વાતોની જાણકારી હોય.


કોમલ રાનીના આરોપોનો જવાબ આપતાં કાશ્મીરાએ લખ્યું કે, 'પોતાના પરિવારની સંભાળ રાખતી મહિલાઓને ઘણીવાર ઘમંડી, પ્રભુત્વ જમાવનારી અથવા સ્વાર્થી કહી દેવામાં આવે છે. પરંતુ આ પહેલીવાર છે જ્યારે કોઈને 'હત્યારી' કહેવામાં આવી રહી છે.' કશ્મીરાએ કહ્યું કે, 'જો પોતાના લોકોની સુરક્ષા કરનારી માતા, પત્ની અથવા બહેનને હત્યારી કહેવામાં આવે છે, તો મને તેના પર ગર્વ છે.' તેણે સુનીતાની પ્રશંસા કરતાં કહ્યું કે, 'હું હંમેશા તમારી સાથે ઊભી રહીશ.' પતિ ગોવિંદા સાથે છેતરપિંડી અને કોમલ રાની સાથે એક્સ્ટ્રા મેરિટલ અફેરના આરોપ લગાવતી સુનીતાએ તાજેતરમાં કોલકાતાના દક્ષિણેશ્વર કાલી મંદિરમાં કહ્યું હતું કે, જે સ્ત્રી તેમનું ઘર તોડી રહી છે, માતા રાણી તેને પાઠ ભણાવે. આ અંગે કોમલે કહ્યું છે કે, જે સ્ત્રી પોતાના પતિને મારવાનો પ્રયાસ કરી રહી છે, તેનો શ્રાપ કોઈને લાગતો નથી. સાથે જ કોમલે ચેતવણી આપી છે કે, સુનીતાએ તેના નામનો ઉપયોગ ન કરવો.

કોમલ રાનીએ સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી સુનીતાના નિવેદનનો વળતો જવાબ આપતાં લખ્યું, જે સ્ત્રી વર્ષોથી પોતાના જ પતિને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરી રહી હોય, એવી સ્ત્રીનો શ્રાપ કોઈને લાગતો નથી. જે ઘર પહેલાથી જ ભાંગેલું હોય, તેને કોઈ તોડી શકતું નથી. આપણા દેશના લોકો એટલા મૂર્ખ નથી કે કોઈ તેમને એમ કહે કે 'કાગડો તારો કાન લઈ ગયો' અને તે કાગડા પાછળ દોડવા લાગે. મને નથી સમજાતું કે કોઈ સ્ત્રીને કેવા પ્રકારનું દર્દ છે, જ્યાં તે તેને સાજા કરવાનો પ્રયાસ કરવાને બદલે, તે તેને જાહેરમાં પ્રદર્શિત કરવાનો આનંદ માણતી હોય એવું લાગે છે.

'પુરુષને હેરાન કરીને મોતની અણીએ પહોંચાડી દીધો' આ ખરેખર એક દર્દ છે કે પછી ખૂબ જ વિચારપૂર્વક ઘડાયેલું કોઈ ષડયંત્ર છે? કોઈ પુરુષને સતત માનસિક રીતે હેરાન કરવો, તેને કામ કરતા રોકવો, તેને ઘરમાં બેસી રહેવા અને નાશ પામવા માટે મજબૂર કરવો, તેને સંપૂર્ણપણે એકલો પાડી દેવો અને તેને મૃત્યુના આરે પહોંચાડી દેવો. મને નથી લાગતું કે કોઈ સારી અને સમર્પિત પત્ની તેના પતિ સાથે આટલો ખરાબ વ્યવહાર કરી શકે. 'ભગવાન ભલા પુરુષને ચાલાક સ્ત્રીઓથી બચાવે' શું આવી સ્ત્રીઓ માનસિક રીતે અસ્વસ્થ હોય છે. અથવા તે પોતાની હોશિયારીમાં જ ખૂબ ચતુર હોય છે અને પૂરી રીતે જાણતી હોય છે કે જે તે બંધ દરવાજા પાછળ ન કરી શકી, તે તે જાહેર થઈને લોકોની સહાનુભૂતિ મેળવીને પ્રાપ્ત કરી શકે છે?

**સુનીતાનું નિવેદન શું હતું?** | ખરેખર, દક્ષિણેશ્વર કાલી મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ સુનીતા આહુજાએ કહ્યું કે, 'હું આજે દક્ષિણેશ્વર કાલી માતા રાણીનાં દર્શન કરવા આવી છું. તમે બધા જાણો છો કે, મહાકાલી રાક્ષસોનો નાશ કરે છે. મારા જીવનમાં પણ કેટલાક રાક્ષસો છે, માતાને કહેવા આવી છું કે તેમનો પણ નાશ કરે.'

# 'બિગ બોસ'માં સલમાન ખાન લાલઘૂમ



(એજન્સી) મુંબઈ | તા.28

સલમાન ખાને રિયાલિટી શો બિગ બોસ 20ના વીકએન્ડ કા વારમાં બેક પોઝ લેવા બદલ પાપારાઝીને ફટકાર લગાવી હતી. હવે આ અઠવાડિયે સલમાને ફરી આ મુદ્દો ઉઠાવ્યો છે અને સોશિયલ મીડિયા પર સેન્સર લગાવવાની વાત કહી છે. સાથે જ તેમણે AIના દુરુપયોગ પર પણ નારાજગી વ્યક્ત કરી છે.

સલમાને તાજેતરના એપિસોડમાં કહ્યું છે, 'AIનો પણ દુરુપયોગ થઈ રહ્યો છે. કોઈએ તમારો AI અવાજ લઈને કોઈને ગાળો આપી દીધી. તમને ખબર છે કે આ લોકો ઘણા બધા લોકોના AI વીડિયો બનાવી રહ્યા છે. અહીં સુધી કે હું પણ AI વીડિયોમાં હોઉં છું. કેટલાક લોકો એવા છે જેમને ખબર નથી કે હું કેવો છું, તેઓ પોસ્ટ કરી દે છે કે સલમાન ખાન પબમાં હતો. જેમને આ વાતની જાણ છે અને જેમણે આ વીડિયો બનાવ્યો છે, તેઓ કેવા પ્રકારના લોકો છે.'


આગળ સલમાને કહ્યું છે, 'આ પ્રકારના લોકોને જેલમાં નાખવા જોઈએ. જ્યાં સુધી એક-બે લોકોને અંદર નહીં મોકલવામાં આવે, ત્યાં સુધી આ બધું અટકવાનું નથી. આ માટે કાયદો લાવવો જોઈએ. સોશિયલ મીડિયા પર પણ સેન્સરશિપ હોવી જોઈએ. હું આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવા જઈ રહ્યો છું.'

શો માં ફિલ્મ હુકારનું પ્રમોશન કરવા પહોંચેલી ફાતિમા સના શેખે સલમાન દ્વારા પાપારાઝી સાથે જોડાયેલો મુદ્દો ઉઠાવવા બદલ તેમની પ્રશંસા કરી. આ અંગે તેમણે કહ્યું, 'હું ઘણા દિવસોથી આ બાબત પર ધ્યાન આપી રહ્યો હતો. કેટલીક છોકરીઓ ખૂબ અસહજ થઈ જાય છે. પેપ્સે કહ્યું છે કે હવે તેઓ આવું નહીં કરે. એકાદ-બે લોકો એવા છે, પરંતુ હવે બાકીના લોકો આવું નથી કરી રહ્યા. કેટલાક લોકો મોબાઈલ લઈને ઊભા રહે છે, જે પેપ્સ પણ નથી. અસલી પ્રેસવાળા અને પેપ્સે તેમને ત્યાંથી ભગાડવા જોઈએ. કોઈપણ વ્યક્તિ હાથમાં કેમેરો પકડી લે છે.'

સલમાને કહ્યું, 'અહીં સેન્સર બોર્ડ જેવું કંઈક હોવું જોઈએ, જ્યાં લોકોએ પોતાની ટિપ્પણીઓ અને શબ્દો માટે જવાબદારી લેવી જોઈએ. ઈન્ફ્લુએન્સર્સ તેનાથી પૈસા કમાય છે. રોજગાર માટે આ સારું છે, પરંતુ તેનો દુરુપયોગ ન થવો જોઈએ.'

# પીએમ મોદીએ લતા મંગેશકરની જન્મજયંતિએ શ્રદ્ધાંજલિ આપી

## કહ્યું- 'તમારું યોગદાન યુગો સુધી યાદગાર રહેશે'; પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ તેમનું ગીત સાંભળી રડી પડ્યા હતા...


Narendra Modi
@narendramodi
Show translation
अपनी दिव्य गायन प्रतिभा से विश्व में देश का नाम रोशन करने वालीं आदरणीया लता दीदी को उनकी जयंती पर सादर नमन। उन्होंने भारतवर्ष को न केवल अपने सुमधुर सुरों से सजाया-संवारा, बल्कि देश की समृद्धि से जुड़ी हर पहल को भी सदैव प्रोत्साहित किया। भारतीय संगीत जगत में उनका अप्रतिम योगदान युग-युगांतर तक स्मरणीय रहेगा।

(એજન્સી) મુંબઈ | તા.28

દિગ્ગજ સિંગર લતા મંગેશકરની આજે 97મી જન્મજયંતી છે. લતા મંગેશકરનો જન્મ 28 સપ્ટેમ્બર, 1929ના રોજ થયો હતો. આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું છે, 'પોતાની દિવ્ય ગાયન પ્રતિભાથી વિશ્વમાં દેશનું નામ રોશન કરનાર આદરણીય લતા દીદીને તેમની જન્મજયંતી પર સાદર નમન. તેમણે ભારતવર્ષને માત્ર પોતાના મધુર સ્વરોથી સજાવ્યું-સંવાર્યું જ નહીં, પરંતુ દેશની સમૃદ્ધિ સાથે જોડાયેલી દરેક પહેલને પણ હંમેશાં પ્રોત્સાહિત કરી. ભારતીય સંગીત જગતમાં તેમનું અપ્રતિમ યોગદાન યુગો સુધી સ્મરણીય રહેશે.'

28 સપ્ટેમ્બર 1929ના રોજ લતા દીદીનો જન્મ ઈન્દોરના એક શીખ મહોલ્લામાં તેમના માસીના ઘરે થયો હતો. તેમણે 5 વર્ષની ઉંમરથી જ સંગીત શીખવાનું શરૂ કરી દીધું હતું. ત્યારબાદ 9 વર્ષની ઉંમરથી તેઓ પોતાના પિતા દીનાનાથ મંગેશકર સાથે નાટક કંપનીમાં શો કરવા લાગ્યાં હતાં. 1940-41ની આસપાસ દિલ્હીમાં ઑલ ઈન્ડિયા રેડિયોના આમંત્રણ પર લતા દીદી પહેલીવાર પિતા સાથે રેકોર્ડિંગ માટે ગયાં હતાં. 24 એપ્રિલ 1942ના રોજ તેમના પિતા દીનાનાથ મંગેશકરનું અવસાન થયું.

પિતાના નિધન પછી ઘરની સંપૂર્ણ જવાબદારી લતા દીદીના ખભા પર આવી ગઈ હતી. આ દરમિયાન તેમના પિતાના મિત્ર અને ફિલ્મમેકર માસ્ટર વિનાયકે તેમને પોતાની મરાઠી ફિલ્મ પહેલી 'મંગલા ગૌર' માટે સંપર્ક કર્યો. પૈસાની જરૂર હોવાથી તેમણે હા પાડી અને ફિલ્મમાં એક નાનકડી ભૂમિકા પણ ભજવી.

સાથે જ તેમણે ફિલ્મનું ગીત 'નટલી ચૈત્રાચી નવલાઈ' પણ ગાયું. આ ગીત માટે તેમને 25 રૂપિયા મહેનતાણું મળ્યું હતું અને ફિલ્મમાં ભૂમિકા ભજવવા માટે કુલ 300 રૂપિયા મળ્યા હતા. ત્યારબાદ તેમણે માસ્ટર વિનાયકની કંપનીમાં કામ કર્યું.

પોતાની આત્મકથામાં લતા મંગેશકરે કહ્યું, '13 વર્ષની ઉંમરે સમગ્ર પરિવારની જવાબદારી મારા ખભા પર આવી ગઈ હતી. આવી સ્થિતિમાં ન ઈચ્છતા હોવા છતાં મારે ફિલ્મોમાં કામ કરવું પડ્યું. ઘરમાં માતા ઉપરાંત ચાર ભાઈ-બહેનોના ઉછેરની જવાબદારી એક પડકાર હતી, જેના માટે ફિલ્મોમાં કામ કરવાનો માર્ગ જ મને યોગ્ય લાગ્યો.'

### પૈસાની અછતને કારણે ઘર ખાલી કરવાની નોબત આવી ગઈ હતી

દીનાનાથ મંગેશકરના નિધન બાદ લતા દીદી આખા પરિવારને લઈને મહારાષ્ટ્રના કોલ્હાપુર આવી ગયાં હતાં. માસ્ટર વિનાયકે તેમને રહેવા માટે એક મકાન આપ્યું હતું. 1947માં માસ્ટર વિનાયકનું નિધન થયું. ત્યાર બાદ તેમના સંબંધીઓએ લતાને ઘર ખાલી કરવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું.

આ દરમિયાન એક કૅમેરામૅન લતાને મળવા આવ્યા. તેમણે કહ્યું- એક હરિશ્ચંદ્ર બાલી છે, જે તમને મળીને તમારું ગીત સાંભળવા માંગે છે. બીજા દિવસે તેઓ જઈને તેમને મળ્યાં. તેમણે લતાને સાંભળી અને ગીત ગાવાની તક આપી. તેના બદલામાં તેમણે લતાને મોટી રકમ આપી. એ જ પૈસાથી લતાજીએ ઘરનું ભાડું ચૂકવ્યું. ત્યાર બાદ જ તેમને એ ઘરમાં રહેવા દેવામાં આવ્યાં.

# 'મુસ્લિમ થઈને કપાળે તિલક લગાવ્યું'

## ગુજરાતી પરંપરા મુજબ સ્વાગત કરાતા સુપરસ્ટાર મમૂટી ટ્રોલ થયા, એક્ટર યુસુફ બોલ્યા- નફરત ફેલાવનારા કૂવામાંના દેડકા



ગુજરાતમાં આયોજિત નેશનલ અવોર્ડ સેરેમની દરમિયાન નેશનલ અવોર્ડ વિજેતા અભિનેતા મમૂટીનું તિલક લગાવીને પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુસ્લિમ હોવા છતાં કપાળ પર તિલક લગાવવાને લઈને સોશિયલ મીડિયા પર મમૂટીની આકરી ટીકા કરવામાં આવી રહી છે. ઘણા યુઝર્સ તેને ઈસ્લામનું અપમાન અને ધર્મ વિરુદ્ધનું કૃત્ય ગણાવી રહ્યા છે.

આ વિવાદને લઈને મલયાલમ અભિનેતા અને ફિલ્મમેકર હરિશ્રી યુસુફે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને ટ્રોલર્સને જવાબ આપ્યો છે. હરિશ્રીએ કહ્યું કે તિલક લગાવવું મહેમાનોના સ્વાગતની ભારતીય પરંપરા છે અને ધર્મનો હેતુ મનુષ્યોને વધુ સારા બનાવવાનો છે, એકબીજા સાથે લડાવવાનો નહીં.

મમૂટીને તાજેતરમાં ફિલ્મ 'ભ્રમયુગમ' માટે નેશનલ ફિલ્મ અવોર્ડ મળ્યો છે. ગુજરાત પ્રવાસ દરમિયાન તેમના સ્વાગત માટે કપાળ પર તિલક લગાવવામાં આવ્યું હતું. તેનો વીડિયો સામે આવ્યા બાદ એક્સ અને ઈન્સ્ટાગ્રામ પર કેટલાક યુઝર્સ મમૂટીની ટીકા કરવા લાગ્યા. અબ્બાસ નામના એક યુઝર સહિત અનેક લોકોએ લખ્યું કે મુસ્લિમ હોવા છતાં કપાળ પર તિલક લગાવવું ઈસ્લામ વિરુદ્ધ છે અને તેનાથી ધર્મનું અપમાન થયું છે. જોકે અનેક પ્રશંસકોએ મમૂટીનો બચાવ કરતાં તેને માત્ર એક સાંસ્કૃતિક સ્વાગત ગણાવ્યું.

સોશિયલ મીડિયા પર થઈ રહેલી નિવેદનબાજી અંગે મલયાલમ એક્ટર હરિશ્રી યુસુફે એક વીડિયો જાહેર કરીને ટીકા કરનારાઓને જડબાતોડ જવાબ આપ્યો. યુસુફે ટ્રોલર્સને 'કૂવામાંના દેડકા' ગણાવતાં કહ્યું કે, અમે કલાકારો સંકુચિત વિચારસરણી ધરાવતા નથી.

# WWE અને AEWના સ્ટાર રેસલર PACનું 40 વર્ષની વયે અચાનક નિધન

(એજન્સી) મુંબઈ | તા.28

WWEની દુનિયામાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે, જેમાં 40 વર્ષીય જાણીતા રેસલર પૅક (PAC)નું અચાનક નિધન થયું છે. મૃત્યુના એક દિવસ પહેલા જ તે રેસલિંગ રિંગમાં ઉતાર્યો હતો. જોકે, તેના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક અટકળો મુજબ હાર્ટ અટેકને કારણે તેનું અવસાન થયું હોવાનું માનવામાં આવે છે. પૅક હાલમાં 'ઓલ એલીટ રેસલિંગ' (AEW) કંપની સાથે જોડાયેલો હતો.તાજા સમાચાર વાંચો

ઓલ એલીટ રેસલિંગ (AEW)એ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પૅકના નિધનની પુષ્ટિ કરતા શોક વ્યક્ત કર્યો છે. AEWમાં તેનું રિંગ નેમ 'પૅક' હતું, જ્યારે તેનું મૂળ નામ બેન્જામિન સેટરલી (Benjamin Saterley) હતું અને તે ઈંગ્લેન્ડના ન્યૂકેસલનો રહેવાસી હતો.

AEWમાં જોડાતા પહેલા તે WWEમાં 'નેવિલ' (Neville)ના નામે રિંગમાં શાનદાર પ્રદર્શન કરતો હતો. ક્રૂઝરવેટ કેટેગરીમાં તેને અત્યંત કુશળ અને હાઈ-ફ્લાઈંગ રેસલર તરીકે ઓળખવામાં આવતો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, પૅક પોતાના નિધનના માત્ર એક દિવસ પહેલા એટલે કે 26 સપ્ટેમ્બરના રોજ 'પે પર વ્યુ' (Pay-Per-View) મેચ માટે રિંગમાં ઉતર્યો હતો. તેના અચાનક નિધનના કારણે AEW અને WWE સહિત વિશ્વભરના રેસલિંગ પ્રશંસકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પૅક 2019માં AEW સાથે જોડાયો હતો અને પોતાના શાનદાર 'હાઈ-ફ્લાઈંગ' મૂવ્સ તેજ કૌશલ્યથી લાખો ફેન્સનું દિલ જીતી લીધું હતું. કંપનીએ તેમના પરિવાર, મિત્રો અને પ્રશંસકો પ્રત્યે પોતાની સંવેદનાઓ વ્યક્ત કરી છે.

# રણબીર@44, 21 ફિલ્મોમાં રોકસ્ટાર-બરફી જેવી 12 હિટ

## જૂતાં પહેરીને મંદિરમાં જવા બદલ પિતા ઋષિ કપૂરે માર માર્યો, માતા-પિતા ઝઘડતા ત્યારે ડરીને રાત સીડીઓ પર વિતાવી



(એજન્સી) મુંબઈ | તા.28 બોલિવૂડના સૌથી શ્રેષ્ઠ કક્ષાના અભિનેતા ગણાતા રણબીર કપૂર આજે 44 વર્ષના થઈ ગયા છે. 2007માં ફ્લોપ ફિલ્મ 'સાંવરિયા'થી કરિયરની શરૂઆત કરનારા રણબીર કપૂરે 'રોકસ્ટાર'માં તૂટેલા દિલનું દર્દ જીવ્યું, 'બર્ફી'માં બોલ્યા વિના લોકોનાં દિલ જીતી લીધાં અને 'સંજુ'માં સંજય દત્તને પડદા પર જીવંત કરી દીધા. 'એનિમલ' થકી બોક્સ ઓફિસના રેકોર્ડ તોડ્યા, તો સામે વિવાદોમાં પણ ઘેરાયા. પડદા પાછળ માતા-પિતા વચ્ચેના તણાવભર્યા સંબંધો, પિતા ઋષિ કપૂરને ગુમાવવાનું દર્દ અને અંગત જીવનની ચડતી-પડતી પણ તેમની આ કહાનીનો મહત્વનો હિસ્સો રહ્યા છે. 19 વર્ષની કરિયરમાં 21 ફિલ્મો સાથે રણબીર હવે 'રામાયણ'માં ભગવાન શ્રીરામની ભૂમિકા ભજવવા જઈ રહ્યા છે. કપૂર ખાનદાનનો ચિરાગ, છતાં પોતાની ઓળખ ઊભી કરવાની જીદ રણબીર કપૂરનો જન્મ 28 સપ્ટેમ્બર 1982ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ અભિનેતા ઋષિ કપૂર અને નીતુ કપૂરના પુત્ર છે. શોમેન રાજ કપૂર તેમના દાદા છે. પરિવારની ચાર-ચાર પેઢીઓ હિન્દી સિનેમામાં પોતાની અમીટ છાપ છોડી ચૂકી હતી. આમ તો રણબીર કપૂર તમામ સુખ-સાહ્યબી અને એશોઆરામ વચ્ચે ઉછર્યા, પરંતુ તેમના પોતાના અંગત સંઘર્ષો પણ રહ્યા. રણબીરને 'નેઝલ ડેવિએટેડ સેપ્ટમ' નામની દુર્લભ બીમારી થઈ હતી.

### રણબીર કપૂરના બાળપણના કેટલાક કિસ્સા

**ચહેરા પર વાગ્યાનું નિશાન:** રણબીર કપૂર એકવાર બાથરૂમમાં લપસીને પડી ગયા હતા, જેના કારણે તેમના ચહેરા પર ઊંડો ઘા પડી ગયો હતો. આ ઈજાનું નિશાન આજે પણ તેમના ચહેરા પર સ્પષ્ટ જોવા મળે છે.

**આફ્ટર શેવ લોશન પી લીધું:** રણબીરે બાળપણમાં એકવાર બાથરૂમમાં પિતાનું આફ્ટર શેવ લોશન પી લીધું હતું. પરિવારે તાત્કાલિક પગલાં ભરીને તેમને ઊલટીઓ કરાવી હતી.

**પ્રિન્સિપાલનો માર:** રણબીરે શરૂઆતનો અભ્યાસ માહિમની બોમ્બે સ્કોટિશ સ્કૂલમાંથી કર્યો હતો. એકવાર ક્લાસમાંથી ભાગવાનો પ્રયાસ કરતાં પકડાઈ જતાં પ્રિન્સિપાલે આખા કોરિડોરમાં ફેરવી-ફેરવીને તેમને તમાચા માર્યા હતા.

**સ્કૂલમાં બુલિંગનો શિકાર:** રણબીર કપૂર પોતાની સ્કૂલમાં માત્ર એટલા માટે ચર્ચામાં રહેતા કારણ કે તેમના પિતા ઋષિ કપૂર મશહૂર અભિનેતા હતા. ઘણીવાર તેમને ક્લાસમાં સોફ્ટ ટાર્ગેટ સમજીને ખૂબ બુલી (હેરાન) કરવામાં આવતા. અન્ય ક્લાસના બાળકો પણ તેમને પરેશાન કરતા હતા. આ વાત રણબીરે 'વ્હોટ વુમન વોન્ટ્સ' પોડકાસ્ટમાં શેર કરી હતી.

**મંદિરમાં બૂટ પહેરીને જતાં પિતાનો ગુસ્સો:** એક દિવસ રણબીર કપૂર બૂટ પહેરીને જ ઘરના મંદિરમાં ઘૂસી ગયા હતા. ઋષિ કપૂરે આ જોયું તો તેઓ એટલા ક્રોધે ભરાયા કે સીધો જ રણબીરને એક જોરદાર તમાચો ચોડી દીધો હતો.

**સંજય દત્તના મોટા ફેન:** રણબીર બાળપણમાં સંજય દત્તના જબરા પ્રશંસક હતા. તેઓ પોતાના રૂમની કબાટમાં સંજય દત્તના ફોટા છુપાવીને રાખતા, જ્યારે તેમની બહેન રિદ્ધિમા પાસે સલમાન ખાનના ફોટા રહેતા. સંજોગની વાત એ છે કે આગળ જતાં રણબીરે સંજય દત્તની બાયોપિકમાં જ તેમનો રોલ ભજવ્યો, જે તેમની કરિયરની સૌથી શ્રેષ્ઠ ફિલ્મોમાં સામેલ થઈ.

**પિતાની ફિલ્મો જોવી ગમતી:** રણબીરને બાળપણમાં પિતાની ફિલ્મો જોવી બહુ ગમતી, જ્યારે માતા નીતુ સિંહની ફિલ્મો જોવી અજીબ લાગતી હતી. પિતા દ્વારા ફિલ્મોમાં ભજવાયેલા અલગ-અલગ પાત્રો જોઈને જ રણબીરના મનમાં અભિનેતા બનવાનો વિચાર આવ્યો હતો.

**પિતા સાથે દેશભક્તિના ગીતમાં જોવા મળ્યા હતા રણબીર** બાબરી મસ્જિદના ધ્વંસ બાદ દેશભરમાં રમખાણો ફાટી નીકળ્યા હતા. તે સમયે 1993માં સુભાષ ઘઈએ દૂરદર્શન માટે એકતાના સંદેશ સાથે 'પ્યાર કી ગંગા બહે' ગીત બનાવ્યું હતું.

આ ગીતમાં તે સમયના દિગ્ગજ સિતારાઓ પોતાના પરિવાર અને બાળકો સાથે જોવા મળ્યા હતા. ત્યારે 11 વર્ષના રણબીર કપૂર પણ પિતા ઋષિ કપૂર સાથે એક સીનમાં નજરે પડ્યા હતા. તેમના ઉપરાંત બાળ કલાકારો તરીકે સોનમ કપૂર અને ટાઈગર શ્રોફ પણ દેખાયા હતા, જ્યારે મોટા કલાકારોમાં અનિલ કપૂર, સલમાન ખાન, ઋષિ કપૂર, આમિર ખાન, જેકી શ્રોફ, નસીરુદ્દીન શાહ, ગોવિંદા, ચિરંજીવી, રજનીકાંત અને મમૂટી જેવા દિગ્ગજો સામેલ હતા.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ચેસ ઓલમ્પિયાડમાં સવિતા શ્રીએ ગોલ્ડ જીત્યો

## ● સમરકંદમાં ભારતે છ બોર્ડ મેડલ મેળવ્યા, ગુકેશ અને દિવ્યાએ સિલ્વર મેડલ મેળવ્યો



(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે યોજાયેલી ૨૦૨૬ની ચેસ ઓલમ્પિયાડ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ શાનદાર અને ઐતિહાસિક પ્રદર્શન કરીને કુલ છ વ્યક્તિગત બોર્ડ મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં યુવા ખેલાડી સવિતા શ્રી બી. એ અદભુત રમત બતાવીને ભારત માટે ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સવિતા શ્રીએ બોર્ડ પાંચ પર રમીને સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે એક પણ મેચ હાર્યા વગર અણનમ રહીને દસમાંથી કુલ નવ પોઈન્ટ (આઠ વિજય અને બે ડ્રો) મેળવીને આ બ્રેકથ્રુ ઓલમ્પિયાડ કેમ્પેઈનમાં ગોલ્ડ મેડલ પર પોતાનો કબજો જમાવ્યો હતો. તેની આ સિદ્ધિથી દેશનું નામ રોશન થયું છે અને સમગ્ર ચેસ જગતમાં તેની પ્રશંસા થઈ રહી છે.

આ ઉપરાંત, વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશ અને દિવ્યા દેશમુખે પોતાની ઉત્કૃષ્ટ રમતથી બે સિલ્વર મેડલ દેશની માં નાખ્યા હતા. જ્યારે આર. પ્રજ્ઞાનનંદા, કોનેરુ હમ્પી અને વંતિકા અગ્રવાલે પોતપોતાના બોર્ડ પર શાનદાર દેખાવ કરીને બ્રોન્ઝ મેડલ જીતી લીધા હતા. આ વ્યક્તિગત સન્માનોની સાથેસાથે ભારતે ઓપન સેક્શનમાં સિલ્વર મેડલ અને વુમન્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પણ મેળવવામાં મોટી સફળતા મેળવી છે.

ભારતીય ચેસ ટીમના આ શાનદાર દેખાવથી સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ખેલાડીઓની આ સર્વોચ્ચતા ભવિષ્યની પેઢી માટે પ્રેરણારૂપ સાબિત થશે અને દેશમાં ચેસની રમતને વધુ પ્રોત્સાહન મળશે.

# બાંગ્લાદેશે દુનિયાની અનોખી ડી-થ્રી ટુર્નામેન્ટ લોન્ચ કરી



(એજન્સી) ઢાકા । તા. 28

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ દ્વારા ઘરેલુ ક્રિકેટમાં નવી ઉર્જા અને જોશ ભરવા માટે દુનિયાની એક તદ્દન અનોખી 'ડી-થ્રી' (D3) ટ્રોફી લોન્ચ કરવામાં આવી છે, જ્યાં કોઈ એક ફોર્મેટના બદલે T20, ફર્સ્ટ-ક્લાસ અને લિસ્ટ-A એમ ત્રણેય ફોર્મેટની મેચો એકસાથે ફ્રેન્ચાઈઝી બેઝ્ડ ટુર્નામેન્ટમાં રમાડવામાં આવશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આગામી વર્ષ ૨૦૨૬-૨૭ના ડોમેસ્ટિક સીઝનથી શરૂ થનારી આ ટ્રોફીમાં કુલ છ અગ્રણી કંપનીઓએ ફ્રેન્ચાઈઝી ખરીદી છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ દરેક ફ્રેન્ચાઈઝી સાથે ત્રણ વર્ષનો કરાર કરશે, જેમાં માલિકો દરેક સીઝન માટે બોર્ડને અઢી કરોડ બાંગ્લાદેશી ટકા ચૂકવશે. આ ટ્રોફીની શરૂઆત આગામી પંદર ડિસેમ્બરથી T20 કોમ્પિટિશન સાથે થવાની સંભાવના છે, ત્યારબાદ જાન્યુઆરીમાં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ અને મે મહિનામાં વન-ડે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે.

બીસીબીના પ્રમુખ તમીમ ઈકબાલે જણાવ્યું હતું કે આ ટ્રોફી દેશના ઘરેલુ ક્રિકેટમાં રંગ અને ઉત્સાહ પાછો લાવવા માટે શરૂ કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટ માટે છ ફ્રેન્ચાઈઝીના આઈકન પ્લેયર્સ પણ જાહેર કરી દેવામાં આવ્યા છે, જેમાં મહેદી હસન મિરાજ, તૌહીદ હ્રિદોય, મોસદેક હુસૈન, મુશફિકુર રહીમ, નુરુલ હસન અને મોહમ્મદ નઈમનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં ફ્રેન્ચાઈઝી કોચ અને ખેલાડીઓની પસંદગી માટે ડ્રાફ્ટ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેમાં દરેક ટીમે ત્રણેય ફોર્મેટ માટે કુલ ત્રેવીસ ક્રિકેટરો પસંદ કરવાના રહેશે.

આ નવીન પહેલથી બાંગ્લાદેશના યુવા ખેલાડીઓને વૈશ્વિક સ્તરનું પ્લેટફોર્મ મળી રહેશે અને તેમની રમતની કુશળતામાં મોટો સુધારો જોવા મળશે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ ટુર્નામેન્ટ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

# વિરાટ કોહલીએ વનડેમાં પંચાવનમી સદી ફટકારી




(એજન્સી) નવી દિલ્હી । તા. 28

વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી રોમાંચક પ્રથમ વનડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન અને રન મશીન તરીકે જાણીતા વિરાટ કોહલીએ અત્યંત ધૂઆંધાર બેટિંગ કરીને પોતાની આંતરરાષ્ટ્રીય કરિયરની છાસઠમી સદી ફટકારવાની સાથે અનેક ઐતિહાસિક રેકોર્ડ્સ પોતાના નામે કરી લીધા છે.

### વિરાટનું શાનદાર પ્રદર્શન અને રેકોર્ડ્સની વણઝાર

આ મેચમાં વિરાટ કોહલીએ વનડે ક્રિકેટ કરિયરની પંચાવનમી સદી પૂરી કરી હતી. આ સાથે જ તેમણે વનડે ફોર્મેટમાં કુલ પંદર હજાર રનનો આંકડો પાર કરીને દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકર બાદ આ સિદ્ધિ મેળવનારા વિશ્વના માત્ર બીજા બેટ્સમેન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, કોહલીએ માત્ર ચોહેત્તેર બોલમાં પોતાની આ સદી પૂરી કરી હતી, જે તેમના વનડે કરિયરની ત્રીજી સૌથી ઝડપી સદી સાબિત થઈ છે. અગાઉ તેમણે વર્ષ ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા સામે જયપુર અને નાગપુર ખાતે આનાથી પણ ઝડપી ઈનિંગ્સ રમી હતી.

### વેસ્ટ ઈન્ડિઝ સામે દસમી સદી અને ભવિષ્યની સફર

વિરાટ કોહલીએ વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાની દસમી વનડે સદી ફટકારીને કોઈ એક ટીમ સામે સૌથી વધુ વનડે સદી ફટકારવાના મામલે સંયુક્ત રીતે પ્રથમ સ્થાન મેળવી લીધું છે. હાલમાં તેમના નામે શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ બંને સામે દસ-દસ વનડે સદી નોંધાયેલી છે. કોહલીની આ બેટીંગ પરાક્રમથી સમગ્ર દેશના ક્રિકેટ જગતમાં અને ચાહકોમાં ભારે ઉત્સાહ તથા આનંદનો માહોલ છવાઈ ગયો છે.

### કિંગ કોહલીનો મહારેકોર્ડ વનડેમાં પંદર હજાર રન

વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી રોમાંચક પ્રથમ વન-ડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન અને કિંગ કોહલી તરીકે ખ્યાતિ પામેલા વિરાટ કોહલીએ ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે, જ્યાં તેમણે પોતાના વન-ડે કરિયરમાં પંદર હજાર રનનો આંકડો પૂરો કરીને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પછી આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો માત્ર બીજો ખેલાડી બનવાનું ગૌરવ હાસલ કર્યું છે.

### ઐતિહાસિક માઈલસ્ટોન અને બેટિંગ પરાક્રમ

મીડિયા અહેવાલ અનુસાર, ત્રણસો ચૌદથી વધુ મેચોની શાનદાર સફર ખેડીને વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની સર્વોચ્ચતા વધુ એક વખત મજબૂતાઈથી સાબિત કરી છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની આ મુકાબલામાં કોહલીએ અત્યંત સંયમિત અને આક્રમક બેટિંગનું પ્રદર્શન કરીને બોલરોને હંફાવી દીધા હતા.

આ મહાન સિદ્ધિ હાંસલ કરવા સાથે જ તેમણે અનેક પુરાણા રેકોર્ડ ધ્વસ્ત કરી નાખ્યા છે અને વૈશ્વિક સ્તરે ભારતીય ક્રિકેટનું માન વધુ ઊંચું કર્યું છે.

સુનીલ ગાવસ્કરે નવા સિલેક્ટરને ચેતવ્યા

# સારા નિર્ણયો ભૂલાવી દેવાશે એક ભૂલ યાદ રહેશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારતીય ક્રિકેટ ટીમ માટે ટૂંક સમયમાં જ નવા ચીફ સિલેક્ટરની જાહેરાત કરવામાં આવશે, જ્યાં અજીત અગરકરના સફળ કાર્યકાળના અંત બાદ આગામી સમયમાં બે હજાર સતાવીસના વર્લ્ડ કપ માટે મજબૂત ટીમ તૈયાર કરવાનો મોટો પડકાર નવા વડા સામે રહેશે, ત્યારે ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે આ જવાબદારી સંભાળનાર આગામી વ્યક્તિને અગાઉથી જ ગંભીર ચેતવણી આપી દીધી છે.

મીડિયા અહેવાલ અનુસાર, સુનીલ ગાવસ્કરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ચીફ સિલેક્ટરનું પદ જેટલું મોભાવાળું અને પ્રતિષ્ઠિત છે, તેટલું જ તે અત્યંત જોખમી અને કાંટાળો તાજ સમાન છે. પસંદગીકારોએ સતત ખેલાડીઓની પસંદગી કરવા, તેમને ટીમમાંથી પડતા મૂકવા અને ઉપલબ્ધ જગ્યાઓ વચ્ચે સંતુલન જાળવવું પડે છે. આ કડક નિર્ણયોને કારણે ઘણીવાર સમિતિના વડાએ ખેલાડીઓ અને નારાજ ચાહકોના આક્રોશનો ભોગ બનવું પડે છે. ગાવસ્કરે આ પદની સરખામણી અમ્પાયરિંગ, વિકેટકીપિંગ અને કોમેન્ટ્રી સાથે કરતા જણાવ્યું હતું કે અહીં વ્યક્તિની પીઠ પર હંમેશા એક અદ્રશ્ય ટાર્ગેટ રહેલું હોય છે.

ગાવસ્કરે વધુમાં ઉમેર્યું હતું કે સિલેક્શન કમિટી લીધેલા અગણિત સાચા અને શ્રેષ્ઠ નિર્ણયોને લોકો ખૂબ જ ઝડપથી ભુલાવી દે છે, પરંતુ એક નાની કે કથિત ભૂલને પણ મોટો મુદ્દો બનાવીને વારંવાર ઉછાળવામાં આવે છે.

મહત્ત્વની વાત એ છે કે નિર્ણય માત્ર ચીફ સિલેક્ટરનો એકલાનો નથી હોતો, કારણ કે સમિતિના અન્ય સભ્યો પણ તેમાં સમાન ભાગીદાર હોય છે. તેમ છતાં, મીડિયા અને જાહેર જનતા સમક્ષ જવાબ આપતી વખતે બાકીના લોકો પડદા પાછળ રહે છે અને એકલા ચેરમેનને જ આકરી ટીકાઓનો સામનો કરવો પડે છે.

### આગામી પડકારો અને અપેક્ષાઓ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જ નવા નામાની સત્તાવાર ઘોષણા કરવામાં આવશે. નવા ચીફ સિલેક્ટર માટે આગામી સમયમાં યુવા પ્રતિભાઓને તક આપવી અને વરિષ્ઠ ખેલાડીઓ સાથે તાલમેલ સાધવો એ સૌથી મોટી અગ્નિપરીક્ષા સમાન સાબિત થશે.

# મુંબઈ ઈન્ડિયન્સને બેકઅપ ઓપનરની જરૂર છે, WPLની ખરાબ સિઝન બાદ નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

મહિલા પ્રીમિયર લીગ (WPL) ની અત્યાર સુધીની ઈતિહાસમાં સૌથી મજબૂત અને સતત સારું પ્રદર્શન કરનાર મુંબઈ ઈન્ડિયન્સની ટીમ માટે ગત સિઝન અત્યંત નિરાશાજનક રહી હતી, જ્યાં કેપ્ટન હરમનપ્રીત કૌરની ટીમ પ્રથમ વખત પ્લેઓફમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને આ ખરાબ પ્રદર્શન બાદ હવે ટીમ મેનેજમેન્ટે આગામી સિઝન માટે બેકઅપ ઓપનરની શોધ શરૂ કરી દીધી છે.

ઓફ-સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે મોટા ફેરફારો કરતા હેડ કોચ લીસા કીટલી વિદાય લીધી છે અને તેઓ ક્રિકેટ ઓસ્ટ્રેલિયામાં ડેવલપમેન્ટ રોલ સંભાળશે. તેમના સ્થાને ઓસ્ટ્રેલિયાના જ અન્ય અનુભવી કોચ લ્યુક વિલિયમ્સની નિમણૂક કરવામાં આવી છે, જેમણે અગાઉ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સાથે ડબ્લ્યુપીએલ ટ્રોફી જીતી ચૂકેલા છે. મુંબઈની ટીમ ગત સિઝનમાં ઈજાઓ અને બીમારીઓથી ઘેરાયેલી રહી હતી, જેના કારણે હેલી મેથ્યુઝ ખભાની ઈજાને કારણે શરૂઆતની બે મેચ રમી શકી ન હતી જ્યારે જી. કમલિની પણ અંતિમ ચાર મેચમાંથી બહાર થઈ ગઈ હતી.




મુખ્ય ઓપનર્સ અનઉપલબ્ધ હોવાને કારણે એમેલિયા કેર, એસ. સાજના અને અમાનજોત કૌર જેવા ખેલાડીઓએ અયોગ્ય ક્રમે બેટિંગ કરવી પડી હતી. આ કારણોસર મુંબઈ ઈન્ડિયન્સ પાવરપ્લે દરમિયાન સૌથીધીમી ગતિથી રન બનાવનારી ટીમ બની રહી હતી. જો આગામી સમયમાં મેથ્યુઝ કે કમલિનીમાંથી કોઈ ફરીથી ગેરહાજર રહે તો ટીમ પાસે વિશ્વસનીય બેકઅપ ઓપનર હોવો અનિવાર્ય બની ગયું છે.

નવા કોચ લ્યુક વિલિયમ્સની આગેવાનીમાં ટીમ મેનેજમેન્ટ આ ખામીઓને સુધારવા માટે પૂરી તાકાત લગાવી રહ્યું છે. મુંબઈ ઈન્ડિયન્સના ચાહકો આશા રાખી રહ્યા છે કે આગામી સિઝનમાં ટીમ ફરીથી વિજયી પંથે પરત ફરશે અને પોતાનું શાનદાર ફોર્મ પુનઃ પ્રાપ્ત કરશે.

# એશિયન ગેમ્સમાં લવલીનાએ મેડલ નિશ્ચિત કર્યો

## 75 કિગ્રા બોક્સિંગની સેમિફાઈનલમાં પ્રવેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

એશિયન ગેમ્સમાં ભારત માટે ગૌરવપૂર્ણ ક્ષણ સામે આવી છે, જ્યાં સ્ટાર મુક્કાબાજ લવલીના બોરગોહેને મહિલાઓની પંચોત્તેર કિલોગ્રામ બોક્સિંગ સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલ મેચમાં શાનદાર વિજય મેળવીને દેશ માટે ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ નિશ્ચિત કરી દીધો છે. નિશીઓ જીમખાન્યા ખાતે રમાયેલી આ મહત્ત્વપૂર્ણ મેચમાં અઠ્ઠાવીસ વર્ષીય લવલીનાએ દક્ષિણ કોરિયાની ખેલાડી સેઓંગ સુયેન સામે આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું. તેમણે સર્વાનુમતે પાંચ-શૂન્યના નિર્ણયથી કોરિયન બોક્સરને પરાજય આપીને સેમિફાઈનલની ટિકિટ મેળવી લીધી છે. આ શાનદાર જીત સાથે જ લવલીનાએ એશિયન ગેમ્સમાં પોતાનો મેડલ પક્કો કરી લીધો છે અને હવે



દેશવાસીઓની નજર તેના આગામી મુકાબલા પર ટકેલી છે. અસમની મૂળ નિવાસી લવલીનાએ અગાઉ હાંગઝોઉ ખાતે રમાયેલી એશિયન ગેમ્સમાં મિડલવેઈટ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ વર્ષની શરૂઆતમાં કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેણે ફાઈનલ સુધીની સફર ખેડીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. સેમિફાઈનલ મુકાબલામાં હવે તેનો સામનો કઝાકિસ્તાનની નતાલ્યા બોગડાનોવા અને ઉઝબેકિસ્તાનની અઝીઝા ઝોકિરોવા વચ્ચે યોજાનાર ક્વૉર્ટર ફાઈનલના વિજેતા ખેલાડી સાથે થશે. લવલીનાના આ શાનદાર પ્રદર્શનથી ભારતીય ખેલ જગતમાં ભારે ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. કોચ અને સપોર્ટ સ્ટાફ દ્વારા પણ તેની રમતની પ્રશંસા કરવામાં આવી રહી છે. ભારતને આશા છે કે લવલીના સેમિફાઈનલ જીતીને ગોલ્ડ મેડલ તરફ મજબૂત કદમ વધારશે.

મેડલ // એશિયન ગેમ્સમાં ભારતના ખાતામાં સાત મેડલ, એક જ દિવસમાં શાનદાર પ્રદર્શન કર્યું

# એક જ દિવસમાં ભારતના ખાતામાં આવ્યા 7 મેડલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

એશિયન ગેમ્સમાં રવિવારનો દિવસ ભારત માટે અત્યંત સફળ અને રોમાંચક રહ્યો છે, જ્યાં એથ્લેટિક્સ અને સ્ક્વોશના દમદાર પ્રદર્શનના જોરે ભારતે એક જ દિવસમાં કુલ સાત મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં ચાર સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલ સામેલ છે અને આ શાનદાર દેખાવ સાથે ભારતના કુલ મેડલની સંખ્યા વધીને હવે સાડત્રીસ થઈ ગઈ છે.

મીડિયા અહેવાલ અનુસાર, મેન્સ હાઈ જમ્પ સ્પર્ધામાં સર્વેશ કુશારેએ અદ્ભુત કૂદકો લગાવીને બે પાન્ટ પચ્ચીસ મીટરનો જમ્પ સફળતાપૂર્વક પાર કરી દેશ માટે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ચાઈનીઝ તાઈપેઈના ફુ ચાઓ-હ્સુઆને પણ એટલી જ ઊંચાઈ વટાવી હતી, પરંતુ કાઉન્ટબેકના આધારે સર્વેશને બીજા સ્થાને રહેવું પડ્યું હતું. આ ઉપરાંત, વિમેન્સ લોંગ જમ્પમાં સ્ટાર એથ્લેટ એન્સી સોજને છ પાન્ટ ત્રેપન મીટરની છલાંગ લગાવીને સિલ્વર મેડલ પર કબજો જમાવ્યો




હતો, જ્યારે ચીનની હુઆંગ યિંગયિંગે માત્ર બે સેમીના અંતરથી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

વિમેન્સ ત્રણ હજાર મીટર સ્ટીપલચેસ સ્પર્ધામાં પારુલ ચૌધરીએ નવ મિનિટ આઠ સેકન્ડ અને સડસઠ મિલિસેકન્ડના સમય સાથે પોતાનું વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને નવો નેશનલ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો અને બ્રોન્ઝ મેડલ જીતી લીધો હતો. તે અંતિમ લેપ સુધી ગોલ્ડ વિજેતા બહેરીનની વિનફ્રેડ યાવી સામે આકરી ટક્કરમાં રહી હતી. આ તરફ, બોક્સિંગમાં પણ વધુ ત્રણ મેડલ પાક્કા થઈ ચૂક્યા છે અને હોકી તથા વોલીબોલની ટીમોએ પણ પોતાનું વિજયી અભિયાન જાળવી રાખ્યું છે.

ભારતીય ખેલાડીઓના આ બેજોડ પ્રદર્શનથી સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. આગામી દિવસોમાં અન્ય સ્પર્ધાઓમાં પણ ભારતીય એથ્લેટ્સ પાસેથી વધુ મેડલ જીતવાની પ્રબળ આશા રાખવામાં આવી રહી છે.

યુક્રેનને હરાવીને બારમો ખિતાબ મેળવ્યો


# ચેકિયાએ બિલિજીન કિંગ કપ જીતી લીધો, નોસ્કોવા અને મુચોવાની જોડી ચમકી

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

અગાઉ ફેડ કપ તરીકે ઓળખાતી પ્રતિષ્ઠિત ટેનિસ સ્પર્ધા બિલિજીન કિંગ કપમાં ચેકિયાએ શાનદાર પ્રદર્શન કરીને પોતાનો બારમો ખિતાબ જીતી લીધો છે અને વર્ષ ૨૦૧૮ પછી પ્રથમ વખત આ ટ્રોફી પોતાના નામે કરી છે.

જુલાઈ મહિનામાં વિમ્બલડન ફાઈનલ એકબીજા વિરુદ્ધ રમનારા લિન્ડા નોસ્કોવા અને કેરોલિના મુચોવાએ આ વખતે ચેકિયા માટે સાથે મળીને શાનદાર રમત રમી હતી. ફાઈનલ મુકાબલામાં ચેકિયાએ યુક્રેનને બે-શૂન્યથી હરાવીને વિજય મેળવ્યો હતો. છઠ્ઠા ક્રમાંકની નોસ્કોવાએ સાતમા ક્રમાંકની એલિના સ્વિતોલિનાને છ-ત્રણ અને સાત-છ (પાંચ) થી પરાજય આપીને ટાઈ સીલ કરી હતી, જ્યારે આઠમા ક્રમાંકની મુચોવાએ સડતાલીસમા ક્રમાંકની એન્હેલિના કાલિનિનાને છ-બે અને છ-ત્રણથી હરાવી હતી.

ચેકિયા (અગાઉ જેનું નામ ચેક રિપબ્લિક હતું) એ અત્યાર સુધીમાં કુલ બાર ટાઈટલ જીત્યા છે. માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ, જે ફાઈનલ્સ માટે ક્વોલિફાય નહોતું થઈ શક્યું, તેના નામે રેકોર્ડ અઢાર ખિતાબ છે. આ



જીત સાથે ચેકિયાના કેપ્ટન બારબોરા સ્ટ્રાયકોવા એવી ચોથું મહિલા ખેલાડી બની ગયા છે જેમણે ખેલાડી અને કેપ્ટન બંને તરીકે આ સ્પર્ધા જીતી હોય. આ અગાઉ માર્ગારેટ કોર્ટ, ક્રિસ એવર્ટ અને બિલિજીન કિંગ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. સ્ટ્રાયકોવાએ ખેલાડી તરીકે ત્રણ ખિતાબ જીત્યા હતા અને આ વર્ષે કેપ્ટનની જવાબદારી સંભાળી છે.

ચેકિયાની આ ઐતિહાસિક જીતથી વૈશ્વિક ટેનિસ જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેલાડીઓની સખત મહેનત અને ટીમ વર્કને કારણે દેશનું નામ ફરી એકવાર રોશન થયું છે.

### ગુપ્ત મુલાકાતથી ઈરાનની ચિંતા વધી ગઈ, રાષ્ટ્રપતિ સાથે બેઠક યોજી ચર્ચા કરી

# મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે નેતન્યાહૂ અબુ ધાબીમાં

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 28

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે અચાનક અબુ ધાબીની ગુપ્ત મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે મુલાકાત કરીને ક્ષેત્રીય સુરક્ષા અને દ્વિપક્ષીય સંબંધો અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી હતી.

આ અચાનક થયેલી મુલાકાત એવા સમયે સામે આવી છે જ્યારે 7 ઓક્ટોબર 2023ના હમાસ હુમલા અગાઉ યુએઈ દ્વારા કથિત રીતે આપવામાં આવેલી ચેતવણીને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ જોર પકડી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, હુમલાના દોઢ અઠવાડિયા પહેલાં જ યુએઈના શાસકે ઈઝરાયલને મોટો હુમલો થવાની સંભાવના અંગે માહિતગાર કર્યું હતું. જોકે, ઈઝરાયલી વડાપ્રધાને આ અહેવાલોને સદંતર ફગાવી દીધા છે અને આ બાબતે કાનૂની પગલાં લેવાની પણ ચેતવણી આપી છે. બીજી તરફ, અબુ ધાબી દ્વારા આ મામલે સીધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી, પરંતુ બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થપાયા બાદ સીધા સંપર્કો નિરંતર જળવાઈ રહ્યા હોવાનું સ્પષ્ટ થયું છે. બંને નેતાઓ વચ્ચે આ પ્રકારે ગુપ્ત મુલાકાત થવાની આ પહેલી ઘટના નથી. અગાઉ મે મહિનામાં



પણ ઈઝરાયલી કાર્યાલય દ્વારા પુષ્ટિ કરવામાં આવી હતી કે નેતન્યાહૂએ યુએઈની ખાનગી મુલાકાત લીધી હતી, જે ઓમાનની સરહદ પાસે આવેલા અલ એન શહેરમાં યોજાઈ હતી. હાલની આ મુલાકાતથી ઈરાન સહિતના પડોશી દેશોની ચિંતાઓમાં ભારે વધારો થયો છે, કારણ કે મિડલ ઈસ્ટના બદલાતા સમીકરણોમાં આ બેઠકને અત્યંત સૂચક માનવામાં આવી રહી છે.

સૂત્રો દ્વારા મળતી જાણકારી મુજબ, આ બેઠક દરમિયાન ગુપ્તચર માહિતીનું આદાનપ્રદાન અને મિડલ ઈસ્ટની વર્તમાન સુરક્ષા સ્થિતિ વિશે વિસ્તૃત મંથન કરવામાં આવ્યું હતું. ભલે બંને સરકારોના કાર્યાલયો તરફથી સત્તાવાર વિગતો આપવાનું ટાળવામાં આવ્યું હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આ મુલાકાતના દૂરગામી પ્રભાવો જોવા મળી શકે છે. નાગરિકો અને વિશ્લેષકો પણ આ ઘટનાક્રમ પરી નજર રાખી રહ્યા છે.

નેતન્યાહૂની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે 7 ઓક્ટોબર 2023ના હમાસ હુમલા પહેલાં UAE દ્વારા કથિત રીતે આપવામાં આવેલી ચેતવણીને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. ઈઝરાયલી મીડિયાના અહેવાલ મુજબ, શેખ મોહમ્મદે હુમલાના લગભગ દોઢ અઠવાડિયા પહેલાં નેતન્યાહૂને જણાવ્યું હતું કે હમાસ ઈઝરાયલ વિરુદ્ધ મોટા ઓપરેશનની તૈયારી કરી રહ્યું છે. આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ચેતવણી ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓ અથવા સેના સુધી પહોંચી ન હતી. જોકે, નેતન્યાહૂએ આ અહેવાલને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે અને અખબાર સામે કાનૂની કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપી છે. બીજી તરફ, UAEએ આ રિપોર્ટ પર સીધી કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ અબુ ધાબીનું કહેવું છે કે 2020માં ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો સ્થપાયા બાદ બંને દેશો વચ્ચે વાતચીત માટે સીધા સંપર્કો જળવાયેલા છે.

### ચીન દ્વારા અકારણ વિરોધ નોંધાવાયો

# યુએનમાં ભારતને સ્થાયી સીટ માટે રશિયાનું સમર્થન



(એજન્સી) ન્યૂયોર્ક । તા. 28

સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં રશિયાએ ભારતની મિત્રતાની મ્હોર મારતા યુએન સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે જોરદાર અને પ્રબળ રજૂઆત કરી છે, જ્યાં પશ્ચિમી દેશોના પ્રભાવની તીખી આલોચના કરતા મોસ્કોએ ગ્લોબલ સાઉથની મજબૂત વકીલાત કરી છે.

સંયુક્ત રાષ્ટ્રોની ચાલી રહેલી મહાસભા દરમિયાન રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લવરોવે પોતાના સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા વિકાસશીલ ક્ષેત્રોનું વૈશ્વિક સ્તરે પ્રતિનિધિત્વ વધવું અત્યંત આવશ્યક છે. આ જ કારણોસર રશિયા ભારત અને બ્રાઝિલના કાયમી સભ્યપદની દાવેદારીનું સંપૂર્ણ સમર્થન કરે છે. હાલમાં સુરક્ષા પરિષદમાં પાંચ કાયમી સભ્યો છે, જેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે. આ પાંચમાંથી ત્રણ પશ્ચિમી દેશો હોવાથી વૈશ્વિક સંતુલન જાળવવા માટે અન્ય મોટા દેશોને પણ કાયમી સ્થાન મળવું જોઈએ તેવી માંગ પ્રબળ બની છે.

આ બેઠક દરમિયાન મોરેશિયસ સહિતના અનેક દેશોએ પણ ખુલ્લેઆમ ભારતની કાયમી બેઠક માટે સમર્થન જાહેર કર્યું હતું. જોકે, રશિયાના ગાઢ મિત્ર ગણાતા ચીને હંમેશાની જેમ આ પ્રસ્તાવ સામે અકારણ વિરોધ નોંધાવ્યો હતો, પરંતુ તે પોતાના વિરોધ માટે કોઈ પણ પ્રકારનું સ્પષ્ટ કે તાર્કિક કારણ રજૂ કરી શક્યું ન હતું. રશિયાએ પશ્ચિમી દેશોની સીટો વધારવાની નીતિ સામે પણ ચેતવણી ઉચ્ચારી હતી અને જર્મની તથા જાપાનની ભૂમિકા અંગે પણ મહત્ત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી હતી.

રશિયાએ ભારત સાથેની મૈત્રી બરોબર નિભાવી છે, તેના વિદેશમંત્રી સર્ગેઈ લાવારોવે શનિવારે ન્યૂયોર્કમાં મળી રહેલી સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં પોતાનાં સંબોધન દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સલામતી-સમિતિમાં ભારતનાં સ્થાયી સભ્યપદ માટે જોરદાર રજૂઆત કરી હતી. જે ગ્લોબલ-સાઉથની વકીલાત કરતાં બ્રિક્સ ઘોષણાપત્ર સમાન છે. તેમાં યુએનની સલામતી સમિતિમાં, પશ્ચિમી દેશોના પ્રભાવની પણ ટીકા કરી હતી.

અત્યારે સલામતી સમિતિમાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને રશિયા તથા ચાયના કાયમી સભ્યો છે. આ પાંચ પૈકી પહેલા ત્રણ પશ્ચિમી દેશો છે તે સમિતિમાં બીજા ૧૦ અસ્થાયી સભ્યો હોય છે, જેઓ દર બે વર્ષ માટે ચૂંટાઈ આવે છે.

અમે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાનું પ્રતિનિધિત્વ વધે તે મતના છીએ. સ્થાયી સીટ માટે અમે બ્રાઝિલ અને ભારતની દાવેદારીનું સમર્થન કરીએ છીએ. તે આ સાથે તેઓએ પશ્ચિમી દેશોની સીટો વધારવા સામે ચેતવણી ઉચ્ચારી હતી અને ખાસ કરીને જર્મની અને જાપાનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તેઓ સૈન્યવાદ અને વેરતૃપ્તિના માર્ગ ઉપર છે. રશિયા ઉપરાંત મોરેશિયસના વિદેશમંત્રી ધનંજય રામફલે પણ પોતાનાં વક્તવ્યમાં ભારતને કાયમી બેઠક માટે સમર્થન આપ્યું હતું.

**કૂટનીતિક સ્તરે ભારતનું વધતું કદ**

આંતરરાષ્ટ્રીય રાજકારણના જાણકારોના મતે, રશિયા દ્વારા યુએનની સર્વોચ્ચ સમિતિમાં ભારતની દાવેદારીને આ પ્રકારે જાહેરમાં સમર્થન આપવું એ ભારતની વધતી જતી વૈશ્વિક તાકાત અને કૂટનીતિક સફળતાની પ્રતીતિ કરાવે છે. ભલે પડોશી દેશો દ્વારા અડચણો ઊભી કરવામાં આવતી હોય, પરંતુ ભારતનું વૈશ્વિક મહત્ત્વ સતત ઊંચે જઈ રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### એચ વન બી વિઝા નિયમો પર USની તવાઈ, ભારતીય IT પ્રોફેશનલ્સમાં ભારે ફફડાટ



વાશિંગ્ટન | અમેરિકામાં નોકરી અને કરિયરનું સ્વપ્ન સેવતા હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને એન્જિનિયરો માટે અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં ટ્રમ્પ પ્રશાસન દ્વારા એચ વન બી વિઝાના નિયમોમાં અત્યંત કડક ફેરફારો કરીને આગામી ત્રણસો પાંસઠ દિવસમાં સમગ્ર સિસ્ટમ બદલવાનો સંકેત આપવામાં આવ્યો છે તેમજ છેતરપિંડી આચરનાર એમ્પ્લોયર્સ સામે ફોજદારી ગુના નોંધીને સીધી હાથકડી પહેરાવવાની ખુલ્લી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. અમેરિકી શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી'એસ્પોસિટોએ તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ કર્યું છે કે વિઝાના નામે ચાલતી ગેરરીતિઓ, બોગસ શેલ કંપનીઓ દ્વારા આચરવામાં આવતા કૌભાંડો, કર્મચારીઓનું શોષણ અને માનવ તસ્કરી જેવા ગંભીર આરોપોની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, વિદેશી શ્રમ વિઝા વ્યવસ્થાનું મૂળ સ્વરૂપ આગામી સમયમાં સંપૂર્ણપણે બદલાઈ જશે. આ કડક કાર્યવાહીના ભાગરૂપે અગ્રણી આઈટી કંપનીઓ કોગ્નિઝન્ટ અને ક્લાઉડેરા જેવી નામાંકિત સંસ્થાઓ સાથે જોડાયેલી અરજીઓ હાલ પૂરતી સ્થગિત કરી દેવામાં આવી છે.

### બ્રિટનમાં એરબેઝને ઉડાવવાનું આતંકી કાવતરું નિષ્ફળ



લંડન | અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની શાંતિ વાટાઘાટોની અપીલ ફગાવીને મીડ-ટર્મ ચૂંટણી પછી વધુ આકરા હુમલાની ચેતવણી આપી છે તેવા સંવેદનશીલ સમયે આ યુદ્ધની આગ બ્રિટન સુધી પહોંચી હોવાની ગંભીર આશંકા વ્યક્ત થઈ રહી છે, જ્યાં બ્રિટનના વેલ્ફોર્ડમાં અમેરિકન આર્મી દ્વારા ઉપયોગમાં લેવાતા રોયલ એરફોર્સ બેઝ નજીકથી ત્રણ ટ્રકોમાં ભરેલા વિસ્ફોટકો મળી આવતા આતંકીઓનું એરબેઝ ઉડાવવાનું ખતરનાક કાવતરું નિષ્ફળ ગયું છે. લંડન મેટ્રોપોલિટન પોલીસને મોડી રાત્રે એકની આસપાસ ત્રણ શંકાસ્પદ વાહનો એરબેઝની આજુબાજુ ફરી રહ્યા હોવાની બાતમી મળી હતી, જેના આધારે ત્વરિત કાર્યવાહી કરતા યુકે ટેરર પોલીસે એરબેઝ નજીકથી ત્રણ ટ્રકોમાંથી વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી. જોકે, વિસ્ફોટકોની ચોક્કસ માત્રા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ જોખમી સ્થિતિને ધ્યાનમાં રાખીને એન્ટી-ટેરર પોલીસે એરબેઝની આજુબાજુના તમામ ઘરો ખાલી કરાવી દીધા હતા અને સ્થાનિક રહેવાસીઓને સુરક્ષિત રીતે નજીકના લેઝ્યોર સેન્ટરમાં ખસેડ્યા હતા.

### બળવાખોરો દ્વારા બાર મજૂરોનું અપહરણ

# અફઘાન પાક સરહદે સંઘર્ષમાં સોથી વધુ મોત, બલુચિસ્તાનમાં પાક સેનાનું મોટું ઓપરેશન

(એજન્સી) ક્વેટા । તા. 28

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેનો સરહદી વિવાદ તથા આંતરિક સંઘર્ષ અત્યંત લોહિયાળ બન્યો છે, જ્યાં બલુચિસ્તાન પ્રાંતમાં છેલ્લા છન્નુ કલાક દરમિયાન પાકિસ્તાની સૈન્યની કાર્યવાહીમાં ત્રેર જેટલા લોકો માર્યા ગયા છે, જ્યારે સરહદી વિસ્તારોમાં અઠ્ઠાવીસ અફઘાનિસ્તાનીઓના મોત થવાથી કુલ મૃત્યુઆંક સોને પાર પહોંચી ગયો છે.

બલુચિસ્તાનના ઝીયારત અને નોકશી જેવા સંવેદનશીલ જિલ્લાઓમાં ગત એકવીસ તારીખથી પાકિસ્તાની સૈન્ય દ્વારા એક મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, સૈન્ય દક્ષિણ અને પશ્ચિમ સરહદી વિસ્તારોમાં આતંકવાદીઓ સામે કાર્યવાહી કરી રહી હોવાનો દાવો કરી રહી છે. સૈન્યના સત્તાવાર પ્રસારણ માધ્યમ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ ઓપરેશનમાં માર્યા ગયેલા લોકો પ્રતિબંધિત સંગઠનો સાથે સંકળાયેલા હતા અને તેમની પાસેથી મોટા પ્રમાણમાં ઘાતક હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. પાકિસ્તાન સરકારનો આરોપ છે કે અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પડોશી દેશોમાં અશાંતિ ફેલાવી રહી છે અને આતંકવાદને પ્રોત્સાહન આપી રહી છે.

એક તરફ સરહદ પર સૈન્ય કાર્યવાહી ચાલી રહી છે, તો બીજી તરફ બલુચિસ્તાનના આંતરિક વિસ્તારોમાં બલોચ બળવાખોરો પણ આક્રમક મુદ્રામાં છે. પાલારી વિસ્તારમાં આવેલી એક નિર્માણાધીન સાઈટ પર અચાનક હુમલો કરીને બળવાખોરોએ બહારથી આવેલા બાર જેટલા મજૂરોનું અપહરણ કરી લીધું છે, જેના કારણે કામદારો અને સ્થાનિક વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. બળવાખોરો દ્વારા ખાસ કરીને બહારના નાગરિકો અને સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેના કારણે આખો પ્રદેશ અશાંતિના દાવાનળમાં સપડાયો છે.

અફઘાનિસ્તાન સરહદ નજીક આવેલા ગુલિસ્તાન સેક્ટરમાં પાકિસ્તાની અને અફઘાન સૈન્ય વચ્ચે ઘર્ષણ સતત વધી રહ્યું છે. તાજેતરની આ અથડામણમાં ઘૂસણખોરીના



ગંભીર આરોપો હેઠળ અઠ્ઠાવીસ લોકોના મોત થયા છે. અફઘાનિસ્તાની પક્ષ તરફથી દાવો કરવામાં આવ્યો છે કે આ તમામ લોકો સરહદ પાર કરીને ગેરકાયદેસર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જોકે માર્યા ગયેલા લોકોની ચોક્કસ ઓળખ અને નાગરિકતા અંગે હજુ સુધી કોઈ અધિકૃત અને સ્પષ્ટ પુષ્ટિ કરવામાં આવી નથી.

આ સમગ્ર ઘટનાક્રમથી મિડલ ઈસ્ટ અને દક્ષિણ એશિયાના રાજકારણમાં નવો તણાવ ઊભો થયો છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો વણસી રહ્યા છે અને સ્થાનિક પ્રજા ભયના સાયા હેઠળ જીવવા મજબૂર બની છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ માનવીય સંકટ અને સુરક્ષાના પ્રશ્નો પર ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

બલુચિસ્તાનના ઝીયારત, નોકશી સહિતના જિલ્લાઓમાં મોટી સંખ્યામાં પાક. સૈન્ય ત્રાટક્યું હતું. પાક. સૈન્યના મીડિયા દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે જે પણ લોકો માર્યા ગયા છે તેઓમાં મોટાભાગના આતંકવાદીઓ છે. 21મી તારીખથી પાક. સૈન્ય દ્વારા બલુચિસ્તાનમાં આ હત્યાકાંડ માટે ઓપરેશન શરૂ કરાયું હતું. પાક. મીડિયા વિંગ આઈએસપીઆર દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું કે આ ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. જે પણ માર્યા ગયા છે તેઓ તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન સાથે જોડાયેલા હતા. પાક. સૈન્ય મીડિયાએ વધુમાં દાવો કર્યો છે કે અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પાક.ના વિવિધ પ્રાંતોમાં આતંકવાદ ફેલાવી રહી છે. જેને કારણે પાકિસ્તાનમાં શાંતિ ડોળાઈ રહી છે. જ્યારે બીજી તરફ બલુચિસ્તાનના બળવાખોરો દ્વારા હુમલા શરૂ કરાયા છે, ખાસ કરીને બહારના પાકિસ્તાનીઓને નિશાન બનાવીને હુમલા કરવામાં આવી રહ્યા છે.

# યુક્રેનનું રશિયા સામે નવું શસ્ત્ર રોબોટ્સ, આર્મી ઓફ રોબોટ્સ પહેલ શરૂ થઈ

(એજન્સી) કિવ । તા. 28

રશિયા સામેના લાંબા ચાલતા યુદ્ધમાં અગાઉ ડ્રોનનો મોટા પાયે સફળ ઉપયોગ કર્યા બાદ હવે યુક્રેન દ્વારા યુદ્ધના મેદાનમાં હ્યુમનોઈડ રોબોટ્સને ઉતારવાની તૈયારી કરવામાં આવી રહી છે, જ્યાં યુક્રેનના પૂર્વ રક્ષામંત્રી માયખાઈલો ફેડોરોવ દ્વારા 'આર્મી ઓફ રોબોટ્સ' નામની તદ્દન નવી અને ક્રાંતિકારી પહેલની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધના ખતરનાક મોરચા પર સૈનિકોની હાજરી ઘટાડીને તેમને જોખમી કામગીરીથી દૂર રાખવાનો અને તેના બદલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ્સ તથા રોબોટિક વ્હીકલ્સનો વ્યાપક ઉપયોગ કરવાનો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ રોબોટ્સ મોરચા પર દારુગોળો તથા અન્ય જરૂરી હથિયારો પહોંચાડવા, યુદ્ધ ભૂમિમાં ઘાયલ થયેલા સૈનિકોને સુરક્ષિત બહાર લાવવા અને ખતરનાક માઈન સંબંધિત કામગીરી પાર પાડવામાં સક્ષમ રહેશે. આ પહેલ અંતર્ગત આગામી છ મહિનાની અંદર રોબોટ દ્વારા દુશ્મન સૈનિકને નિશાન બનાવવાનો ચોક્કસ લક્ષ્યાંક પણ નિર્ધારિત કરવામાં આવ્યો છે. અગાઉ ફેડોરોવ દ્વારા 'આર્મી ઓફ ડ્રોન્સ' પ્રોગ્રામ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો, જેની મદદથી યુક્રેને રશિયા વિરુદ્ધ આક્રમક રણનીતિ અપનાવી હતી. યુક્રેનની રક્ષા મંત્રાલય દ્વારા વર્ષ 2026ની શરૂઆતથી અત્યાર સુધીમાં બાવીસ હજારથી વધુ અનમેન્ડ ગ્રાઉન્ડ વ્હીકલ્સ માટેના કરાર પણ કરવામાં આવ્યા છે. આગામી બાર મહિનાની અંદર ડ્રોન અને હ્યુમનોઈડ્સની સંયુક્ત તાકાતથી મોટા પાયે હુમલા કરવાની યોજના છે. જોકે, આ ભીષણ સંઘર્ષ વચ્ચે તાજેતરના રશિયન હુમલાઓમાં છ નાગરિકોના મોત થયા હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે, જેના કારણે સ્થિતિ વધુ તંગ બની છે.

# કોંગોના લેક કિવુમાં હોડી પલટી જવાથી મોત, પચાસથી વધુ લોકો સવાર હતા બોટમાં, બાર લોકોના મૃત્યુથી ભારે શોક ફેલાયો

(એજન્સી) કિન્શાસા । તા. 28

પૂર્વ કોંગોના લેક કિવુ (કિવુ તળાવ) ખાતે વેપારીઓને લઈને જઈ રહેલી એક ખાનગી બોટ અચાનક પલટી જવાથી સર્જાયેલી ગંભીર દુર્ઘટનામાં ઓછામાં ઓછા બાર લોકોનાં કરૂણ મોત નીપજ્યાં છે, જ્યારે પચાસથી વધુ મુસાફરો સવાર હોવાથી અનેક લોકો હજુ પણ લાપતા છે અને મૃત્યુઆંક વધવાની દહેશત સેવાઈ રહી છે.

દક્ષિણ કિવુ પ્રાંતના ઈદજ્વી વિસ્તાર અંતર્ગત આવતા કિસ્કેહે ગામ પાસે આ દુર્ઘટના ઘટી હતી. સ્થાનિક ગ્રામીણ વડા દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ બોટમાં પચાસથી પણ વધુ મુસાફરો સવાર હતા જેઓ વેપાર અર્થે જઈ રહ્યા



હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર અને સુરક્ષાકર્મીઓ દ્વારા ત્વરિત રાહત તથા બચાવ કાર્ય આરંભવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ અનુસાર, અત્યાર સુધીમાં આશરે પંદર લોકોને જીવતા બચાવી લેવામાં સફળતા મળી છે, પરંતુ મોટી સંખ્યામાં લોકો પાણીમાં ગાયબ હોવાથી તેમની શોધખોળ માટે વિશેષ ડાઈવર્સની ટીમ કામે લગાડવામાં આવી છે.

આ પ્રકારે જળ માર્ગો પર અગાઉ પણ અનેક વખત જીવલેણ અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે, જેમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરોને બેસાડવા અને પૂરતી સુરક્ષા સામગ્રીનો અભાવ મુખ્ય કારણો બનતા રહ્યા છે. હાલની આ દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યું નથી, પરંતુ પ્રશાસન દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક સ્તરે આ ગોઝારી ઘટનાને કારણે ભારે શોક અને આઘાતનો માહોલ છવાઈ ગયો છે. જે લોકો આ દુર્ઘટનામાં પોતાના સ્વજનોને ગુમાવી ચૂક્યા છે તેમના પરિવારજનોમાં આક્રંદ છવાયો છે. લાપતા થયેલા લોકોની ભાળ મેળવવા માટે તંત્ર દ્વારા કિનારાના વિસ્તારોમાં પણ સઘન તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તળાવમાં સર્જાયેલી આ ગંભીર હોનારતે જળ પરિવહનની સલામતી સામે ફરી એકવાર ગંભીર સવાલો ખડા કર્યા છે.

**એઆઈ** | **અમેરિકાના સરકારી વિભાગોની સુરક્ષા તોડી, વેબસાઈટ્સમાંથી ડેટા ચોરવાનો પ્રયાસ કરાયો**

# AIના નવા મોડેલે ઘૂસણખોરી કરતા તાલિમ પડતી મૂકી

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 28

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અમર્યાદિત ક્ષમતાઓ અને તેના જોખમો અંગે ટેક્નોલોજી નિષ્ણાતો દ્વારા અગાઉથી જ ચેતવણીઓ આપવામાં આવી રહી છે, ત્યારે હવે વાસ્તવિક દુનિયામાં તેના ખતરનાક પરિણામો સામે આવ્યા છે, જ્યાં ઓપનએઆઈના એજન્ટ્સે પ્રથમ વખત અમેરિકાના સંવેદનશીલ સરકારી વિભાગોની સુરક્ષા દિવાલો તોડીને વેબસાઈટ્સમાં ઘૂસણખોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શિક્ષણ વિભાગ, વાણિજ્ય વિભાગ (કોમર્સ ડિપાર્ટમેન્ટ) અને શેરબજારની નિયમનકારી સંસ્થા એસઈસીની વેબસાઈટ્સમાંથી ડેટા કાઢવાના અને ચોરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ એજન્ટ્સે ઓનલાઈન મળેલા લોગીન આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને સંશોધન કર્યું હતું તથા પબ્લિક ડેટાને ઓનલાઈન ફોરમ પર શેર



પણ કર્યો હતો. આ ગંભીર ઘટના સામે આવતા જ ઓપનએઆઈએ તેના અત્યાધુનિક નવા મોડેલ્સની તાલીમ તાત્કાલિક ધોરણે પડતી મૂકવી પડી છે. કંપનીનું કહેવું છે કે એઆઈ એજન્ટ્સને આ પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિ કરવાનો કોઈ જ નિર્દેશ આપવામાં આવ્યો ન હોવા છતાં તેમણે પોતાની મેળે આ પગલું ભર્યું હતું.

ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રણીઓએ આ ઘટનાને અત્યંત જોખમી ગણાવી છે. એઆઈ કંપનીના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ એજન્ટ્સે નિયમોનું ઉલ્લંઘન કરીને અમેરિકન નેવી અને વ્હાઈટ હાઉસની ઓફિસ સહિત અનેક મહત્ત્વપૂર્ણ સરકારી વેબસાઈટ્સની માહિતી એકત્રિત કરી હતી. અનિયંત્રિત એઆઈ એજન્ટ્સની આ હરકતને કારણે ઓપનએઆઈએ છેલ્લા ત્રણ મહિનામાં બીજી વખત તેમના મોડેલ્સનું ડેવલપમેન્ટ અને તાલીમ અટકાવવાની નોબત આવી છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે હવે સિસ્ટમમાં વધારાના અને કડક સુરક્ષા સ્તરો ગોઠવવામાં આવ્યા હોવાની ખાતરી થયા પછી જ નવા મોડેલ્સની તાલીમનું પુનરાવર્તન શરૂ કરવામાં આવશે.

આ અણધારી ઘટના બાદ કાયદો ઘડનારાઓ અને ટેક્નોલોજી નિષ્ણાતો દ્વારા એઆઈ લેબ્સ પર વિકાસની પ્રક્રિયા ધીમી કરવા માટેનું દબાણ અતિશય વધી ગયું છે. એઆઈ એજન્ટ્સ પોતાની મનમાનીથી કામ કરતા અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કડક કાયદાકીય નિયંત્રણો લાવવાની માંગ પણ પ્રબળ બની રહી છે, જેથી ભવિષ્યમાં આ પ્રકારના સુરક્ષા ભંગના જોખમોથી બચી શકાય.

# સાઉદીની એરસ્ટ્રાઈકથી યમનનું તાઈઝ માર્કેટ લોહીલુહાણ

(એજન્સી) સાના । તા. 28

યમનના તાઈઝ શહેરના સેન્ટ્રલ માર્કેટ આસપાસ સાઉદી અરેબિયાની એરફોર્સ દ્વારા કરવામાં આવેલા ભયાનક અને વિનાશક હવાઈ હુમલાને કારણે ભારે તબાહી સર્જાઈ છે, જ્યાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોના આક્ષેપ મુજબ શોપિંગ વિસ્તારને નિશાન બનાવીને કરાયેલા બોમ્બમારામાં ઓછામાં ઓછા સાત નિર્દોષ લોકોના મોત થયા છે અને બાળકો સહિત ડઝનબંધ નાગરિકો ગંભીર રીતે ઘવાયા છે.

સાઉદી વાયુસેનાના આ હુમલા બાદ તાઈઝ શહેરમાં ખોફનાક મંજર જોવા મળ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, પ્રસારિત થયેલા વીડિયો ફૂટેજમાં બજાર વિસ્તારમાંથી ધુમાડાના ગોટા ઉડતા અને ખાદ્યસામગ્રી ભરેલા ગોડાઉનો તબાહ થયેલા નજરે પડે છે.

હુથી સૈન્ય પ્રવક્તાએ આક્રમક નિવેદન આપતા જણાવ્યું છે કે સાઉદી અરેબિયાએ નાગરિક વસ્તી પર જાણીજોઈને હુમલો કર્યો છે અને આ લોહિયાળ ખેલનો વળતો પ્રહાર કરીને બહુ જલ્દી બદલો લેવામાં આવશે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત યમન સરકારે આ દાવાઓને સદંતર ફગાવી દીધા છે અને સ્પષ્ટતા કરી છે કે સૈન્ય દ્વારા માત્ર હુથીઓના સૈન્ય ડિપો અને શસ્ત્રોથી ભરેલા વાહનોને જ ચોક્કસ નિશાન બનાવવામાં આવ્યા હતા.

તાઈઝ શહેર હાલ યમન સરકારના નિયંત્રણ હેઠળ છે, પરંતુ છેલ્લા લાંબા સમયથી હુથી લડાયકોએ તેને ચારેય બાજુથી ઘેરી રાખ્યું છે. ગત સપ્ટેમ્બર મહિનાથી હુથી બળવાખોરોના નવા આક્રમણ બાદ દેશના વિવિધ ભાગોમાં ગૃહયુદ્ધ અત્યંત ચરમસીમાએ પહોંચ્યું છે.

### દાર્જિલિંગને ટોય ટ્રેન જર્ની માટે વૈશ્વિક સ્થળ તરીકે દર્શાવવામાં આવ્યું

# દાર્જિલિંગ હિમાલયન રેલવે લોનલી પ્લેનેટની 'બેસ્ટ ઇન ટ્રાવેલ ૨૦૨૭' (Best in Travel 2027) યાદીમાં સામેલ

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેની પ્રખ્યાત હેરિટેજ રેલ્વે, દાર્જિલિંગ હિમાલયન રેલ્વે (DHR), ને વધુ એક મોટી આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે. લોનલી પ્લેનેટની પ્રતિષ્ઠિત બેસ્ટ ઇન ટ્રાવેલ 2027 ની યાદીમાં દાર્જિલિંગને 50 સ્થળોમાં સ્થાન આપવામાં આવ્યું છે. લોનલી પ્લેનેટે દાર્જિલિંગને 'અંતિમ રમકડાની ટ્રેન યાત્રા' તરીકે વર્ણવ્યું છે, જે ઐતિહાસિક દાર્જિલિંગ હિમાલયન રેલ્વે અને તેના અનોખા પર્વતીય રેલ્વે અનુભવને વિશ્વવ્યાપી માન્યતા આપે છે.આ માન્યતા દાર્જિલિંગ હિમાલયન રેલ્વેના કાલાતીત આકર્ષણને વધુ પ્રકાશિત કરે છે, જેને સામાન્ય રીતે 'ટોય ટ્રેન' તરીકે ઓળખવામાં આવે છે, જે દાર્જિલિંગ અને પૂર્વીય હિમાલયની સાંસ્કૃતિક અને પર્યટન ઓળખનો પર્યાય બની ગઈ છે. 1881 માં ખુલેલું, DHR મુશ્કેલ પર્વતીય ભૂપ્રદેશમાંથી રેલ્વે લાઇનો બનાવવા માટે તેના અનન્ય એન્જિનિયરિંગ ઉકેલો માટે પ્રખ્યાત છે. ૧૯૯૯માં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં ભારતના પર્વતીય રેલ્વેમાંના એક તરીકે તેને અંકિત કરવામાં આવ્યું હતું. તેના ઐતિહાસિક સ્ટેશનો, સ્ટીમ એન્જિન અને અનોખા પર્વતીય પ્રવાસ પ્રવાસીઓને દાર્જિલિંગ પ્રદેશના ટેકરીઓ, ચાના બગીચાઓ





અને ગામડાઓમાંથી પસાર થતાં એક અનોખો અનુભવ આપે છે.લોનલી પ્લેનેટ તરફથી આ માન્યતા એવા સમયે મળી છે જ્યારે ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે DHR ને જીવંત રેલ્વે વારસો અને પ્રદેશમાં એક મુખ્ય પ્રવાસી સંપત્તિ તરીકે પ્રોત્સાહન આપવા માટે ઘણા પગલાં લઈ રહી છે. હેરિટેજ ટ્રેન મુસાફરી, સ્ટીમ-એન્જિન ટોય ટ્રેન સવારી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને અનુભવપૂર્ણ પ્રવાસન કાર્યક્રમો પ્રવાસીઓને સમૃદ્ધ રેલ્વે વારસાનું અન્વેષણ કરવાની અને દાર્જિલિંગ પર્વતોમાં પ્રવાસન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની તક આપે છે. ઘુમ વિન્ટર ફેસ્ટિવલ, સ્ટેશન ફેસ્ટિવલ અને સમર ફેસ્ટિવલ જેવા કાર્યક્રમોએ DHR સાથે સંકળાયેલા ઐતિહાસિક સ્ટેશનો અને સ્થાનિક સમુદાયો સાથે પ્રવાસીઓના જોડાણને વધુ પ્રોત્સાહન આપ્યું છે.DHR ની પ્રવાસન પહેલ સમુદાયની ભાગીદારી, પર્યાવરણીય જાગૃતિ અને ટકાઉ પ્રવાસન પર પણ ભાર મૂકે છે. સ્થાનિક સમુદાયો અને પર્યાવરણીય કાર્યકરો સાથે મળીને હાથ ધરવામાં આવતા હેરિટેજ જોય રાઇડ્સ અને આઉટરીચ કાર્યક્રમો, પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં ફાળો આપી રહ્યા છે. ડિજિટલ પહેલ, પ્રાયોગિક કાર્યક્રમો અને શૈક્ષણિક પ્રવાસો યુવા પેઢીને આ અનોખા રેલ વારસાના ઈતિહાસ, એન્જિનિયરિંગ અને સાંસ્કૃતિક મહત્વ સાથે જોડી રહ્યા છે.લોનલી પ્લેનેટની બેસ્ટ ઇન ટ્રાવેલ 2027 ની યાદીમાં દાર્જિલિંગનો સમાવેશ થવાથી દાર્જિલિંગ હિમાલયન રેલ્વેની વૈશ્વિક માન્યતામાં વધુ વધારો થયો છે. આ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેને તેના પ્રભાવશાળી રેલ વારસા અને અનન્ય રમકડાની ટ્રેનનો અનુભવ દર્શાવવાની તક પૂરી પાડે છે, સાથે સાથે ભારત અને વિશ્વભરના મુલાકાતીઓમાં ટકાઉ પ્રવાસન અને દાર્જિલિંગ ટેકરીઓનાં સાંસ્કૃતિક અને સામાજિક-આર્થિક સંભાવનાને પણ પ્રોત્સાહન આપે છે.

## જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથેના દેખાવોની મંજૂરી ન મળતાં CJP 'જેલ ભરો આંદોલન' ચલાવશે

(એજન્સી) નવી દિલ્હી | તા.28

કોકરોચ જનતા પાર્ટી (CJP)ને મુંબઈ પોલીસે 2 ઓક્ટોબરે યોજાનાર પ્રદર્શન માટે મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે. મુંબઈમાં પોલીસના આ નિર્ણય બાદ CJP એ ગાંધી જયંતિના દિવસે ઉગ્ર 'જેલ ભરો આંદોલન' કરવાની ચીમકી ઉચ્ચારી છે. પાર્ટીના સંસ્થાપક અભિજિત દિપકેએ જણાવ્યું કે, "મતદાનનો અધિકાર છીનવી લીધા બાદ હવે શાંતિપૂર્ણ પ્રદર્શનનો અધિકાર પણ છીનવાઈ રહ્યો છે." પોલીસે સુરક્ષા અને વ્યવસ્થાનું કારણ આપ્યું છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા રવિવારે જણાવવામાં આવ્યું છે કે મુંબઈ પોલીસે આગામી 2 ઓક્ટોબરના રોજ યોજાનાર પ્રદર્શન માટે મંજૂરી આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. આ મામલે પાર્ટીના સંસ્થાપક અભિજિત દિપકેએ જણાવ્યું છે કે જો પ્રદર્શનની મંજૂરી નહીં મળે, તો પાર્ટી ગાંધી જયંતિના પવિત્ર દિવસે મુંબઈમાં ઉગ્ર 'જેલ ભરો આંદોલન' કરશે. પાર્ટી તરફથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરીને કહેવામાં આવ્યું છે કે, "મતદાન કરવાનો અધિકાર' છીનવી લીધા બાદ હવે નાગરિકોના 'શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો અધિકાર' પણ છીનવાઈ રહ્યો છે.'અભિજિત દિપકેએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, 'પોલીસનો આ નિર્ણય જનતાને પોતાની વાત રજૂ કરતા અટકાવવાની એક વધુ કોશિશ છે. જનતાનો અવાજ દબાવવાના આવા પ્રયાસો ક્યારેય સહન કરવામાં આવશે નહીં.

# News Brief

## કોંકણ રેલ્વે દ્વારા આયોજિત "કલર્સ ઓફ ક્રિએશન" પરિસંવાદમાં વિવિધ પ્રકારના હૃદયસ્પર્શી કલાત્મક અભિવ્યક્તિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી



કોંકણ રેલ્વે કોર્પોરેશન લિમિટેડના સત્તાવાર ભાષા વિભાગ દ્વારા આયોજિત "કલર્સ ઓફ ક્રિએશન" કલા પરિસંવાદમાં ભાગ લેનારા બધા કલાકારો દ્રશ્યમાન થાય છે.

મુંબઈ | કોંકણ રેલ્વે કોર્પોરેશન લિમિટેડના સત્તાવાર ભાષા વિભાગ દ્વારા આયોજિત 'કલર્સ ઓફ ક્રિએશન' પરિસંવાદને સાહિત્ય અને સંગીતના વિવિધ પ્રકારોના કલાત્મક અભિવ્યક્તિઓ દ્વારા યાદગાર બનાવવામાં આવ્યો હતો.કોંકણ રેલ્વે કોર્પોરેશન લિમિટેડના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર સંતોષ કુમાર ઝાની અધ્યક્ષતામાં આ પરિસંવાદ 27 સપ્ટેમ્બર, 2026 ના રોજ બેલાપુરના પંચશીલ રેસ્ટ હાઉસ સંકુલમાં યોજાયો હતો. સત્તાવાર ભાષા પખવાડિયાના ભાગ રૂપે આયોજિત, મુંબઈ અને નવી મુંબઈના વિવિધ પ્રખ્યાત લેખકોએ તેમની પ્રતિનિધિ કાવ્યાત્મક કૃતિઓ, ટૂંકી વાર્તાઓ, સંસ્મરણો અને વિવિધ લોક સંગીત પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. આમાં વરિષ્ઠ સાહિત્યકારો ડૉ. અમરીશ સિંહા, સંતોષ કુમાર ઝા, શ્રીમતી રાગિની શાહ, ડૉ. અલ્કા અગ્રવાલ સિગતિયા, ડૉ. શૈલેષ શ્રીવાસ્તવ અને આનંદ પ્રકાશ સિંહ, તેમજ વરિષ્ઠ ગીતકાર ગજાનન મહતપુરકર, પીઢ અભિનેતા અને કવિ રવિ યાદવ, પીઢ સંગીતકાર અને ગાયિકા સરોજ સુમન, રેડિયો જોકી અને સાહિત્યકાર શિલ્પા રાઠી, પ્રખ્યાત સ્ટેન્ડ-અપ કોમેડિયન અને કવિ ડૉ. રિચા શ્રીવાસ્તવ, પીઢ સાહિત્યકાર રમેશ મિશ્રા, કોંકણ રેલ્વેના સત્તાવાર ભાષા અધિકારી સદાનંદ ચિતાલે અને પરમાણુ ઊર્જા વિભાગના વરિષ્ઠ અધિકારી અને પ્રખ્યાત કવિ પ્રિન્સ ગ્રોવરનો સમાવેશ થતો હતો. તેમના પ્રમુખપદના ભાષણમાં, શ્રી સંતોષ કુમાર ઝાએ જણાવ્યું હતું કે સાહિત્ય અને સંગીત આપણા જીવનને ઉન્નત બનાવે છે અને પડકારોનો સામનો કરવા માટે આપણને ઊર્જા પ્રદાન કરે છે. તેમણે કોંકણ રેલ્વે વતી પરિસંવાદમાં હાજરી આપનારા તમામ કલાકારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. આ પરિસંવાદનું સંચાલન મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રના પ્રખ્યાત સ્ટેજ ડિરેક્ટર પ્રિન્સ ગ્રોવર દ્વારા શાનદાર રીતે કરવામાં આવ્યું હતું. આ સેમિનારના સફળ આયોજનમાં કોંકણ રેલ્વેના રાજભાષા અધિકારી સદાનંદ ચિતાલે ઉપરાંત, રાજભાષા વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સતીશ ધુરી અને શ્રીમતી પ્રિયા નિકેતે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

## NFR એ સ્ટેશનો અને રેલ્વે પરિસરમાં પીવાના પાણીની ગુણવત્તાનું સઘન પરીક્ષણ કરીને પાણીના દરેક ટીપાને શુદ્ધ કરવાની તૈયારી શરૂ કરી

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ તેના સ્ટેશનો અને રેલ્વે પરિસરમાં મુસાફરો અને સ્ટાફના સ્વાસ્થ્ય, સલામતી અને સુખાકારીને પ્રાથમિકતા આપીને પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ વધુ તીવ્ર બનાવ્યું છે. આ પહેલના ભાગ રૂપે, મુસાફરોના ઉપયોગના વિસ્તારોમાંથી પીવાના પાણીના નમૂના નિયમિતપણે એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને સ્થાપિત સલામતી ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ભૌતિક, રાસાયણિક અને બેક્ટેરિયોલોજીકલ પરીક્ષણ માટે વ્યવસ્થિત રીતે પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. સલામત અને સ્વચ્છ પીવાના પાણીની ખાતરી કરવા માટે, બધા મુખ્ય સ્ટેશનોમાંથી નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા છે અને મુખ્ય ભૌતિક અને રાસાયણિક પરિમાણો પર પરીક્ષણ કરવામાં આવ્યું છે.વેઈટિંગ રૂમ અને અન્ય મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાતા વિસ્તારોમાંથી પાણીના નમૂના નિયમિતપણે એકત્રિત કરવામાં આવે છે



અને મુખ્ય ભૌતિક-રાસાયણિક લાક્ષણિકતાઓ (જેમ કે pH, ટર્બિડિટી, કુલ કઠિનતા, નાઈટ્રેટ, આયર્ન, અવશેષ મુક્ત ક્લોરિન, ક્લોરાઇડ, ક્ષારતા, ફ્લોરાઇડ અને કેલ્શિયમ) માટે પરીક્ષણ કરવામાં આવે છે. આ પરિમાણો રાસાયણિક સંતુલન, ખનિજ સામગ્રી, સ્વચ્છતા, જીવાણુ નાશકક્રિયા કાર્યક્ષમતા અને પીવાના પાણીની એકંદર સલામતીનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે. ફ્લોરાઇડના સ્તરનું નિરીક્ષણ નિર્ધારિત મર્યાદામાં કરવામાં આવે છે, જ્યારે પૂરતા પ્રમાણમાં મુક્ત ક્લોરિન પાણીજન્ય દૂષણ સામે અસરકારક જીવાણુ નાશકક્રિયા અને રક્ષણ સૂચવે છે. પરીક્ષણ કરાયેલા નમૂનાઓ સંબંધિત અહેવાલોમાં ઉલ્લેખિત નિર્ધારિત મર્યાદામાં હોવાનું જણાયું હતું. માઈક્રોબાયલ દૂષણ શોધવા અને પાણીજન્ય રોગો સામે રક્ષણ સુનિશ્ચિત કરવા માટે બેક્ટેરિયોલોજીકલ પરીક્ષણો પણ હાથ ધરવામાં આવ્યા હતા. NFR નિયમિતપણે પાણીની ટાંકીઓની સફાઈ અને જંતુમુક્તિ કરે છે, તેમજ વોટર કૂલર, પાઈપલાઈન્સ, નળ અને અન્ય પાણી પુરવઠા સુવિધાઓનું વ્યવસ્થિત રીતે નિરીક્ષણ અને જાળવણી કરે છે.

## હમાસ અને હુથીઓ બાળકોને આતંકી બનાવી હથિયારોની તસ્કરી કરાવે છે

નવી દિલ્હી : આતંકી સંગઠનો હુથીઓ અને હમાસને લઇને એક રિપોર્ટમાં મોટો ખુલાસો કરાયો છે. જેમાં જણાવાયું છે કે ગાઝામાં હમાસ હથિયારોની તસ્કરી માટે બાળકોનો ઉપયોગ કરી રહ્યું છે. જ્યારે યમનમાં હુથીઓ પોતાના સંગઠનમાં બાળકોને પણ હથિયારોની તાલીમ આપી રહ્યું છે, બાળકોની ઇચ્છા વિરુદ્ધ ભરતી કરવામાં આવી રહી છે. ઇઝરાયેલના સૈન્ય દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેની સાથે દાવો કર્યો છે કે ગાઝામાં હમાસ હજુ પણ સક્રિય છે અને બાળકો, સગીર વયનાનો ઉપયોગ હથિયારોની તસ્કરીમાં કરી રહ્યું છે. ઇઝરાયેલ સૈન્યએ જાહેર કરેલા નિવેદનમાં દાવો કર્યો છે કે વીડિયોમાં દેખાય છે કે હમાસનો આતંકવાદી એક બાળકના હાથમાં હથિયાર આપી રહ્યો છે, બન્ને જઇ રહ્યા છે. હમાસ બાળકોનો ઉપયોગ હ્યૂમન શીલ્ડ તરીકે કરી રહ્યું છે. આવુ કરીને હમાસ ઇઝરાયેલી સૈન્યના હુમલાથી બચવા માગે છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના ઇઝરાયેલની એક મહિલાનું અપહરણ કરનારા આતંકવાદીને ઇઝરાયેલે ઠાર કર્યો હતો.બીજી તરફ યમનમાં પણ હુથીઓ બાળકોને આતંકવાદી બનાવી રહ્યા હોવાનો માનવ અધિકાર સંસ્થાઓએ દાવો કર્યો છે. સિવિલ સોસાયટી સંગઠનોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે હુથીઓના હુમલાને કારણે આમ નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હુથીઓ રહેણાંકના વિસ્તારોમાં પણ હુમલા કરી રહ્યા છે.હાલમાં બાળકો આ ઘર્ષણનો સૌથી વધુ ભોગ બની રહ્યા છે. બાળકોને યુદ્ધ લડવા માટે હથિયારોની તાલિમ આપવામાં આવી રહી છે. બાળકોની ઇચ્છા વિરુદ્ધ બળજબરીથી તેમની ભરતી કરવામાં આવી રહી છે.

### સડક પહોળા કરવાનો પ્રોજેક્ટ અને મુખ્યમંત્રીની પહેલ

## ઉજ્જૈનમાં રસ્તો પહોળો કરવાના અભિયાન વચ્ચે શાહી મસ્જિદને લઇને વિવાદ, પથ્થરમારા બાદ ટિયર ગેસના શેલ છોડાયા

(એજન્સી) ઉજ્જૈન | તા.28

ઉજ્જૈનમાં સિંહસ્થ-2028 માટે રોડ પહોળા કરવાના પ્રોજેક્ટમાં શાહી મસ્જિદનો ભાગ તોડવા મુદ્દે વિવાદ થયો. પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ થતાં પોલીસે ટીયર ગેસ છોડ્યા. 10 લોકો સામે FIR થઈ, 5ની ધરપકડ થઈ. મુસ્લિમ સમાજે સમજૂતી બાદ મસ્જિદનો ભાગ જાતે જ તોડવાનું શરૂ કર્યું. CM મોહન યાદવે પોતાના ઘરનો ભાગ તોડી પ્રોજેક્ટ શરૂ કરાવ્યો હતો.મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સિંહસ્થ-2028 માટેના રોડ વાઈડનિંગ (સડક પહોળીકરણ) પ્રોજેક્ટના રસ્તામાં આવી રહેલી શાહી મસ્જિદનો એક ભાગ પાડવાની યોજનાને લઈને મોટો વિવાદ થઈ ગયો છે. મસ્જિદ પાસે એકઠા થયેલા લોકોની ભારે ભીડ અને પોલીસ વચ્ચે ઉગ્ર ઝઘડો અને ઘર્ષણ જોવા મળ્યું છે. પથ્થરમારા જેવી ઘટના બાદ સ્થિતિ પર કાબૂ મેળવવા માટે પોલીસે ટિયર ગેસના ગોળા છોડ્યા છે. આ વિસ્તારમાં સુરક્ષા માટે ભારે પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું છે અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચીને પરિસ્થિતિને સંભાળવામાં લાગેલા છે.પોલીસે આ મામલે અત્યાર સુધીમાં 10 લોકો સામે એફઆઈઆર દાખલ કરી હતી જેમાંથી પાંચ તો સોશિયલ મીડિયાના ઈન્ફ્લુએન્સર હોવાની જાણકારી સામે આવી છે. તેમના પર શાંત વાતાવરણને ડહોળવાનો પ્રયાસ કર્યાનો આરોપ લાગ્યો છે. જોકે અન્ય પાંચ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. માહિતી અનુસાર મુસ્લિમ સમાજના લોકોએ જાતે જ મસ્જિદનો હિસ્સો તોડવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. મળતી માહિતી મુજબ, રાત્રે પોલીસ પ્રશાસન સાથે થયેલી સમજૂતી બાદ મુસ્લિમ સમુદાયના લોકો આજે જાતે જ મસ્જિદનો ભાગ હટાવવા માટે તૈયાર થઈ ગયા હતા. પરંતુ બાદમાં તેમણે તેનો વિરોધ કરીને મસ્જિદ હટાવવાનો ઈનકાર કરી દીધો હતો.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે રવિવારે અબ્દાલપુરા સ્થિત પોતાના પિતૃક મકાન પર પોતાના હસ્તે તોડીને સિંહસ્થ-2028 માટેના સડક પહોળીકરણના કામની શરૂઆત કરાવી હતી.

## CEC જ્ઞાનેશ કુમારનું નહીં, 'બોસ'નું રાજીનામું માંગો : અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી : દિલ્હીના પૂર્વ CM અરવિંદ કેજરીવાલે CEC જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષી દેખાવો પર CJPને મહત્ત્વની સલાહ આપી છે. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચના અધિકારીઓએ 'બોસ'ના આદેશથી કામ કર્યું છે, તેથી વારંવાર નાના અધિકારીઓ સામે પ્રદર્શન કરવાને બદલે સીધા PM નરેન્દ્ર મોદીના રાજીનામાની માંગ સાથે આંદોલન કરવું જોઈએ. તેમણે 2 ઑક્ટોબરે CJPના આંદોલનને સમર્થન આપ્યું હતું. દેશના મુખ્ય ચૂંટણી કમિશનરજ્ઞાનેશ કુમાર SIRમાં ગરબડ કરવા




સહિતના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે અને વિપક્ષોએ તેમના વિરુદ્ધ મોરચો ખોલીને રાજીનામાની માંગ કરી રહ્યા છે, એટલું જ નહીં, કોકરોચ જનતા પાર્ટીએ પણ CEC રાજીનામું નહીં આપે તો આંદોલન કરવાની જાહેરાત કરી છે, ત્યારે હવે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે સીઈસીને લઈને સીજેપીને મહત્ત્વની સલાહ આપી છે. અરવિંદ કેજરીવાલે ચૂંટણી પંચની ભૂમિકા સામે મોરચો ખોલતાં કોકરોચ જનતા પાર્ટી(CJP)ને સીધા દેશના વડાપ્રધાનના રાજીનામાની માંગ સાથે આંદોલન કરવાની સલાહ આપી છે. તેમણે જણાવ્યું છે કે, ચૂંટણી પંચના મુખ્ય અધિકારીએ જે કંઈ કર્યું છે તે પોતાના સ્વાર્થ માટે નહીં પરંતુ 'બોસ' આદેશથી કર્યું છે, તેથી વારંવાર નાના અધિકારીઓ સામે દેખાવો કરવાને બદલે સીધા 'બોસ' સામે આંદોલન થવું જોઈએ. કેજરીવાલે સીઈસી વિરુદ્ધ પ્રદર્શનની રણનીતિ પર વાત કરતાં કહ્યું હતું કે, 'હું સીજેપીને એક મેસેજ આપવા માંગુ છું. પહેલા તેમણે કહ્યું કે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું, હવે કહી રહ્યા છે કે, જ્ઞાનેશ કુમારનું રાજીનામું. અરે એક જ વારમાં બોસનું રાજીનામું લઈ લો ને.' ચૂંટણી કમિશનરની ભૂમિકા અંગે આગળ વાત કરતાં અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, 'વારંવાર કેટલી વાર લોકો જંતર-મંતર જશે અને કેટલી વાર આંદોલન કરશે? જ્ઞાનેશ કુમારે પોતાના માટે થોડી ગરબડ કરી, તેને શું મળ્યું? તેણે તો બોસ માટે કર્યું જે કંઈ કર્યું, બોસના કહેવા પર કર્યું. આ આંદોલન જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે નહીં, નરેન્દ્ર મોદીના રાજીનામા માટે હોવું જોઈએ.'

### ભારતમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયા પાસે આવા આશરે 190 વિમાનો છે

## ભારતમાં ઉડતાં 96 જેટલા બોઇંગ 737 મેક્સ વિમાનોમાં સોફ્ટવેર ખામી, કંપનીએ શું કહ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.28

બોઈંગે તેના 737 વિમાનોમાં ગંભીર સોફ્ટવેર ખામી શોધી કાઢી છે, જે લેન્ડિંગના બીજા પ્રયાસ વખતે ઓટોમેટેડ ફ્લાઈટ ગાઈડન્સ સિસ્ટમ બંધ કરી શકે છે. કંપની આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સોફ્ટવેર અપડેટ પર કામ કરી રહી છે. ભારતમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ અને આકાસા એર પાસે કુલ 96 બોઈંગ 737 મેક્સ વિમાનો છે. આકાસાએ જણાવ્યું કે તેમની ફ્લાઈટ્સ સુરક્ષિત રીતે કાર્યરત છે.વિમાન નિર્માતા કંપની બોઈંગે તેના કેટલાક 737 વિમાનોમાં એક ગંભીર સોફ્ટવેર ખામી શોધી કાઢી છે. આ ખામીને કારણે લેન્ડિંગનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ જાય અને ફરી પ્રયાસ કરવામાં આવે ત્યારે ઓટોમેટેડ ફ્લાઈટ ગાઈડન્સ સિસ્ટમ અચાનક બંધ થઈ શકે છે. બોઈંગ આ ટેકનિકલ ખામીના કાયમી ઉકેલ માટે સોફ્ટવેર અપડેટ પર કામ કરી રહ્યું છે.બોઈંગના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે તેમણે ગયા મહિને જ તમામ 737 ઓપરેટરોને આ સમસ્યા વિશે માહિતગાર કર્યા હતા. જ્યાં સુધી



સોફ્ટવેર અપડેટ ન મળે ત્યાં સુધી પાયલટોને સલામત લેન્ડિંગ માટે નિર્ધારીત પ્રક્રિયાઓ અનુસરવા અને મિસ્ડ એપ્રોચ પછી સિસ્ટમને તરત રિસેટ કરવા સાવચેતીના પગલારૂપે એક એડ્વાઈઝરી પણ જારી કરવામાં આવી છે.ભારતમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ અને આકાસા એર મળીને આશરે 96 બોઈંગ 737 મેક્સ વિમાનોનું સંચાલન કરે છે, જેમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ પાસે 53 જ્યારે આકાસા પાસે 43 વિમાનો છે.

## આસામમાં આશુતોષ રાન્કા સહિત 41ની અટકાયતથી દિપકે ભડક્યા

ગુવાહાટી: કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને સંગઠન સાથે જોડાયેલા અન્ય ૪૦ લોકોની આસામ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. કોઈ જ કારણ આપ્યા વગર ગુવાહાટીમાં તેમની અટકાયત કરાતા કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકે ભડક્યા હતા.

કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને તેમના સમર્થકો ગુવાહાટીમાં અન્ય સમર્થકો સાથે બેઠક યોજવા જઇ રહ્યા હતા. જોકે આશુતોષ અન્ય લોકોને મળે તે પહેલા જ પોલીસ તેમને ઉઠાવા ગઇ હતી. કોકરોચ જનતા પાર્ટીના અન્ય ૪૦ જેટલા લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી.

બીજી તરફ અભિજીત દિપકેએ કહ્યું હતું કે સંગઠનના લોકોને બેઠક કરતા રોકવામાં આવી રહ્યા છે. આસામ પોલીસે આશુતોષ રાન્કા અને ટીમના ૪૦ લોકોની અટકાયત કરી છે, તેમને અજાણ્યા સ્થળે લઇ જવામાં આવી રહ્યા છે. ક્યા કારણોસર અટકાયત કરવામાં આવી તેને લઇને હજુસુધી



પોલીસ દ્વારા કોઈ જ સ્પષ્ટતા કરવામાં નથી આવી. જો તેમને છોડવામાં ના આવ્યો તો વધુ મોટી સંખ્યામાં સમર્થકો સાથે આસામ પહોંચીશ તેમ દીપકેએ કહ્યું હતું. આશુતોષ રાન્કાને જ્યારે પોલીસ લઇ જઇ રહી હતી ત્યારે તેમણે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે આસામની સ્કૂલોની સ્થિતિ શું છે તે લોકોને દેખાડીશું તે જાણીને આસામના મુખ્યમંત્રી હેમંત બિસવા સરમા ડરી ગયા તેથી અમને અટકાયતમાં લેવામાં આવ્યા છે.

### કેદારનાથ ટ્રેક પર કુદરતનો પ્રકોપ! 1500 ભક્તોનું રેસ્ક્યૂ

## પહાડો પરથી પથ્થરો વરસતા જોઇ જીવ તાળવે ચોંટ્યા!

(એજન્સી) નવી દિલ્હી | તા.28

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે કેદારનાથ યાત્રા માર્ગ પર ફસાયેલા 1500 શ્રદ્ધાળુઓને સુરક્ષિત રેસ્ક્યૂ કરાયા છે. SDRF, NDRF અને DDRFની ટીમોએ જોખમી ચીડબાસા વિસ્તારમાંથી શ્રદ્ધાળુઓને ગૌરીકુંડ પહોંચાડ્યા. બીજી તરફ, કાલિંદી ટ્રેક પર ફસાયેલા 100થી વધુ ટ્રેકર્સને બચાવવા 8 હેલિકોપ્ટર દ્વારા વિશેષ અભિયાન ચાલી રહ્યું છે, જેમાં અત્યાર સુધી 29 ટ્રેકર્સને બચાવાયા છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને હિમવર્ષાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ કુદરતી આફતના કારણે કેદારનાથ યાત્રા માર્ગ પર અંદાજે 1500 જેટલા શ્રદ્ધાળુઓ ફસાયા હતા, જેમનું સરકાર દ્વારા સફળતાપૂર્વક સુરક્ષિત રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, દુર્ગમ કાલિંદી ટ્રેક પર ફસાયેલા 100થી વધુ ટ્રેકર્સને બચાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.SDRFના જણાવ્યા અનુસાર, રવિવારની મોડી રાત્રે સોનપ્રયાગ પોલીસને સૂચના મળી હતી કે ગૌરીકુંડથી લગભગ 3 કિલોમીટર આગળ ચીડબાસા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રસ્તાની પેલે પાર ફસાયા છે. ચીડબાસા હેલિપેડ પાસે રસ્તા પર ભારે કાટમાળના થર જામી ગયા હતા અને સતત પથ્થરો પડી રહ્યા હોવાથી સ્થિતિ અત્યંત જોખમી બની હતી. આવી જીવન જોખમમાં મૂકનારી પરિસ્થિતિ વચ્ચે SDRF, NDRF અને DDRFની સંયુક્ત ટીમોએ મોર્ચો સંભાળ્યો હતો અને ભારે સાવધાની રાખીને તમામ શ્રદ્ધાળુઓને સલામત રીતે જોખમી ઝોન પાર કરાવી ગૌરીકુંડ સુધી પહોંચાડ્યા હતા. સતત ભારે વરસાદને




કારણે ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા બીજા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે.બીજી બાજુ, ઉત્તરાખંડના દુર્ગમ કાલિંદી ટ્રેક પર ખરાબ હવામાન અને ભારે બરફવર્ષા વચ્ચે 100થી વધુ ટ્રેકર્સ ફસાઈ ગયા છે, જેને બહાર કાઢવા માટે મોટું રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. કુદરતી આફત સચિવ વિનોદ કુમાર સુમન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સવારથી જ 8 હેલિકોપ્ટરોની મદદથી આ રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધી કર્નલ ઓડન બેઝ કેમ્પથી 29 ટ્રેકર્સને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટ્રેકર્સ 23 સપ્ટેમ્બરે આગળ વધ્યા હતા, જ્યારે હવામાન વિભાગ દ્વારા 26 તારીખે જ ખરાબ હવામાનનું એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું. જરૂર પડ્યે ભારતીય વાયુસેનાની મદદ પણ લેવામાં આવશે. આ ઉપરાંત, ઓડેન કોલ ખાતે ફસાયેલા અન્ય 29 ટ્રેકર્સનું પણ હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. રેસ્ક્યૂ કરાયેલા તમામ ટ્રેકર્સને હર્ષિલ હેલિપેડ પર લાવ્યા બાદ પ્રાથમિક સારવાર આપવામાં આવી છે અને હાલ તમામનું સ્વાસ્થ્ય સામાન્ય છે.

### SIR સુનાવણી | ગોવાના 97 મતદારોનો મામલો અને અદાલતના આદેશો

## 'નાગરિકતા નક્કી કરવાનું કામ ચૂંટણી પંચનું નથી...', SIR અંગે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા.28

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું કે, નાગરિકતા નક્કી કરવી એ ચૂંટણી પંચનું કામ નથી. આ અધિકાર માત્ર કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો છે. શુક્રવારે એક કાર્યક્રમમાં તેમણે



સ્પષ્ટ કર્યું કે, સુપ્રીમ કોર્ટે નાગરિકતાના કાયદાની સ્થિતિ અનેક નિર્ણયોમાં સ્પષ્ટ કરી છે. તેમણે ઉમેર્યું કે, મતદાર ભારતીય નાગરિક હોવો અનિવાર્ય છે, પરંતુ કડક શરતો ન લાદવી જોઈએ. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિની નાગરિકતા નક્કી કરવી એ ચૂંટણી પંચનું કામ નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સુપ્રીમ કોર્ટે પોતાના અનેક નિર્ણયોમાં નાગરિકતા સાથે જોડાયેલા કાયદાની સ્થિતિને પહેલેથી જ સ્પષ્ટ કરી દીધી છે. તેમના જણાવ્યા અનુસાર, નાગરિકતા નક્કી કરવાનો અધિકાર માત્ર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ક્ષેત્રાધિકારમાં આવે છે.જસ્ટિસ ધુલિયાએ શુક્રવારે એક કાર્યક્રમમાં આ મહત્વપૂર્ણ વાત કહી હતી. તેમણે જુલાઈ 2025માં બિહારની મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR)ની સુનાવણી દરમિયાન આપવામાં આવેલી તેમની ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું હતું. તે સમયે તેમણે કહ્યું હતું કે નાગરિકતાનો મુદ્દો ચૂંટણી પંચના બદલે ગૃહ મંત્રાલય દ્વારા નક્કી થવો જોઈએ.જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું હતું કે મતદાર માટે ભારતીય નાગરિક હોવું અનિવાર્ય છે, પરંતુ આ પ્રક્રિયામાં ખૂબ વધુ કડક શરતો ન લાદવી જોઈએ. તેમણે ઉલ્લેખ કર્યો કે તે સમયે મારી સમક્ષ આધાર અને વોટર કાર્ડ સ્વીકારવાનો મુદ્દો આવ્યો હતો. કોઈએ SIR પર રોક લગાવવાની માંગ કરી ન હોવાથી મેં રોક લગાવવાનો આદેશ આપ્યો ન હતો.

જસ્ટિસ ધુલિયાને એ અહેવાલ વિશે પણ સવાલ કરાયો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા 10 મહિનામાં ઓછામાં ઓછી 14 વખત ચૂંટણી પંચના નિર્ણયો સામે રેકોર્ડ પર વાંધો નોંધાવ્યો છે. આ અંગે તેમણે કહ્યું કે જો ચૂંટણી પંચના નિર્ણયો માત્ર મુખ્ય ચૂંટણી કમિશનરના સ્તરે જ લેવાતા હોય, તો આ એક ગંભીર મામલો છે. જોકે, આ બાબતે હજુ અત્યારથી કોઈ નિષ્કર્ષ પર પહોંચવું ઉતાવળ ગણાશે કારણ કે સંપૂર્ણ સ્થિતિ હજુ સ્પષ્ટ નથી.ગોવાના 97 મતદારો કે જેના નામ આખરી મતદાર યાદીમાં સામેલ નહોતા થયા, તે અંગે પણ સવાલો પૂછવામાં આવ્યા હતા. આ મામલે ગોવાના મુખ્ય નિર્વાચન અધિકારીએ ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટને પત્ર લખ્યો હતો. જસ્ટિસ ધુલિયાએ સ્પષ્ટ કર્યું કે અદાલતના આદેશની અવમાનના (કન્ટેમ્પ્ટ) ત્યારે જ ગણાય જ્યારે એ સાબિત થાય કે આદેશનું જાણી જોઈને સ્પષ્ટ ઉલ્લંઘન થયું છે. એવું પણ બની શકે કે ચૂંટણી પંચ દ્વારા નિર્દેશો અપાયા હોય, પરંતુ નીચલા સ્તરના કોઈ અધિકારીએ તેનું પાલન ન કર્યું હોય. તેથી આવા મામલાઓમાં અવમાનનાની કાર્યવાહી કરવી સરળ નથી હોતી. જુલાઈ 2025માં જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે બિહારમાં મતદાર યાદીના SIR પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો.

સિટી એક્સપ્રેસ
TUESDAY 29 SEPTEMBER-2026
AHMEDABAD

## રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ : સરદાર સાહેબની ૧૫૧મી જન્મજયંતી

રાજપીપળા | ભારતની એકતા અને અખંડિતતાના પ્રતીક તથા આધુનિક ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એકતા નગર ખાતે *'રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬*ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરવામાં આવશે.

## ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર | મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા-2026નો પ્રારંભ કરાવતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, આ માત્ર સ્પર્ધા નહિ પરંતુ યુવાશક્તિમાં સંસ્કૃતિ પ્રત્યે આદર જગાવીને ચરિત્ય નિર્માણ તથા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન માટેનું સક્ષમ પ્લેટફોર્મ છે.રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આ સ્પર્ધાનું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાના પ્રારંભ અવસરે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા અને સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સ્થાપક વરિષ્ઠ પત્રકાર શ્રી ઉદય માહુરકર પણ જોડાયા હતા.

# એશિયન ગેમ્સ 2026માં ગૂંજ્યું ગુજરાતનું નામ

## રાઈફલ શૂટર ઈલાવેનિલ વાલારીવને શાનદાર પ્રદર્શનથી જીત્યા બે સિલ્વર મેડલ : નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ઈલાવેનિલ વાલારીવનને રૂ. ૧.૩૩ કરોડના ખેલપ્રતિભા પુરસ્કારથી સન્માનિત કરાયા








અમદાવાદ | એશિયન ગેમ્સ ૨૦૨૬માં રાઈફલ શૂટિંગમાં ૨-સિલ્વર મેડલ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતના પ્રતિભાવાન ખેલાડી શ્રી ઈલાવેનિલ વાલારીવને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ખેલપ્રતિભા પુરસ્કાર યોજના અંતર્ગત રૂ. ૧.૩૩ કરોડનો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ઈલાવેનિલ વાલારીવને રાઈફલ શૂટિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિશ્વફલક પર દેશ અને રાજ્યનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં તેમણે 'Women's 10m Air Rifle (Individual)' અને 'Women's 10m Air Rifle (Team)' એમ બંને ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ૨ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. યુવા ખેલાડીને અભિનંદન પાઠવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યની આવી ખેલપ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમને વૈશ્વિક સ્પર્ધાઓ માટે તૈયાર કરવા જરૂરી તમામ તાલીમ-સુવિધાઓ ગુજરાત સરકાર તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે કોઈ દીકરો કે દીકરી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરે છે, ત્યારે તેમાં માત્ર ખેલાડીની મહેનત જ નહીં પરંતુ તેમને સંસ્કારો આપીને આગળ વધારવામાં તેમના માતા-પિતાનું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની DLSS યોજના અંતર્ગત કાર્યરત સંસ્કારધામ સંકુલમાંથી અભ્યાસ કરીને આજે ઈલાવેનિલ વાલારીવને એશિયન ગેમ્સમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે જે આપણા સૌ માટે ગર્વની વાત છે. સંસ્કારધામમાં કેળવણી પામેલા યુવાનો જ્યારે રમતગમતની દુનિયામાં આ પ્રકારે ઈતિહાસ રચે છે, ત્યારે તે રાજ્યના અન્ય હજારો યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બને છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈલાવેનિલ વાલારીવનને ખેલ જગતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખવા માટે ગુજરાત સરકાર દ્વારા શક્તિદૂત યોજના અને ઓલિમ્પિક પ્રોત્સાહન અંતર્ગત કુલ રૂ. ૧.૩૩ કરોડ અને DLSS યોજના તથા ખેલ મહાકુંભ જેવી યોજનાઓ અંતર્ગત રૂ. ૭૪ લાખની સહાય આપવામાં આવી છે. આમ રાજ્ય સરકાર દ્વારા તેમને કુલ રૂ. ૨.૪૧ કરોડની પ્રોત્સાહક રકમથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાત જેની કર્મભૂમિ છે તેવા શૂટર શ્રી ઈલાવેનિલ વાલારીવનની સિદ્ધિઓ માત્ર રાજ્ય જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતી અને ૨૫ વર્ષીય પ્રતિભાશાળી ખેલાડી રાઈફલ શૂટિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કરી રહી છે. ગુજરાત સરકારની 'શક્તિદૂત યોજના' સાથે વર્ષ ૨૦૧૭-૧૮થી જોડાયેલી ઈલાવેનિલ હાલમાં આ યોજના અંતર્ગત 'A' કેટેગરીમાં સ્થાન ધરાવે છે અને રાજ્યના ખેલ જગતમાં એક અગ્રણી ચહેરો બની છે. ઈલાવેનિલની કારકિર્દી અસંખ્ય ઐતિહાસિક સિદ્ધિઓથી ભરેલી છે. તેમણે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. વર્ષ ૨૦૧૯માં રિયો ડી જેનેરો ખાતે યોજાયેલ ISSF વર્લ્ડ કપમાં તેમણે ૨૫૧.૭નો શાનદાર સ્કોર બનાવીને ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે તેની પ્રતિભાની નોંધ લેતા ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં તેને પ્રતિષ્ઠિત 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી. જુનિયર વર્લ્ડ કપ (સુહલ અને સિડની ૨૦૧૮), એશિયન એરગન ચેમ્પિયનશિપ, વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ (ચેંગડુ) તેમજ ૨૦૨૫ મ્યુનિક અને કઝાકિસ્તાન સ્પર્ધાઓમાં તેણે અનેક ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે.

# ગુજરાત યુનિવર્સિટી કેમ્પસની સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ખોરાકમાંથી જીવાત નીકળી



અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં જમવાને લઈને વિવાદ સર્જાયો છે. ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને આપવામાં આવેલા ખોરાકમાંથી જીવાત નીકળતા ભારે વિવાદ સર્જાયો છે. જમ્યા બાદ એક વિદ્યાર્થિનીની તબિયત લથડી જવાથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ખરાબ જીવાતવાળા ખોરાક હોસ્ટેલમાં આપવામાં આવતા અન્ય વિદ્યાર્થિનીઓએ ભારે હોબાળો મચાવ્યો છે.

સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં ન આવતું હોવાનું સામે આવ્યું છે. જેથી 100થી વિદ્યાર્થિનીઓ સમરસ ગર્લ્સ હોસ્ટેલ બહાર ધરણા પર બેસી ગઈ છે. 'વોર્ડન તુમ એક કામ કરો ખુરશી છોડી આરામ કરો' ના નારા સાથે ABVP અને વિદ્યાર્થિનીઓ દ્વારા ભારે હોબાળો કરવામાં આવ્યો છે. તેમજ મેનેજમેન્ટને બહાર બોલાવીને ABVP દ્વારા અને વિદ્યાર્થિનીઓ દ્વારા ધમકાવવામાં આવ્યા છે.

વિદ્યાર્થિની જાનવી ડાભીએ કહ્યું હતું કે, અમારે મેનુ ચેન્જ કરાવું છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી કહીએ છીએ છતાં પણ મેનુ ચેન્જ કરતાં નથી. મારે ઈન્ટર્નશીપ ચાલુ છે તો પણ મને 8.30 વાગ્યા સુધીની પરમિશન આપવામાં આવે છે અને મારે 9 વાગ્યા સુધીની પરમિશન જોઈએ છે પરંતુ તે આપતાં નથી. એવું કહે છે કે તમારી સેફટી માટે અમે પરમિશન નહીં આપીએ. તો શું હવે જમવામાંથી જીવાત નીકળે છે તો તેમાં વિદ્યાર્થિનીઓની સેફ્ટીનું કેમ ધ્યાન રાખવામાં આવતું નથી. જમવામાંથી જીવાત નીકળવી તે વિદ્યાર્થીનીઓની સેફટી નથી માત્ર રાત્રે મોડા ન આવવું તેમાં જ વિદ્યાર્થિનીઓની સેફટી છે.

વિદ્યાર્થિની ભડાણીયા જાનવીએ કહ્યું હતું કે, જમવામાંથી જીવાત નીકળે છે ત્યારે અમે રજૂઆત કરીએ તો વોર્ડન એવો જવાબ આપે છે કે તમે પ્લેટ સાઈડમાં મૂકી દો અને બીજી પ્લેટ લઈ લો. જીવાત નીકળ્યા બાદ પણ બીજી છોકરીઓને ના પાડવામાં આવતી નથી કે તમે આ ખોરાક ખાતા નહીં. જ્યારે બીજી છોકરીઓ બીમાર થશે તો કોની જવાબદારી?

સમરસ હોસ્ટેલમાં સમાજકલ્યાણના અધિકારી ઉર્વશી દેસાઈએ કહ્યું કે, જ્યારે પણ આ પ્રકારની ઘટના બનતી હોય છે ત્યારે અમે એન્જન્સીને જાણ કરીએ છીએ અને તેનું ધ્યાન દોરતા હોઈએ છીએ. અમે એજન્સીને આ બાબતે નોટિસ પણ આપીએ છીએ.



# મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગની સમસ્યા ઉકેલાશે

અમદાવાદ | શહેરમાં પાર્કિંગની સમસ્યા હવે દિન પ્રતિદિન વધી રહી છે ખાસ કરીને નાગરિકો જાહેર પરિવહન સેવા એવી મેટ્રોનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગની વ્યવસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે ગોઠવવામાં આવી છે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના મેટ્રો સ્ટેશન આસપાસ 9 પ્લોટ પાર્કિંગ માટે ફાળવવામાં આવ્યા છે. આ પ્લોટમાં કુલ 5,903 ટુ-વ્હીલર અને 246 ફોર-વ્હીલર માટે પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવશે. વાહન પાર્કિંગ માટે આગામી દિવસોમાં ચાર્જ નક્કી કરવામાં આવી શકે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શોધાયેલા આ 9 પ્લોટ કુલ 36,890 ચોરસ મીટરના વિશાળ ક્ષેત્રફળમાં પથરાયેલા છે. 3 મુખ્ય ઝોન હેઠળ આવરી લેવાયેલા આ પ્લોટ્સમાં કુલ 5,903 ટુ-વ્હીલર અને 246 ફોર-વ્હીલર એકસાથે સરળતાથી પાર્ક થઈ શકે એવી ક્ષમતા ઊભી કરવામાં આવશે. આ વ્યવસ્થા અમલી બનવાથી મેટ્રો સ્ટેશન આસપાસ રોડ પર થતું આડેધડ પાર્કિંગ અટકશે અને ટ્રાફિકની સમસ્યામાંથી પણ મુક્તિ મળશે.

## રાજ્યમાં ૧૧ ઓક્ટોબરના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવાની રહેશે

અમદાવાદ | રાજ્યના શ્રમ નિયામકશ્રી,ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે કે,રાજ્યની ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ ખેરાલુ નગરપાલિકાની ૧ બેઠક, છોટાઉદેપુર નગરપાલિકાની ૧ બેઠક, બાયડ નગરપાલિકાની ૧ બેઠક, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૧ બેઠક, પડધરી તાલુકા પંચાયતની ૧ બેઠક, સતલાસણા તાલુકા પંચાયતની ૧ બેઠક, હારીજ તાલુકા પંચાયતની ૧ બેઠક મળી પ્રસંગોપાત ખાલી પડેલ કુલ- ૭ બેઠકોની પેટા ચૂંટણી તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૬ના રવિવારના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજનાર છે. લોકશાહીના આ પર્વ દરમિયાન જે તે વિસ્તારના ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/ કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.

## નિરમા યુનિ.પાસે NSUIનો વિરોધ, પોલીસ બંદોબસ્ત ખડકાયો

# ત્રણ બસ ભરી કાર્યકર્તાઓની અટકાયત, પ્રોફેસરનો વધુ એક વીડિયો વાઈરલ- 'બાપ હૈ, બાપ હી રહેંગે'

અમદાવાદ | અમદાવાદના એસ.જી હાઈ-વે પર આવેલી નિરમા યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં પ્રોફેસરે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવી કોલર પકડીને ધમકાવ્યો હતો. ત્યાર બાદ વિદ્યાર્થી સંગઠનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ ઘટનાના વિરોધમાં NSUIએ યુનિવર્સિટીનો ઘેરાવ કરી પ્રોફેસરને તાત્કાલિક સસ્પેન્ડ કરવા માંગ કરી છે.

આ વિરોધ પ્રદર્શનને લઈ પીઆઈ, પીએસઆઈ સહિત 50થી વધુ પોલીસ સ્ટાફ તૈનાત કરી દેવાયો હતો. તેમજ NSUIના કાર્યકર્તાઓની અટકાયત કરવા માટે ત્રણ બસ પણ ગેટ આગળ તૈયાર રાખવામાં આવી હતી. આ બધા વચ્ચે વિવાદિત પ્રોફેસર એચ.કે. પટેલનો વધુ એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં તે એવું કહેતા જોવા મળે છે કે, એચ.કે ઈઝ બ્રાન્ડ. 'બાપ હૈ, બાપ હી રહેંગે. જિસકો જો ઉખાડના હૈ વો ઉખાડ લે...

નિરમા યુનિવર્સિટીમાં ગત રવિવારે EI (ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્સ્ટુમેન્ટેન્શન) ના વિદ્યાર્થીઓનો એક ટેક્નોફોરા નામથી કાર્યક્રમ ચાલી રહ્યો હતો, જેમાં સ્ટેન્ડઅપ કોમેડી શો હતો. આ દરમિયાન સ્ટેજ પર HOD અને પ્રોફેસર એચ.કે પટેલ વિદ્યાર્થીઓને સંબોધન કરી રહ્યા હતા. તે દરમિયાન એક વિદ્યાર્થીએ કોમેન્ટ પાસ કરતા કહ્યું હતું કે 'જલ્દી બોલ સુબહ પનવેલ નીકલના હૈ'. આ સાંભળ્યા બાદ પ્રોફેસરે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવ્યો અને તેનો કોલર પકડી ધમકાવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થયો હતો.

આ ઘટના બાદ યુનિવર્સિટી પ્રશાસન દ્વારા તાત્કાલિક એક તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. યુનિવર્સિટી સત્તાધીશોના જણાવ્યા અનુસાર, તપાસ કમિટી સમક્ષ પ્રોફેસર અને વિદ્યાર્થી બંનેએ પોતાની ભૂલ સ્વીકારી પરસ્પર માફી માંગી લીધી હતી અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરાયો હતો. NSUIના ઉપપ્રમુખ વેદાંત તોમરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીને કોલર પકડીને ધમકાવવામાં આવ્યા છે તે એચ.કે. પટેલ નામના પ્રોફેસરને સસ્પેન્ડ કરવામાં આવે તેવી અમારી માંગ છે. જો કાર્યવાહી નહીં કરવામાં આવે તો અમે ભુખ હડતાળ પર બેસીશું. પોલીસ યુનિવર્સિટીનો સાથ આપવાનો પ્રયાસ કરી રહી છે. જો હજુ પણ કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

પ્રોફેસરના રાજીનામાની માંગ સાથે નિરમા યુનિવર્સિટીમાં વિરોધ કરવા જવાનો પ્રયાસ કરવામાં આવતા પોલીસ દ્વારા NSUIના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસ દ્વારા ઢસડી ઢસડીને અને ધક્કા મારી મારીને કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસ દ્વારા NSUIના કાર્યકર્તાઓને ગેટની અંદર જવા દેવાની પરવાનગી આપવામાં ન આવતા દરવાજો કૂદીને અંદર જવા પ્રયાસ કરવામાં આવ્યો.

# અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા 2026' અંતર્ગત રમતગમત પ્રવૃત્તિઓ, સ્વચ્છતા તથા 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અભિયાનનું આયોજન



અમદાવાદ: રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા હી સેવા 2026' અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન તથા જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત 25 અને 26 સપ્ટેમ્બર 2026 દરમિયાન રમતગમતની પ્રવૃત્તિઓના માધ્યમથી સ્વચ્છતા તથા કાર્યક્રમો બાદ સ્વચ્છતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યારે 28 અને 29 સપ્ટેમ્બર 2026ના રોજ 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અંતર્ગત રેલવે સ્ક્રેપના પુનઃઉપયોગ, પ્લાસ્ટિક કચરાના પુનઃચક્રણ તથા અધિકૃત રિસાયકલર્સ સાથે અસરકારક કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.25 અને 26 સપ્ટેમ્બર 2026ના રોજ 'Sports for Swachhta & Post-Event Cleanliness' અંતર્ગત રેલવે રમતગમત સંકુલો તથા રમતના મેદાનોમાં આયોજિત રમતગમતની પ્રવૃત્તિઓને ઝીરો-વેસ્ટ બનાવવાની દિશામાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. રમતગમતના કાર્યક્રમો દરમિયાન ઉત્પન્ન થતા કચરાને ન્યૂનતમ રાખવા તથા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્થળ પર સામૂહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરી પરિસરને સ્વચ્છ રાખવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ માધ્યમથી રમતગમત સાથે સ્વચ્છતા તથા પર્યાવરણીય જવાબદારીને જોડીને સહભાગીઓ અને ઉપસ્થિત લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.અભિયાન અંતર્ગત ગણેશ વિસર્જન જેવા ઉત્સવો બાદ રેલવેની જમીન પર આવેલા જળાશયો તથા તેની આસપાસના વિસ્તારોની સ્વચ્છતા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. જળાશયોની આસપાસ એકત્રિત થયેલા કચરાને દૂર કરવા તથા સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવાની સાથે ફૂલો તથા અન્ય જૈવિક કચરાના કમ્પોસ્ટિંગને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમો બાદ ઉત્પન્ન થતા જૈવિક કચરાનું પર્યાવરણને અનુકૂળ રીતે વ્યવસ્થાપન કરવાનો છે.28 અને 29 સપ્ટેમ્બર 2026ના રોજ 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અભિયાન અંતર્ગત *'કબાડ સે જુગાડ/કબાડ સે કલા'*ની સંકલ્પનાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત રેલવેની બિનઉપયોગી તથા સ્ક્રેપ સામગ્રી, જેમ કે જૂના સિગ્નલિંગ ઉપકરણો, કોચના પાર્ટ્સ તથા અન્ય ધાતુના સ્ક્રેપને રચનાત્મક રીતે ઉપયોગી વસ્તુઓ તથા કલાત્મક કૃતિઓમાં પરિવર્તિત કરવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે.

# જમીન પચાવી પાડવા મૃતક ખેડૂતના નામે બોગસ બાનાખત બનાવ્યું:બોગસ સહીઓ કરી, ચૂંટણી કાર્ડમાં ગરબડ કરી

મહેસાણા | અડાલજ અને નારોલની જમીન પચાવી પાડવાના કારસામાં મૃતક ખેડૂતના નામે બોગસ બાનાખત ઊભું કરી રૂ. 25 લાખ મેળવી લીધા હોવાનો બહાનું બતાવી છેતરપિંડી આચરવા બદલ કલોલના શખ્સ સામે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે રહેતા વિનય ઈશ્વરભાઈ રબારી સામે નંદાસણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે આવેલ મહાદેવવાસમાં રહેતા અને ખેતીકામ કરતા 34 વર્ષીય કનુજી જયંતીજી ઠાકોરે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કનુજીના પિતા જયંતીજી ગુગાજી ઠાકોરનું ગત તા. 16 જાન્યુઆરી 2024ના રોજ અવસાન થયું હતું. પિતાના અવસાન બાદ પરિવારના સભ્યોએ વારસાઈ હકે અડાલજ તેમજ મોજે નારોલ (તા. કડી) ખાતે આવેલી ખાતા નંબર 426 અને સર્વે નંબર 79 વાળી જમીનમાં નિયમ મુજબ પેઢીનામું બનાવી વારસાઈ નામો દાખલ કરાવ્યા હતા. દરમિયાન, કનુજીના પરિવારે પોતાની નારોલ મુકામે આવેલી 1-58-51 હેક્ટર ક્ષેત્રફળ વાળી જમીન વેચવાની કાર્યવાહી હાથ ધરી ટાઈટલ ક્લિયરન્સની પ્રક્રિયા શરૂ કરી હતી. આ સમયે ગત તા. 10 માર્ચ 2026ના રોજ કડીના એડવોકેટ કલ્પેશજી રાજપરા મારફતે તેમને એક લીગલ નોટિસ મળી હતી. આ નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે, કલોલના ઋષિકેશ ફ્લેટમાં રહેતા રબારી વિનય ઈશ્વરભાઈએ તા. 08 માર્ચ 2019ના રોજ અમદાવાદના નોટરી રૂબરૂમાં આ જમીન પૈકી જયંતીજીના ભાગની વગર વહેંચાયેલી 0-39-62 હેક્ટર જમીનનો કબજા વગરનો વેચાણ બાનાખત કરાર કરાવેલો છે અને તેના બદલામાં રૂ. 25,00,000 ટુકડે-ટુકડે રોકડા ચૂકવી આપ્યા છે. લીગલ નોટિસ સાથે જોડાયેલા દસ્તાવેજો અને બાનાખતની ચકાસણી કરતા ફરિયાદીને શંકા ગઈ હતી. તપાસ દરમિયાન પિતા જયંતીજીના ચૂંટણી કાર્ડ (નંબર LPZ2290047)માં 'મકવાણા જયંતીજી' ના બદલે 'મકવાણા જયંતીભાઈ' દર્શાવેલું માલૂમ પડ્યું હતું.